ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2012 / 12147-48, તા. 30-6-2012– થી મંજૂર

# સામાજિક વિજ્ઞાન

## ધોરણ 8

## (દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**

ડૉ. ટી. એસ. જોષી
ડૉ. કે. આર. ઝાંઝરૂકિયા
હરેશ ચૌધરી
ઇકબાલ ડી. વોરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

**કન્વીનર :**

ડૉ. સંજય ત્રિવેદી

**સહ-કન્વીનર :**

એમ. જી. શેખ
રજનીકાન્ત રાવલ
જીભાઈ દેસાઈ
ડૉ. અખિલ ઠાકર

**લેખન-સંપાદન :**

હરજીભાઈ પ્રજાપતિ
નિલેશકુમાર પંડ્યા
રાજેશ સુમેરા
રોહિતકુમાર ત્રિવેદી
પંકજકુમાર પ્રજાપતિ
પરેશ પ્રજાપતિ
તરુણકુમાર કાટબામણા
અંકુર દેસાઈ
પરેશભાઈ દલસાણિયા
યુવરાજસિંહ ગોહિલ
ગુણવંતરાય જોષી
શિલ્પાબહેન મોદી
પૂર્વીબહેન ભાવસાર
હરિભાઈ મનાણી
દક્ષેશકુમાર પ્રજાપતિ
દેવેન્દ્રસિંહ સરવૈયા
ભાવેશ પંડ્યા
નરસિંહભાઈ પ્રજાપતિ

**સમીક્ષા :**

ડૉ. વિકેશ પંડ્યા
દિનેશ શુક્લ
ડૉ. નવનીત જયસ્વાલ
રાજેન્દ્ર મહેતા
નંદાબહેન વ્યાસ

**ચિત્રાંકન :**

રાજેન્દ્ર વસાવા
ગૌતમ રૂયા
વિજય એમ. પટેલ
હિતેષ પટેલ

**નકશા :**

જ્યોતિ ખત્રી

**ટાઈટલ-ડિઝાઈન :**

ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણમાં RTE-2009 તેમજ NCF-2005 અંતર્ગત અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ શિક્ષણ-પ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. આ પરિવર્તન મુખ્યત્વે સાક્ષરી વિષયો અને શિક્ષણ-પ્રક્રિયા વિશેની આપણી સમજ અંગેનું છે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકને અનુભવ, ચિંતન, ઉપયોજન અને નિષ્કર્ષ તારવવાને લગતી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણને અધ્યેતાકેન્દ્રી બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે જૂથમાં અધ્યયન કરે તે જરૂરી છે. એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ થાય તેવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક એ એક સહજ ઉપલબ્ધ અધ્યયન-સામગ્રી છે. પાઠ્યપુસ્તક દ્વારા પ્રવૃત્તિલક્ષી શિક્ષણની બાબત નાવીન્યપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. તે દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા રોચક બનશે.

આ અંગેની સમગ્ર નિર્માણ-પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી - શિક્ષણ તેમજ માન. અગ્રસચિવશ્રી – પ્રાથમિક શિક્ષણ તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસૉર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ કર્યા છે. UNICEFનો સહયોગ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. કોર ગ્રૂપના સભ્યોએ પણ સહયોગ આપ્યો છે.

પ્રથમ અજમાયશ પછી ગુજરાત રાજ્યની તમામ શાળાઓ માટે તૈયાર થયેલાં ધોરણ 6થી 8નાં આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન કર્યો છે, છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**પી. ભારતી** (IAS)
નિયામક
ગુ.રા.શા.પા.મંડળ
ગાંધીનગર

તા.23-12-2019

પ્રથમ આવૃત્તિ : 2012, પુનઃમુદ્રણ : 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019, 2020

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક.

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ધાર્મિક-સામાજિક જાગૃતિ | 1 |
| 2. | પર્યાવરણીય પ્રદૂષણ | 7 |
| 3. | ભારતમાં રાષ્ટ્રવાદ | 13 |
| 4. | સર્વોચ્ચ અદાલત | 25 |
| 5. | ભારતના ક્રાન્તિવીરો | 32 |
| 6. | માનવ-સંસાધન | 39 |
| 7. | મહાત્માના માર્ગ પર - 1 | 52 |
| • | પુનરાવર્તન 1 | 61 |
| 8. | ભારતની સમસ્યાઓ અને ઉપાય | 62 |
| 9. | આપણી અર્થવ્યવસ્થા | 70 |
| 10. | મહાત્માના માર્ગ પર - 2 | 78 |
| 11. | સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.) | 84 |
| 12. | આઝાદી અને ત્યાર પછી... | 94 |
| 13. | સ્વતંત્ર ભારત | 102 |
| 14. | ખંડ-પરિચય : આફ્રિકા અને એશિયા | 109 |
| • | પુનરાવર્તન 2 | 123 |

# 1

# ધાર્મિક-સામાજિક જાગૃતિ

ઓગણીસમી સદીમાં ભારતીય સમાજ અંધશ્રદ્ધા, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, જ્ઞાતિપ્રથા જેવાં અનિષ્ટોની ચુંગાલમાં ફસાયેલો હતો. સંકુચિત અને કૂપમંડૂક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બદતર હતી. બાળકીને 'દૂધપીતી' કરવાનો રિવાજ, સતીપ્રથા, વિધવાવિવાહ-નિષેધ વગેરે જેવા કુરિવાજો વ્યાપેલા હતા. પાશ્ચાત્ય શિક્ષણને કારણે આવાં અનિષ્ટોને દૂર કરવા માટે ઓગણીસમી સદીમાં 'નવજાગૃતિ' આવી તથા સામાજિક અને ધાર્મિક સુધારણાનાં આંદોલનો શરૂ થયાં. આમાં રાજા રામમોહનરાય સૌપ્રથમ હતા.

### રાજા રામમોહનરાય :

રાજા રામમોહનરાયનો જન્મ ઈ.સ. 1772માં બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. રાજા રામમોહનરાયનું લગ્ન બાળપણમાં થયું હતું. વળી, તેમના ભાઈનું અવસાન થતાં તેમનાં ભાભી સતી થયાં. આ ઘટનાએ રાજા રામમોહનરાયને ખૂબ અસર કરી. તેમણે સતીપ્રથા, બાળલગ્ન, જ્ઞાતિપ્રથા, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ વગેરેનો ઉગ્ર વિરોધ કર્યો અને એ માટે આંદોલનો ચલાવ્યાં. તેમણે ઈ.સ. 1821માં બંગાળીમાં 'સંવાદ-કૌમુદી' અને ઈ.સ. 1822માં ફારસી ભાષામાં 'મિરાત-ઉલ-અખબાર' નામનાં સમાચારપત્રો શરૂ કર્યાં હતાં. ઈ.સ. 1828માં 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. રાજા રામમોહનરાયે કોલકાતામાં હિંદુ કૉલેજની સ્થાપના કરી. તેમણે અખબારી- સ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, સ્ત્રી-અધિકાર, વ્યક્તિસ્વાતંત્ર્ય, કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવા જેવી બાબતોની બ્રિટિશ સરકારને ભલામણ કરી.



**1.1 રાજા રામમોહનરાય**

રાજા રામમોહનરાયે સતીપ્રથાના વિરોધમાં ઝુંબેશ ચલાવી હતી. તેના પરિણામે ઈ.સ. 1829માં અંગ્રેજ ગવર્નર વિલિયમ બૅન્ટિકે સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડ્યો. આમ, રાજા રામમોહનરાયે ઓગણીસમી સદીમાં ભારતની નવજાગૃતિ


માટેની સામાજિક, ધાર્મિક અને રાજકીય ચળવળનો પાયો નાખ્યો. દિલ્લીના બાદશાહે પોતાના જાગીરી હક અંગેના કેસ બાબતે રાજા રામમોહનરાયને ઈ.સ. 1830માં ઇંગ્લૅન્ડ મોકલ્યા. ઈ.સ. 1833માં બ્રિસ્ટોલ મુકામે તેમનું અવસાન થયું. બ્રહ્મોસમાજે હિંદુ સમાજની દૃષ્ટિ બદલવામાં અગત્યનો ફાળો આપ્યો. હિંદમાં ધર્મના જડ અને અંધશ્રદ્ધાવાળા વિચારોને દૂર કર્યા.

**વિચારો**

- તમારા ગામમાં તમે કોઈને ત્યાં અંધશ્રદ્ધા કે કુરિવાજો ચાલતા જોશો તો તમે શું કરશો ? ત્યાં જઈને શું વાત કરશો ?
- અંધશ્રદ્ધા અને કુરિવાજો તમે કોને કહેશો ?
- રાજા રામમોહનરાયે અખબારો કેમ શરૂ કર્યાં ?

### દયાનંદ સરસ્વતી :

દયાનંદ સરસ્વતીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી નજીક ટંકારા ગામમાં સનાતન બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમને નાની વયે મૂર્તિપૂજા અને કર્મકાંડની બિનઉપયોગિતા સમજાઈ. તેમણે સત્યની શોધમાં ગૃહત્યાગ કર્યો અને 15 વર્ષ સુધી દેશભરમાં પરિભ્રમણ કરી યોગનો અભ્યાસ કર્યો. સંન્યાસ લઈ મથુરામાં સ્વામી વિરજાનંદ પાસે હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.



**1.2 દયાનંદ સરસ્વતી**

સ્વામી દયાનંદ સરસ્વતીએ વર્ગ અને જ્ઞાતિવિહીન સમાજરચના દ્વારા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રિય દૃષ્ટિએ દેશની એકતા સાધવાનો પ્રયત્ન કર્યો. તેમણે વેદોમાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિનાં દર્શન કર્યા. તેમણે લોકોને **'વેદો તરફ પાછા વળો'**નો બોધ આપ્યો. તેમણે 'સત્યાર્થ-પ્રકાશ' નામના ગ્રંથની રચના કરી. તેમણે જણાવ્યું કે વેદોમાં મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતાનો ઉલ્લેખ થયો નથી. તેમણે એકેશ્વરવાદનો બોધ આપ્યો. તેઓ હિંદી ભાષામાં બોધ આપતા હતા તેથી તેમના વિચારો દેશના લોકો સુધી પહોંચી શક્યા. દયાનંદ સરસ્વતીએ **'આર્યસમાજ'ની સ્થાપના** કરી (ઈ.સ. 1875). લાહોર, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન ને ગુજરાતમાં આર્યસમાજનો ઝડપથી પ્રચાર થયો. તેના પરિણામે ઝડપી સામાજિક પરિવર્તન આવ્યું. આર્યસમાજે ધર્માંતર પામેલા હિંદુઓને હિંદુધર્મમાં પાછા લાવવા માટે 'શુદ્ધિ-ચળવળ' શરૂ કરી, જેને કારણે પરધર્મ સ્વીકાર્યો હોય કે સ્વીકારવાની ફરજ પડી હોય તેવા હિંદુઓને પાછા આવવા માટેના દ્વાર પ્રથમ વાર ખુલ્લાં મુકાયાં.

સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત અને લાલા લજપતરાય જેવા નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. 1902માં હરદ્વાર પાસે **'કાંગડી' ગુરુકુલ** સ્થાપ્યું. આ ઉપરાંત ગુજરાતમાં વડોદરામાં આર્યકન્યા વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું, જેમાં શિસ્ત, શ્રમ, સંયમ અને ચારિત્ર્યના પાઠોનું શિક્ષણ આપવામાં આવતું હતું.

## રામકૃષ્ણ પરમહંસ :



1.3 રામકૃષ્ણ પરમહંસ

રામકૃષ્ણ પરમહંસ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર અને બધા જ ધર્મોના સત્યને પામનાર સંત અને સુધારક હતા. તેમનો જન્મ બંગાળના હુગલી જિલ્લાના કામારપુકૂર ગામમાં થયો હતો. તેમને બાળપણથી જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ હતો. તેઓ કોલકાતા પાસે આવેલા દક્ષિણેશ્વરમાં કાલિમાતાના મંદિરના પૂજારી હતા. તેમણે ઈશ્વરને વિવિધ રૂપે પામવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના શુદ્ધ ચારિત્ર્ય અને જ્ઞાનભક્તિના ઉપદેશથી અનેક લોકો તેમની પાસે આવતા. કેશવચંદ્ર સેન અને દયાનંદ સરસ્વતી જેવા ધાર્મિક અને સામાજિક સુધારકો સાથે તેમની મુલાકાત થઈ હતી. પાશ્ચાત્ય અસરમાં આવેલા લોકોને રામકૃષ્ણ પરમહંસના બોધથી પોતાના ધર્મ અને સંસ્કૃતિમાં પુનઃ શ્રદ્ધા પેદા થઈ.

## સ્વામી વિવેકાનંદ :



1.4 સ્વામી વિવેકાનંદ

નરેન્દ્રનાથ દત્ત (ઈ.સ. 1863-1902) નામના બંગાળી સ્નાતક રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા. રામકૃષ્ણે નરેન્દ્રની જ્ઞાનપિપાસાની તૃપ્તિ કરી. નરેન્દ્ર, રામકૃષ્ણના શિષ્ય બન્યા અને સંન્યાસ ધારણ કરીને સ્વામી વિવેકાનંદ નામ ધારણ કરી, ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી બન્યા.

સ્વામી વિવેકાનંદે લોકોને **દુઃખી માનવોની સેવા** કરવા અને તેમાં જ ઈશ્વરનાં દર્શન કરવાનો બોધ આપ્યો. તેમણે ભારતના યુવાનોમાં ભૂતકાળ પ્રત્યે ગૌરવ અને ભવિષ્ય માટે શ્રદ્ધા જાગૃત કરી. તેમણે ઈ.સ. 1893માં યુનાઈટેડ સ્ટેટ્સના શિકાગોમાં ભરાયેલી અખિલ વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી હતી. તેમાં તેમણે છટાદાર ભાષણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની સમજ આપી હતી. ત્યાર બાદ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ઈજિપ્ત, ચીન, જાપાન વગેરે દેશોમાં પ્રવાસ કરીને ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કર્યો. તેઓ ભારતીય સંસ્કૃતિના પ્રશંસક અને પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. તેમણે ભારતીયોને **'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો'**નું સૂત્ર આપ્યું.

સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1897માં પોતાના ગુરુના નામ પરથી બેલૂરમાં **'રામકૃષ્ણ મિશન મઠ'ની સ્થાપના** કરી. આ મિશને વિવિધ કાર્યો દ્વારા માનવસેવા કરવાનો આદર્શ અપનાવ્યો. રામકૃષ્ણ પરમહંસના જીવનમાંથી પ્રેરણા મેળવી 'જનસેવા એ જ પ્રભુસેવા'ના સૂત્રનો મિશને અમલ કર્યો. દેશમાં શાળાઓ ખોલી શિક્ષણ આપવાનું અને દવાખાનાં દ્વારા સેવાનું કાર્ય કરવામાં આવે છે. આ મિશનની શાખાઓ ભારતમાં અને દેશવિદેશમાં આજે પણ કાર્યરત છે.

## મુસ્લિમ સમાજમાં સુધારાની ચળવળ

ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્તરપ્રદેશમાં રાયબરેલીના સૈયદ અહમદખાન અને બંગાળના શરીઅતુલ્લા જેવા લોકોની આગેવાની હેઠળ મુસલમાનોમાં સામાજિક અને ધાર્મિક જાગૃતિનો આરંભ થયો. તેમણે ધાર્મિક નેતા દિલ્હીના શાહ વલીઉલ્લાહના ઉપદેશમાંથી પ્રેરણા મેળવી હતી. તેઓ માનતા હતા કે ભારતમાં ઈસ્લામધર્મ દૂષિત થવાથી દેશ ઉપર અંગ્રેજોએ શાસન સ્થાપ્યું હતું. તેમણે ઈસ્લામધર્મ અને સંસ્કૃતિને મજબૂત અને શુદ્ધ કરવા **'વહાબી આંદોલન'** ચલાવ્યું.

વહાબી આંદોલન બાદ થોડા મુસલમાનોમાં પાશ્ચાત્ય વિચારોનો પ્રભાવ વધતાં અંગ્રેજી શિક્ષણનું પ્રમાણ વધ્યું. ઉલેમાઓની રૂઢિચુસ્તતાને લીધે મુસલમાનો અંગ્રેજી શિક્ષણ અને આર્થિક તથા સામાજિક લાભોથી વંચિત રહ્યા. તેથી મુસલમાનોમાં શિક્ષિત અને મધ્યમવર્ગનો ઉદય ઠીક ઠીક સમય સુધી થયો નહીં.

સર સૈયદ અહમદખાનનો જન્મ ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેઓ ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે કંપની સરકારની નોકરીમાં હતા અને તે વખતે કંપનીને વફાદાર રહ્યા હતા. ઈ.સ. 1869માં નિવૃત્તિ પછી તેઓ ઇંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયા. તેમણે મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઈને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. તેમણે ઈ.સ. 1870માં 'તહઝિબ-ઉલ-અખલાક' નામનું સામયિક શરૂ કર્યું. ઈ.સ. 1875માં અલીગઢમાં મુસ્લિમ કૉલેજની સ્થાપના કરી, જે 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. તેમણે અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનના ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરી, મુસલમાનોને પાશ્ચાત્ય જ્ઞાનથી પરિચિત કરાવ્યા. તેમણે બુરખાપ્રથા અને બાળલગ્નપ્રથાનો વિરોધ કર્યો અને વિધવાવિવાહ તથા સ્ત્રી કેળવણીની તરફેણ કરી.

### શીખસમાજ :

ઓગણીસમી સદીના સુધારાની અસરે શીખસમાજને પણ પ્રભાવિત કર્યો. ગુરુદ્વારાઓમાં પ્રવેશેલાં દૂષણો દૂર કરવા માટે અને સારી વ્યવસ્થા માટે **'શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ'**ની રચના કરવામાં આવી. શીખોમાં ધાર્મિક શિક્ષણની સાથે પાશ્ચાત્ય કેળવણી આપવા માટે **અમૃતસરમાં 'ખાલસા કૉલેજ'** તથા શાળાઓ સ્થાપવામાં આવી.



1.5 દાદાભાઈ નવરોજી

### પારસી સમાજ :

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સમાજસુધારણા માટે ઈ.સ. 1851માં 'રહનુમા-ઈ-મઝદયરબન સભા'ની સ્થાપના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ **'રાસ્ત ગોફ્તાર'** નામનું મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલનને વેગવંતુ બનાવ્યું. કે. આર. કામા તથા બહેરામજી મલબારીએ પણ ધર્મ અને સમાજસુધારણાનું કાર્ય કર્યું. કામાએ શિક્ષણના પ્રચાર ઉપર અને મલબારીએ સ્ત્રી-ઉન્નતિ પર ભાર મૂક્યો. તેમણે બાળલગ્નનો વિરોધ કર્યો તથા વિધવા-વિવાહને ઉત્તેજન આપ્યું. મલબારીના પ્રયત્નોને લીધે સરકારે ઈ.સ. 1891માં લગ્ન માટે સંમતિ વય ઠરાવતો કાયદો ઘડ્યો હતો.

### જ્યોતિબા ફૂલે :

જ્યોતિબા ફૂલે મહારાષ્ટ્રના જાણીતા સમાજસુધારક હતા. તેમણે સ્ત્રીઓ તથા દલિતોના પ્રશ્નો હાથ ઉપર લીધા. ઈ.સ. 1857માં તેમણે પૂનામાં કન્યાશાળા શરૂ કરી. તેમણે વિધવાઓને પુનર્લગ્ન કરવામાં મદદ કરી. સમાજમાં બ્રાહ્મણોના આધિપત્ય સામે પડકાર ફેંક્યો. લોકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને ઉત્સાહ જગાડવા માટે તેમણે **'સત્ય-શોધક સમાજ'**ની સ્થાપના કરી.



1.6 જ્યોતિબા ફૂલે

> **વિચારો**
>
> તમે જે સમાજમાંથી આવો છો તે સમાજમાં તમને કોઈ અંધશ્રદ્ધા કે કુરિવાજો દેખાય, તો તમે સમાજમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ કરશો ?

**ઠક્કરબાપા :**



1.7 ઠક્કરબાપા

ગાંધીજીએ સ્થાપેલ 'અખિલ હિંદ હરિજન સંઘ'ના મંત્રી તરીકે ઠક્કરબાપાએ વર્ષો સુધી સેવાઓ આપીને હરિજનોના ઉત્કર્ષમાં કીમતી ફાળો આપ્યો. તેમણે કુદરતી આફતો વખતે લોકોને રાહત આપવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું. અમૃતલાલ ઠક્કર ઉર્ફે ઠક્કરબાપાનો જન્મ ભાવનગરમાં ઈ.સ. 1869માં થયો હતો. તેઓ આજીવન કર્મનિષ્ઠ સેવક હતા. તેમણે ઇજનેરીની ડિગ્રી મેળવી હતી. સારા પગારની નોકરી છોડીને ગાંધીજીના પ્રભાવ હેઠળ તેમણે છેવાડાના લોકોની સેવા કરી.

ઠક્કરબાપાએ **'પંચમહાલ ભીલ સેવામંડળ'**ની સ્થાપના કરી અને તેના દ્વારા પંચમહાલના ઊંડાણવાળાં જંગલો તેમજ પહાડી વિસ્તારોમાં વસતા ભીલોના જીવનમાં મોટું પરિવર્તન આણ્યું. ઠક્કરબાપા અને તેમના સાથીદારોએ ભીલોને દારૂ તથા અન્ય બદીઓમાંથી તેમજ કુટેવો અને વહેમોમાંથી મુક્ત કર્યા. ભીલોના બાળકો માટે શાળાઓ ખોલી. તેમને રેંટિયા કાંતતા કર્યા તથા કુટિરઉદ્યોગમાં પણ સામેલ કર્યા.

સમય જતાં લોકોમાં રાષ્ટ્રિય ચેતના વિકસિત બની અને તેઓ સ્વાતંત્ર્ય-ચળવળ તરફ વળ્યા. ગાંધીજીએ અસ્પૃશ્યતા-નિવારણને મહત્ત્વ આપતાં, પછાતવર્ગોની સ્થિતિ સુધારવાના પ્રયાસોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) આઝાદી પહેલાં સમાજમાં કેવા-કેવા કુરિવાજો પ્રચલિત હતા ?

(2) રાજા રામમોહનરાયે બ્રિટિશ સરકારને કઈ-કઈ ભલામણો કરી ?

(3) 'આર્યસમાજ' સમાજ માટે કઈ-કઈ પ્રવૃત્તિઓ કરતો હતો ?

(4) રામકૃષ્ણ મિશન દ્વારા સમાજમાં કયાં-કયાં કામો કરવામાં આવતા હતા ?

(5) ઠક્કરબાપા અને તેમના સાથીદારો કયું કાર્ય કરતા હતા ?

**2. નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) રાજા રામમોહનરાયનો જન્મ .......... ગામમાં થયો હતો.

(2) સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો .......... એ ઘડ્યો.

(3) દયાનંદ સરસ્વતીએ .......... નામના ગ્રંથની રચના કરી.

(4) સ્વામી વિવેકાનંદના ગુરુનું નામ .......... હતું.

(5) 'રાશ્ત ગોફતાર' નામનું સામયિક .......... સંસ્થાએ શરૂ કર્યું હતું.

**3. નીચેનાં પાત્રો વિશે ટૂંકમાં લખો :**

(1) જ્યોતિબા ફૂલે

(2) ઠક્કરબાપા

(3) સ્વામી વિવેકાનંદ

**4. યોગ્ય જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) બ્રહ્મોસમાજ | (1) દયાનંદ સરસ્વતી |
| (2) આર્યસમાજ | (2) ઠક્કરબાપા |
| (3) રામકૃષ્ણ મિશન | (3) સૈયદ અહમદખાન અને શરીઅતુલ્લા |
| (4) વહાબી આંદોલન | (4) સ્વામી વિવેકાનંદ |
| (5) પંચમહાલ ભીલ સેવામંડળ | (5) રાજા રામમોહનરાય |

# 2

# પર્યાવરણીય પ્રદૂષણ




2.1 પ્રદૂષણની સજીવસૃષ્ટિ પર થતી અસરો

વિકાસ માનવીનો અધિકાર છે, એટલે જ્યાં અને જેમાં વિકાસ હોય કે દેખાય તેને વિકસાવવાનો પૂરો અધિકાર છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી, વિજ્ઞાનની શોધો થવાથી યંત્રવિજ્ઞાને વિકાસની મોટી તકો ખોલી આપી છે. આ વિકાસથી માનવજીવનમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે. સર્જનાત્મકતાને યંત્રવિજ્ઞાને એવો વળાંક આપ્યો કે ઉત્પાદનનું સરળીકરણ થવા લાગ્યું. વીજળી, રેલવે, ટેલિફોન, વાહનો, ઉદ્યોગો, ઈલેક્ટ્રૉનિક્સ માધ્યમો વિકાસકથાનાં મહત્ત્વનાં પાત્રો છે.

કુદરતી સ્રોતોના અમર્યાદિત ઉપયોગથી પાણી, હવા અને વનસ્પતિમાં અશુદ્ધિ પેદા થઈ છે. પ્રદૂષણ ફેલાયું છે. તેની માત્રા એટલી છે કે વિકાસને સ્પર્શવાની સાથે પર્યાવરણને પ્રદૂષિત કરી મૂકે એમ છે. આ બેઉને એમના સંદર્ભો સાથે જોવાનો-સમજવાનો પ્રયાસ કરવો અનિવાર્ય છે. આજે ભૂમિ, પાણી, હવા, ધ્વનિ અને અવકાશીય પ્રદૂષણો ખૂબ વધી ગયાં છે. તેની ઘણી વિપરીત અસરો માનવજીવન અને પર્યાવરણ પર થવા લાગી છે. ઉદ્યોગો આવવાથી પર્યાવરણને અસર કરતાં અનેક પ્રકારનાં પ્રદૂષણો વધ્યાં છે, જેમાં હવા, પાણી અને ભૂમિનું પ્રદૂષણ મુખ્ય ગણાય. આ ત્રણેય આપણું જીવન ટકાવી રાખવા માટેનાં મુખ્ય તત્ત્વો છે.



2.2 પાણીનું પ્રદૂષણ

### (1) પાણીનું પ્રદૂષણ (Water Pollution) :

ઉદ્યોગોને પાણી જોઈએ, પ્રક્રિયામાં માલ બનાવવા અને અન્ય હેતુઓ માટે આ પાણી અસ્વચ્છ થઈ જાય, એટલે તેને નકામું ગણી નદી, નાળાં કે ખુલ્લી જમીન પર છોડી મૂકવામાં આવે છે. આ કેમિકલયુક્ત ગંદું પાણી નદીના પાણીને પ્રદૂષિત કરે છે. ઉદ્યોગોને કારણે છોડાયેલું આવું પાણી નદીના જળપ્રવાહને દૂષિત કરી નાખે છે. વળી, જમીન પર ખુલ્લામાં છોડી દેવાયેલું પાણી જમીનમાં ઊતરે છે. આ પાણી ભૂમિગત જળને પણ પ્રદૂષિત કરે છે. આજે શહેરીકરણ ખૂબ મોટા પાયે થયેલું છે. શહેરની ગટરનાં પાણી પણ નદીઓ અને તળાવોમાં છોડી દેવામાં આવે છે. જે પાણીના પ્રદૂષણની મોટી સમસ્યા ઊભી કરે છે. આજે ઔદ્યોગિકીકરણથી વરસાદના પાણી પણ પ્રદૂષિત બન્યાં છે. ઉદ્યોગોનો ધુમાડો, ગંધ, વરસતા પાણી સાથે ભળે છે અને પાણીને પ્રદૂષિત કરે છે.

ઉદ્યોગો અને કારખાનામાં વપરાયેલું ગંદું પાણી નદી, નાળાં અને જમીન પર છોડી મૂકવામાં આવે છે, ત્યારે જળચર પ્રાણીઓ નાશ પામે છે. માછલીઓ મરી જવાના કિસ્સા આપણે ઘણા જોયા છે. તેલગાળણથી સમુદ્રનું પાણી પ્રદૂષિત થાય છે. જળપ્રદૂષણથી કૉલેરા, કમળો અને ઝાડા-ઊલટી જેવા રોગો ફેલાય છે. કદાચ એટલે આજે આપણે ત્યાં મુસાફરીમાં, ઑફિસ કે શાળામાં જતાં બાળકોએ પાણીની બૉટલ રાખવી પડે છે. આપણી ઘણી નદીઓ ગટર સમાન બની ગઈ છે. નદીઓનાં ગંદા પાણી ખેતીકામ માટે વપરાય છે. આને પરિણામે ઉત્પન્ન થતાં પાક, ઘાસચારો, શાકભાજી પ્રદૂષકોથી ભરપૂર હોય છે.

દરેક વર્ગની વ્યક્તિ કે રાજકારણી, ખેડૂત, ઉદ્યોગપતિ, શિક્ષિત વ્યક્તિ, કારીગર કે કર્મચારી પ્રજાના હિત વિરુદ્ધ ચેડાં કરતાં જરા પણ અચકાતા નથી. ઉદ્યોગોના પાણીને શુદ્ધ કરી નદી, નાળામાં છોડવા જોઈએ. સરકારે ઉદ્યોગો ઉપર કડક નિયંત્રણ રાખવું જોઈએ. આપણે પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

**વિચારો**

શાળા/ગામમાં પાણીની જાળવણી માટે શું-શું કરી શકાય ?

### (2) હવાનું પ્રદૂષણ (Air-Pollution)

આજે પાણીની જેમ હવાના પ્રદૂષણે પણ જગતમાં મોટી સમસ્યા ઊભી કરી છે. દરેક શહેરો અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ચોક્કસ પ્રકારના ઉદ્યોગો વિકાસ પામ્યા છે. ઉદ્યોગોમાંથી છોડવામાં આવતાં ગૅસ, ધુમાડો હવામાં

ભળતાં હવાનું પ્રદૂષણ થાય છે. આજે ખનિજતેલનો ઉપયોગ પણ ખૂબ જ વધી ગયો છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતાં વાહનો હવામાં ધુમાડો અને વાયુઓ જેવા કે નાઇટ્રસ ઑક્સાઇડ, કાર્બન મોનૉક્સાઇડ, બેન્ઝોપાયરિન અને કાર્બન ડાયૉક્સાઇડ ભેળવે છે, જેથી હવામાં આવા વાયુઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આજે જંગલો પણ મોટા પ્રમાણમાં કપાવાથી હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. વૃક્ષો અને વનસ્પતિ ઓછી થતાં હવામાં ધૂળના રજકણો ઊડીને ભળે છે. વૃક્ષો ઓછાં થવાથી ઝેરી વાયુ $Co_2$નું પ્રમાણ વધવા લાગ્યું છે, જેને લીધે 'ગ્લોબલ વૉર્મિંગ' જેવી મોટી સમસ્યા ઊભી થઈ છે.



**2.3 હવાનું પ્રદૂષણ દર્શાવતા ચિત્રો**

હવાના પ્રદૂષણથી ફેફસાંની બીમારી, દમ, હાંફણ જેવા રોગો થાય છે. હવામાં ઊડતા ધૂળના રજકણોથી શરદી, ઉધરસ, ખાંસી જેવા રોગો થાય છે. વધુ પડતા પ્રદૂષણથી ગૂંગળાઈને ઘણાં પ્રાણીઓના મૃત્યુ પણ થયા છે. હવાના પ્રદૂષણથી ગરમી વધી રહી છે. કેટલીક વાર આવા વાયુઓ વરસાદ સાથે ભળતાં ઍસિડનો વરસાદ પણ થાય છે, જે વનસ્પતિને અને પ્રાણીઓને ખૂબ મોટું નુકસાન કરે છે.

હવાનું પ્રદૂષણ અટકાવવા ઉદ્યોગો માટે કેટલાક નિયમો બનાવી તેનો ચૂસ્તપણે અમલ કરવો જોઈએ. યોગ્ય પ્રમાણમાં ધુમાડો કે ઝેરી ગૅસ ફિલ્ટર થાય તેવાં સાધનો વિકસાવવાં જોઈએ. 'પર્યાવરણજાગૃતિનાં અભિયાનો' ચલાવવા જોઈએ. કસૂરવાર ઉદ્યોગોને સરકારે કડક થઈ બંધ કરાવવા સુધીનો દંડ કરવો જોઈએ. પેટ્રોલ-ડીઝલનો જરૂર પૂરતો જ ઉપયોગ કરવો જોઈએ. પ્રદૂષણમુક્ત એવા C.N.G. અને P.N.G.નો ઉપયોગ કરવો જોઈએ. વાહનોમાં P.U.C.નો કડક અમલ કરાવવો જોઈએ.

**વિચારો**

શું તમે કોઈ એવું કાર્ય કરો છો, જેથી હવાને પ્રદૂષિત કરતા હો ?

### (3) ભૂમિનું પ્રદૂષણ (Land-Pollution)

ભૂમિનું પ્રદૂષણ સહેલાઈથી નજરે પડે તેમ નથી છતાં આજે વિકસતા વિશ્વમાં ભૂમિનું પ્રદૂષણ ખૂબ મોટા પ્રમાણમાં વધવા પામ્યું છે. વિકસેલા ઉદ્યોગો અને ગટરના પાણી ખુલ્લી જમીન પર છોડી દેવાતાં તે જમીનને બગાડે છે. ઉદ્યોગો કે કારખાનાંવાળા જરૂર હોય તેના કરતાં વધુ જમીન પ્રાપ્ત કરે છે, જે એમના કહેવા પ્રમાણે




**2.4 ભૂમિનું પ્રદૂષણ**

ભવિષ્યના વિકાસ માટે હોય છે. ઉદ્યોગોનો વિકાસ સારી ખેતીલાયક જમીન ઉપર થાય છે, ત્યારે તે જમીનને નુકસાન કરે છે. ઉદ્યોગો પોતાનો નકામો ઘન કચરો જમીનમાં નાખી રાખે છે. આજે પોલિથીલીન (પ્લાસ્ટિક)નો ઉપયોગ ખૂબ મોટા પ્રમાણમાં થવા લાગ્યો છે. **પ્લાસ્ટિક જમીનમાં ભળતું નથી અને જમીન બગાડે છે.** શહેરી કચરો જેમાં ખોખાં, પ્લાસ્ટિક સ્ક્રેપ અને રાસાયણિક પદાર્થો હોય છે, જે ઊડી સારી જમીનો, ખેતરોમાં પડે છે અને જમીન દૂષિત કરે છે. ખેડૂતો દ્વારા વધુ ઊપજ માટે રાસાયણિક ખાતરોનો પણ ખૂબ બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે, જે જમીનને બગાડવામાં અને પર્યાવરણને નુકસાન કરવામાં મોટો ભાગ ભજવે છે.

**વિચારો**

- પ્રદૂષણ એ એક એવી Chain છે, જેને તોડવા માટે તમે પહેલું કયું કામ કરશો ? દા.ત., પ્લાસ્ટિકના કપમાં ચા નહિ પીવી, પાતળા પ્લાસ્ટિકની થેલીઓમાં ખાવાની વસ્તુઓ ન લેવી.
- તમે કેટલાક લોકોને પ્લાસ્ટિક વીણતા જોયા હશે. આ કામ તમને કેવું લાગે છે ?

આજે ઉદ્યોગોનાં અને ગટરોનાં પાણીનો ઉપયોગ ઉપજાઉ જમીનમાં થવાથી તેમાં પાકતાં અનાજ, શાકભાજી દૂષિત હોય છે, જેના લીધે ક્ષય અને હાડકાંના રોગો થાય છે. ઉપજાઉ જમીન ઓછી થતાં અનાજની તંગી સર્જાવાની શક્યતાઓ ઊભી થઈ છે. જમીનમાં તે ઉમેરાતાં પ્લાસ્ટિક અને કારખાનાંઓનાં પાણી સૂક્ષ્મ જીવાણુઓનો નાશ કરે છે. ઉદ્યોગોનો ઘન કચરો પણ સૂક્ષ્મ જીવાણુઓને માટે ઘાતક બની રહ્યો છે. આ જીવાણુઓ જમીનને ઉપજાઉ બનાવે છે; પરંતુ તેના નાશથી જમીન બિનઉપજાઉ બની જાય છે.

આપણે ભૂમિ-પ્રદૂષણને અટકાવી શકીએ તેમ છીએ. આપણે પ્લાસ્ટિક અને કૅમિકલનો ઉપયોગ જરૂર પૂરતો જ કરવો જોઈએ. ઉપજાઉ જમીનમાં ઉદ્યોગો સ્થાપવા ન જોઈએ. પર્યાવરણનું જતન કરવું જોઈએ. રાસાયણિક ખાતરને બદલે જૈવિક ખાતરો, દેશી ખાતરો વાપરવાં જોઈએ. જંતુનાશક દવાઓ ઓછા પ્રમાણમાં ઉપયોગમાં લેવી જોઈએ. નકામા પ્લાસ્ટિક અને ઘન કચરાને બાળીને કે રિસાઇકલ કરી તેનો નાશ કે ફરી વાર ઉપયોગ કરવો જોઈએ. પરંપરાગત સ્ત્રોતોનો ઉપયોગ કરવો જોઈએ. જેમકે **લીલો પડવાસ** નવી ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવો જોઈએ; જે પાણી પણ બચાવે અને પ્રદૂષણ પણ રોકે જેમકે ટપકસિંચાઈ પદ્ધતિ.

### (4) ધ્વનિ (અવાજ)નું પ્રદૂષણ (Noise-Pollution)

વાયુ અને જળ પ્રદૂષણ ઉપરાંત ધ્વનિ (ઘોંઘાટ, અવાજ) પ્રદૂષણ ખૂબ વધી ગયું છે. કારખાનાંઓમાં ચાલતાં યંત્રો, વાહનોના કારણે જે અવાજ થાય છે, તે ઘણો ઊંચો હોય છે, જે અવાજનું પ્રદૂષણ ઊભું કરે છે. આપણી પ્રજા અને સમગ્ર વિશ્વની પ્રજા ઉત્સવપ્રિય છે. આજે સમગ્ર વિશ્વમાં અનેક ઉત્સવો ઊજવાય છે. જેમાં મોટાં લાઉડસ્પીકરો કે પછી બૅન્ડવાજાં-ઢોલ વગેરે વગાડવાથી, ડી.જે. દ્વારાથી ધ્વનિનું પ્રદૂષણ થાય છે. ચૂંટણી કે રમતોમાં વિજય થવાથી મોટા પ્રમાણમાં



**2.5 ધ્વનિ-પ્રદૂષણ**

ફટાકડા ફોડવા, વાજિંત્રો વગાડવાથી ધ્વનિનું પ્રદૂષણ થાય છે. શહેરોમાં બસ, રિક્ષાઓ, દ્વિ-ચક્રીય વાહનો મોટા પ્રમાણમાં છે. અયોગ્ય જગ્યાએ પાર્કિંગ કરવાથી આ વાહનોનો ભરાવો થાય છે, જે ધ્વનિ-પ્રદૂષણ ફેલાવે છે.

ધ્વનિ-પ્રદૂષણથી ઘોંઘાટના કારણે બહેરાશ આવવા ઉપરાંત માનસિક સ્વાસ્થ્ય ઉપર વિપરીત અસર પડે છે. ચીડિયાપણું વધી જાય છે. વધુ પડતા અવાજથી પ્રકૃતિ પર વિપરીત અસર પડે છે. ઘણા કીટકો અને જીવાણુઓ જે આપણને ઉપયોગી છે તે નાશ પામે છે. હૉસ્પિટલ, શાળા કે દવાખાનાં પાસે 'નો-હૉર્ન' કે 'સાઈલન્સ પ્લીઝ' જેવાં ચિહ્નો આપણે મૂકવાં પડે છે, તે ખરેખર ધ્વનિ-પ્રદૂષણની મારકતા દર્શાવે છે.

નાગરિક પોતે જ સમજે એ જ એનો ઉપાય છે. આપણે ઉત્સવો, પ્રસંગો દરમિયાન વધુ પડતાં અવાજ કરતાં વાજિંત્રો વગાડવાં ન જોઈએ. ફટાકડા ન ફોડવા જોઈએ. વાહનો યોગ્ય સમયે સર્વિસ કરાવવા જોઈએ. P.U.C.ના નિયમો ખૂબ કડક બનાવવા જોઈએ. વસ્તીગીચતાને નિયંત્રણમાં રાખવી જોઈએ. ઉદ્યોગોએ અવાજને નિયંત્રિત કરવા વનીકરણ કરવું જોઈએ. વાહનોના અવાજને ઘટાડવા રસ્તાઓની આજુબાજુ વૃક્ષો ઉગાડવાં જોઈએ. રસ્તાઓ પહોળા બનાવવા જોઈએ. વધુ પડતા ટ્રાફિકની સમસ્યા હોય, ત્યાં વન-વે બનાવવા જોઈએ. આપણી સમયસૂચકતા અને સમજદારી જ આપણને પ્રદૂષણથી બચાવી શકશે.

**વિચારો**

તમને કેવો અવાજ ગમે છે ? કેમ ?

પાણી કેટલું અમૂલ્ય છે એ સહુને સમજાય છે. છતાં 'મિનરલ વૉટર' ખરીદતી વખતે આપણે પાણીની કટોકટીને ગંભીરતાથી લેતાં નથી. સવાલ માત્ર પાણીનો જ નથી. ગાંધીજીએ કહેલું કે જળ, જમીન અને જંગલ એ સામુદાયિક સ્રોતો છે. એની ઉપર સૌનો સમાન હક છે. એને 'વેપારની વસ્તુ' બનાવવી નૈતિક ગુનો છે. માનવનિર્મિત સમસ્યાઓમાં પાણીનું પ્રદૂષણ અગ્રસ્થાને છે. એનો ઉત્તર શોધવો આપણી સહિયારી સામૂહિક જનચેતનાની જવાબદારી બની ગઈ છે. આજે પ્રદૂષણ માટે તમામ લોકોએ પોતાની જવાબદારી સમજી તેને સ્વચ્છ અને તંદુરસ્ત બનાવવા યોગ્ય ઉપાયો કરવા જ પડશે.




**2.6 લોકજાગૃતિ માટેનાં સૂત્રો**

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) 'પ્રદૂષણ' એટલે શું ?

(2) મેડિકલ વેસ્ટ કેવી રીતે પ્રદૂષણ ફેલાવે છે ?

(3) શું ઇલેક્ટ્રૉનિક્સ સાધનો કોઈ પ્રકારનું પ્રદૂષણ ફેલાવે છે ? કેવી રીતે ?

(4) તમને કેવું વાતાવરણ ગમે ? કેમ ?

**2. નીચેનાનો તમારા જીવન સાથે શો સંબંધ છે ? લખો :**

(1) ખેતર

___

(2) શાળા

___

(3) રાજ્ય

___

(4) દેશ

___

**3. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) ગટરનું પાણી | (1) ભૂમિનું પ્રદૂષણ |
| (2) દમનો રોગ | (2) ધ્વનિ પ્રદૂષણ |
| (3) રાસાયણિક ખાતરો, દવાઓ | (3) હવાનું પ્રદૂષણ |
| (4) 80 ડેસિબલનો અવાજ | (4) પાણીનું પ્રદૂષણ |

**4. તમારા ગામ કે શહેરમાં કઈ રીતે પ્રદૂષણ થાય છે, તે નોંધો.**

# 3

# ભારતમાં રાષ્ટ્રવાદ

રાષ્ટ્રવાદ એટલે પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મતા અને ગૌરવની ભાવના. જરૂર પડ્યે પોતાના રાષ્ટ્ર પ્રત્યે તન, મન અને ધન ન્યોછાવર કરવા તૈયાર રહેવાની ભાવના. ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિનાં પરિબળો ખાસ કરીને ઈ.સ. 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ બાદ વિકાસ પામ્યાં. આધુનિક રાષ્ટ્રવાદનો સૌપ્રથમ ઉદ્ભવ યુરોપમાં જોવા મળે છે. નવજાગૃતિ, ધર્મસુધારણા, અમેરિકા અને ફ્રાંસની ક્રાંતિઓ, ઈટાલી અને જર્મનીનું એકીકરણ વગેરે પરિબળોએ યુરોપમાં રાષ્ટ્રવાદનો ફેલાવો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી છે. ભારતમાં બ્રિટિશ શાસન હતું. બ્રિટિશરોના સંપર્કને પરિણામે ભારતીયોના રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક દૃષ્ટિકોણમાં ફેરફારો થયા. ભારતમાં આધુનિક રાષ્ટ્રવાદને ઘડનારાં પરિબળો ઊભા થયાં. આપણા દેશમાં આપણું રાજ્ય, એટલે કે ‘સ્વરાજ’ જોઈએ. આ વિચાર દેશના શિક્ષિત તથા બુદ્ધિશાળી લોકોમાં બ્રિટિશ શાસન દરમિયાન ફેલાતો ગયો. દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત થઈ. આવી રાષ્ટ્રવાદની ભાવના પેદા કરનારાં પરિબળોનો આપણે અભ્યાસ કરીશું.

### (1) રાજકીય :

અંગ્રેજોના શાસન પહેલાં આપણા દેશમાં રાજકીય એકતાનો અભાવ હતો. ભારત નાનાં-મોટાં રજવાડાઓમાં વહેંચાયેલું હતું. અંગ્રેજોએ ભારતના ઘણા રાજવીઓને હરાવીને મોટા ભાગના ભારત ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંકુશ સ્થાપી દીધો. અંગ્રેજોના તાબા હેઠળ એકસરખું વહીવટીતંત્ર અમલમાં આવ્યું. અંગ્રેજ શાસનનો અનુભવ એકંદરે સારો ન હતો. આ અને આવાં અનેક કારણોસર અંગ્રેજ શાસન સામેનો વિરોધ ઊભો થયો. ધીરે-ધીરે આ વિરોધ પ્રબળ બનતો ગયો.

### (2) આર્થિક :

અંગ્રેજોની આર્થિક નીતિએ ભારતને પાયમાલ કર્યું. અંગ્રેજો ભારતમાંથી કાચો માલ ઈંગ્લૅન્ડ લઈ જતાં અને ત્યાં ઉત્પાદિત કરેલો તૈયાર માલ ભારતનાં બજારોમાં વેચતાં હતા. ઈંગ્લૅન્ડથી ભારત આવતા તૈયાર માલ પર નજીવી જકાત લેવાતી હતી. જ્યારે હિંદમાં ઉત્પન્ન થતા તૈયાર માલ ઉપર વધુ જકાત લેવાના પરિણામે ભારતમાં ઉત્પન્ન થતો માલ મોંઘો પડતો. જ્યારે ઈંગ્લૅન્ડમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં સસ્તો વેચી શકાતો. આ

હરીફાઈમાં ભારતના હસ્તઉદ્યોગ અને ઉદ્યોગધંધા ટકી શક્યા નહીં. પરિણામે કારીગરવર્ગ બેકાર બન્યો. ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવાની અંગ્રેજનીતિની સામે પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિ વધી.

### (3) વાહન અને સંદેશાવ્યવહાર :

ભારતમાં રેલવે, તાર, ટપાલ, જમીન તથા જળવ્યવહારના માર્ગો લશ્કરી, આર્થિક તથા રાજકીય કારણોસર વિકસાવવામાં આવ્યા હતા; છતાંયે તેનાથી દેશના લોકોને લાભ થયો. આ સાધનોના ઝડપી વિકાસથી વિશાળ દેશના માનવી એકબીજાની નજીક આવ્યા. કારીગર તથા વેપારીવર્ગ ધંધાર્થે એકબીજાના પ્રદેશમાં જવા લાગ્યા. તેમની વચ્ચે વિચારોની આપ-લે વધી. તેમના સંપર્કો વધવાથી જ્ઞાતિ, કોમ અને પ્રદેશના ભેદભાવો ઓછા થયા. રાષ્ટ્રીય નેતાઓ તેમના વિચારો તથા યોજનાઓ પ્રજાના તમામ વર્ગોમાં ફેલાવી શક્યા. **પ્રાદેશિક કક્ષાને બદલે રાષ્ટ્રીય કક્ષાની નેતાગીરી ઊભી થઈ,** જેણે સ્વરાજની સિદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો.

### (4) શિક્ષણ અને સાહિત્ય :

ભારતીય રાષ્ટ્રવાદના ઉદયમાં અંગ્રેજી કેળવણીનો પણ મોટો ફાળો રહ્યો. આ કેળવણીના કારણે પશ્ચિમની વિચારસરણીનાં દ્વાર ઊઘડ્યાં. વિશ્વનું ઘણુંબધું સાહિત્ય અંગ્રેજીમાં હતું. આપણા દેશના લોકો અંગ્રેજી ભાષા શીખ્યા. વિશ્વના પ્રવાહોથી માહિતગાર થયા. આ કારણે અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાંથી લોકશાહીની તથા ફ્રાંસની ક્રાંતિમાંથી સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાની પ્રેરણા મળી. આત્મશ્રદ્ધા વધી અને સૌ ભારતના ઉજ્જવળ ભાવિની કલ્પના કરવા લાગ્યા. દેશની પ્રાદેશિક ભાષાઓમાં નવલકથાઓ, નાટકો, વાર્તાઓ, કાવ્યો અને ગીતો વગેરે લખાયાં. આ સાહિત્યે રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો.

**વિચારો**

અંગ્રેજી કેળવણીથી લાભ થયો કે ગેરલાભ ? કઈ રીતે ?

### (5) વર્તમાનપત્રો :

રાષ્ટ્રીય ચેતના ફેલાવવામાં વર્તમાનપત્રોએ નોંધપાત્ર હિસ્સો આપ્યો. બંગાળા, મુંબઈ, મદ્રાસ તથા બીજા પ્રાંતોમાં પ્રસિદ્ધ થતા અખબારોએ સરકારની નીતિઓની ટીકા કરી લોકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરી.


THE HINDU

Union Carbide chief arrested and released

More deaths in Bhopal

**3.1 વર્તમાનપત્રોનો ફાળો**

**વિચારો**

વર્તમાનપત્રોએ રાષ્ટ્રીય ભાવના કઈ રીતે જાગૃત કરી હતી ?

### (6) ભારતનો ભવ્ય વારસો :

પાશ્ચાત્ય પુરાતત્ત્વવિદ એલેકઝાંડર કનિંગહામ તથા તેના મદદનીશોએ ભારતનાં અનેક પ્રાચીન સ્થળોએ ખોદકામ કર્યાં. ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથાના અનેક અવશેષો શોધી કાઢ્યા. ભગવાનલાલ ઈન્દ્રજી જેવા ભારતીય પુરાતત્ત્વવિદોએ પણ અનેક પુરાણા અવશેષો શોધી ભારતીઓને દેશની સંસ્કૃતિની ભવ્યતાનો ખ્યાલ આપ્યો. પશ્ચિમના વિદ્વાનોએ ભારતીય સાંસ્કૃતિક વારસાને લગતી શોધખોળ કરી. ભારતના વિદ્વાનો પણ જોડાયા. પુસ્તકો પણ લખાયાં. ગૌરવપૂર્ણ સાહિત્ય અને સંશોધનથી દેશવાસીઓની રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત થઈ.

**આટલું જાણો**

પાશ્ચાત્ય વિદ્વાનો મેક્સમૂલર, વિલ્સન, ફર્ગ્યુસન, બુહલર, ફ્લીટ તથા ભારતીય વિદ્વાનો રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ ગો. ભાંડારકર, હરિપ્રસાદ શાસ્ત્રી વગેરેનાં લખાણોએ ભારતનાં વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ગીતા, સ્મૃતિ પુરાણો વગેરેનું મહત્ત્વ લોકોને સમજાવ્યું.

## હિન્દી રાષ્ટ્રીય મહાસભા (ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ)ની સ્થાપના

હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનામાં ઉપરનાં પરિબળો તથા કેટલીક પ્રાદેશિક સંસ્થાઓનો પણ ફાળો હતો. આ સંસ્થાઓએ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાની ભૂમિકા તૈયાર કરી.

**આટલું જાણો**

**હિંદી રાષ્ટ્રીય મહાસભા અગાઉનાં પ્રાદેશિક સંગઠનો :**


- બંગાળ બ્રિટિશ ઇન્ડિયન સોસાયટી - કોલકાતા (કલકત્તા)
- મદ્રાસ નેટિવ સભા - ચેન્નાઈ (મદ્રાસ)
- ઈન્ડિયન એસોસિયેશન - કોલકાતા
- બૉમ્બે એસોસિયેશન - મુંબઈ
- સાર્વજનિક સભા - પૂણે



3.2 એ.ઓ.હ્યુમ

સર એલન ઑક્ટેવિયન હ્યુમ (એ. ઓ. હ્યુમ) નામના નિવૃત્ત અંગ્રેજ અધિકારીને ખાતરી થઈ ચૂકી હતી કે બ્રિટિશ સામ્રાજ્ય ઉપરથી દેખાય એટલું સલામત નથી. તેઓ માનતા કે જનતામાં ફેલાયેલ અસંતોષને ઘટાડવામાં નહીં આવે, તો 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ જેવી ઘટના ફરીથી પણ બને. આ જનઆક્રોશ રોકવા તેમણે બંધારણીય સંસ્થા સ્થાપવાનું વિચાર્યું. તત્કાલીન વાઈસરૉય ડફરીનને સમજાવ્યા. નિવૃત્ત અધિકારીના વિચારને વાઈસરૉયનો પણ ટેકો મળ્યો.

એ. ઓ. હ્યુમના પ્રયત્નોથી ડિસેમ્બર, 1885માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કરવામાં આવી. મુંબઈની ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં 28મી ડિસેમ્બર, 1885ના રોજ વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે તેનું પ્રથમ અધિવેશન મળ્યું. તેમાં ભારતના જુદા-જુદા પ્રદેશોમાંથી 72 પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેમાં દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા, બદરૂદ્દીન તૈયબજી, કે. ટી. તેલંગ, દિનશા વાચ્છા વગેરે મુખ્ય આગેવાનો હતા. દેશની અનેક સમસ્યાઓ પર ચર્ચાવિચારણા થઈ.



**3.3 વ્યોમેશચંદ્ર બેનરજી**



**3.4 હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ) પ્રથમ અધિવેશન, મુંબઈ - 1885**

**આટલું જાણો**

| અધિવેશન | સ્થળ | પ્રમુખ | વર્ષ | સભ્ય |
|---|---|---|---|---|
| બીજું | કોલકાતા | દાદાભાઈ નવરોજી | 1886 | 432 |
| ત્રીજું | મદ્રાસ | બદરૂદ્દીન તૈયબજી | 1887 | 607 |

## મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી (1885-1905)

મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી બંધારણીય હતી. મહાસભાએ સરકાર સમક્ષ રાજકીય હકો, આર્થિક અને સામાજિક વિકાસ અને શૈક્ષણિક પ્રગતિ માટે કરેલી માંગણીઓને અંગ્રેજ સરકારે અવગણી હતી. આ માંગણીઓએ ભવિષ્યની લડત માટે મજબૂત પાયો નાખ્યો હતો. સરકારી નોકરીઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં લેવા, લશ્કરી અને મુલકી ખાતાંઓમાં થતો ખર્ચ ઘટાડવો, ખેડૂતોને દેવામાં રાહત આપવી, ગૃહઉદ્યોગોને સજીવન કરવા વગેરે માગણીઓ કરવામાં આવતી.

મહાસભા દ્વારા કેન્દ્રિય તેમજ પ્રાંતિક ધારાગૃહોનો વિસ્તાર કરીને તેમાં 50 ટકા સભ્યો ચૂંટાયેલા રાખવા તથા કારોબારીને શક્ય તેટલી હદે ધારાસભાને જવાબદાર બનાવવી - જેવા ઠરાવ પણ પસાર કરવામાં આવ્યા હતા. મહાસભાની રજૂઆતને લીધે સરકારે અખબારો પરનાં નિયંત્રણો દૂર કરી વ્યક્તિસ્વાતંત્ર્ય તથા વાણીસ્વાતંત્ર્ય આપતા કાયદાઓ પસાર કર્યા હતા. મહાસભાએ શિક્ષિતવર્ગમાં રાષ્ટ્રીય ચેતના જગાવીને તેને રાજકીય તાલીમ આપી. તેનાથી ભવિષ્યનાં સ્વાતંત્ર્યસંગ્રામો માટે યોગ્ય નેતાઓ મળ્યા.

**પ્રવૃત્તિ**

કોઈ પણ સામાજિક સંસ્થાની મુલાકાત લઈ તેની કાર્યપદ્ધતિ વિશે જાણો.

### ‘ભાગલા પાડો અને રાજ કરો’ (ડિવાઈડ ઍન્ડ રૂલ) :

હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપનાની શરૂઆતમાં અંગ્રેજ શાસકો તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા, પરંતુ થોડા સમયમાં જ તેઓ વિરોધી બન્યા. કૉંગ્રેસના અધિવેશનમાં શરૂમાં સરકારી અધિકારીઓ હાજર રહેતા. પાછળથી સરકારે તેમને કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા પર પ્રતિબંધ મૂક્યો. ગવર્નર જનરલ કર્ઝને રાષ્ટ્રીયતા વિરોધી કેટલાંક પગલાં ભર્યાં અને ભારતના લોકમતની અવગણના કરી. તેણે ‘ભાગલા પાડો અને રાજ કરો’ની નીતિ અપનાવીને બંગાળાનું ઈ.સ. 1905માં વાઈસરૉય કર્ઝને વિભાજન કર્યું.

### બંગાળાના ભાગલા (1905) :

બંગાળા બ્રિટિશ હિંદનો સૌથી મોટો પ્રાંત હતો. તેમાં બિહાર અને ઓરિસ્સાના કેટલાક પ્રદેશોનો સમાવેશ થતો. તેની વસ્તી 7 કરોડ 80 લાખથી વધુ હતી. આટલા મોટા પ્રાંતનો વહીવટ કરવાનું મુશ્કેલ હોવાથી તેનું વિભાજન કરવું જરૂરી હતું. આમ છતાં તે પ્રાંતમાંથી બિહાર અને ઓરિસ્સાના પ્રદેશ અલગ કરવાને બદલે મુસ્લિમ બહુમતીવાળા પૂર્વ બંગાળાને તેમાંથી અલગ કરવામાં આવ્યું. બંગાળા તે સમયે સૌથી વધુ જાગૃત પ્રાંત હતો. વાઈસરૉય કર્ઝન મુસ્લિમ બહુમતીને અલગ કરી હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોમવાદ ઊભો કરીને વધતી જતી રાજકીય જાગૃતિને નબળી પાડવા માગતો હતો. રાષ્ટ્રીય નેતાઓ અને લોકો સરકારનો ઈરાદો સમજી ગયા અને તેઓએ આ યોજનાનો ઉગ્ર વિરોધ કર્યો.

**વિચારો**

બંગાળાના ભાગલાથી કઈ-કઈ બાબતે નુકસાન થઈ શકે તેમ હતું ?

### બંગભંગનું આંદોલન :

બંગાળાની એકતાને તોડનારા આ ભાગલાનો વિરોધ કરવા બંગાળામાં જાહેર-સભાઓ અને સરઘસોના કાર્યક્રમો થયા. અસંખ્ય પત્રિકાઓ વહેંચાઈ. આ આંદોલનમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'આનંદમઠ' નવલકથાનું 'વંદેમાતરમ્' ગીત લડાઈનો નારો બની ગયું. આખા દેશમાં રાષ્ટ્રીય ભાવનાનું અભૂતપૂર્વ મોજું ફરી વળ્યું.

જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો, તે દિવસ બંગાળામાં 'શોકદિન' તરીકે ઊજવવામાં આવ્યો. આખા પ્રદેશમાં હડતાળ પાડવામાં આવી. રવીન્દ્રનાથ ઠાકુર(ટાગોર)ના સૂચનથી તે દિવસને 'એકતાદિન' તરીકે પણ ઊજવવામાં આવ્યો.



**3.5 બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય**

### સ્વદેશી આંદોલન :

બંગભંગની લડતને ઉગ્ર અને વ્યાપક બનાવવાનું નક્કી થયું. આ ચળવળનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : (1) સ્વદેશી માલનો વેપાર કરવો (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો (3) રાષ્ટ્રીય શિક્ષણ લેવું.

આ ઉદ્દેશોને હાંસલ કરવા બંગાળના લોકોએ વ્યાપક લડત ચલાવી. એક લડતસમિતિની રચના કરવામાં આવી. તેમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ અને અરવિંદ ઘોષ જેવા કૉંગ્રેસના આગળ પડતા નેતા હતા. વિદેશી કાપડ અને અન્ય ચીજવસ્તુનો બહિષ્કાર કરી સ્વદેશી માલ વાપરવા લોકોને આગ્રહ કરવામાં આવ્યો. સ્વદેશી માલના ફાયદા સમજાવવામાં આવ્યા. વર્તમાનપત્રોનાં લખાણો, સરઘસો, જાહેરસભાઓ અને લોકગીતો દ્વારા સ્વદેશીનો પ્રચાર કરવામાં આવ્યો. સ્વદેશી માલ બનાવનારાં કારખાનાં શરૂ થયા. ઇંગ્લૅન્ડથી આયાત થતા કાપડ, મીઠું, ખાંડ, બૂટ, સિગારેટ, તમાકુ વગેરેની આયાતો ઘટી અને ભારતમાં બનેલા કાપડ અને અન્ય ચીજવસ્તુનું વેચાણ વધ્યું. સ્વદેશી ચળવળ બંગાળા ઉપરાંત હિંદના અન્ય પ્રાંતોમાં પણ ફેલાઈ.

**પ્રવૃત્તિ**

(1) ધારો કે તમે ઈ.સ. 1905ના સમયના વિદ્યાર્થી છો. દેશમાં સ્વદેશીની ચળવળ ચાલે છે. આ ચળવળમાં લોકોને જોડાવા આહ્‌વાન કરતાં પોસ્ટર બનાવો.

(2) હાલ તમારી આસપાસ જોવા મળતી ચીજવસ્તુઓમાંથી સ્વદેશી અને વિદેશી ચીજવસ્તુઓની યાદી બનાવો.

### રાષ્ટ્રીય શિક્ષણ :

સ્વદેશી અને બહિષ્કાર સાથે સંકળાયેલું 1905ના આંદોલનનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ રાષ્ટ્રીય શિક્ષણનું હતું. બંગભંગની ચળવળમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી વિદ્યાર્થીઓને સામૂહિક દંડ કરવાથી માંડીને તેમને શાળા-કૉલેજમાંથી કમી (બરતરફ) કરવા સુધીનાં પગલાં ભરવામાં આવ્યાં, પરિણામે વૈકલ્પિક શિક્ષણ તરીકે રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરવામાં આવી. બંગાળામાં ઈ.સ. 1907માં 25 રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ હતી. રવીન્દ્રનાથ ઠાકુરે ઈ.સ. 1901 માં શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાલય શરૂ કરી. અંગ્રેજ સરકાર બંગભંગની લડતને તોડી પાડવામાં નિષ્ફળ રહી. છેવટે ઈ.સ. 1911માં અંગ્રેજ સરકારને બંગાળાના ભાગલા રદ કરવાની ફરજ પડી. બંગાળની પ્રજાનો શાંત અને અહિંસક માર્ગે મેળવેલો આ એક યાદગાર અને ઐતિહાસિક વિજય હતો.

### આટલું જાણો

રવીન્દ્રનાથ ઠાકુરે શાંતિનિકેતનમાં શરૂ કરેલી વિશ્વભારતી વિદ્યાલયને ઈ.સ. 1951માં કેન્દ્રિય વિશ્વભારતી વિશ્વવિદ્યાલયનો દરજ્જો મળ્યો. જ્યાં વિદ્યાર્થીઓને સ્વાવલંબી અને જીવનવ્યવહારના પાઠ શીખવવામાં આવે છે.

### જહાલવાદનો ઉદય :

દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા વગેરે નેતાઓ બંધારણીય માર્ગે રાજકીય હકો મેળવવા પ્રયત્ન કરતા હતા. તેઓએ તેમના સમય પ્રમાણે **મવાળ (નરમ) વલણ** અપનાવ્યું હોવાથી 'મવાળવાદી' તરીકે ઓળખાયા. મવાળવાદી નેતાઓએ હિંદના સુશિક્ષિત મધ્યમવર્ગને સંગઠિત કરી મજબૂત રાષ્ટ્રીય ચેતના માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી. તેમણે સ્વશાસન, સમાનતા, લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોનું ભારતીય પ્રજામાં બીજારોપણ કરવાનું કાર્ય કર્યું. તેમની કામગીરીના પરિણામસ્વરૂપ જાગૃત થયેલો હિંદનો યુવાવર્ગ ઉત્સાહી, આક્રમક અને આત્મવિશ્વાસથી સભર હતો. તેમને હવે મવાળ નીતિને બદલે આક્રમક નીતિ અખત્યાર કરવાની જરૂરિયાત લાગી.


3.6 દાદાભાઈ નવરોજી


3.7 સુરેન્દ્રનાથ બેનરજી


3.8 ગોપાલકૃષ્ણ ગોખલે

મવાળવાદી નેતાઓ

મવાળવાદી નેતાઓના મતની વિરુદ્ધ 'લાલ, બાલ અને પાલ'ની ત્રિપુટીથી ઓળખાતા લાલા લજપતરાય (પંજાબ), બાળ ગંગાધર ટિળક (મહારાષ્ટ્ર) અને બિપિનચંદ્ર પાલ (બંગાળ) જેવા નેતાઓ સ્વરાજને ઈનામ તરીકે નહીં, પણ હકથી મેળવવા માગતા હતા. તેઓ સક્રિય આંદોલનમાં માનનાર ઉગ્ર વલણના હોવાથી 'જહાલવાદી' કહેવાયા.

### જહાલવાદી નેતાઓ

#### લોકમાન્ય ટિળક (1856-1920) :


3.9 લોકમાન્ય ટિળક

લોકમાન્ય ટિળક તરીકે પ્રસિદ્ધ થયેલા બાળગંગાધર ટિળક જહાલવાદના મુખ્ય નેતા હતા. તેમણે એક મંત્ર આપ્યો 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીને જ જંપીશ.' તેમણે 'ગણેશચતુર્થી' અને 'શિવાજીજયંતી' ઉત્સવો ઊજવવાનું શરૂ કર્યું. તેમણે મરાઠી ભાષામાં 'કેસરી' અને અંગ્રેજી ભાષામાં 'મરાઠા' નામનાં બે વર્તમાનપત્રો શરૂ કર્યાં. તેની ખૂબ સારી અસર થઈ. ઈ.સ. 1916માં 'હોમરૂલ ચળવળ'માં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી.

**વિચારો**

લોકમાન્ય ટિળકે 'ગણેશચતુર્થી' અને 'શિવાજીજયંતી' ઊજવવાનું શા માટે શરૂ કર્યું ?

## લાલા લજપતરાય (1856-1928) :



3.10 લાલા લજપતરાય

લાલા લજપતરાય શેર-એ-પંજાબ તરીકે જાણીતા બન્યા હતા. તેમણે 'ધી પંજાબી' અને 'ધી પ્યુપિલ' જેવાં વર્તમાનપત્રો શરૂ કર્યાં હતાં. ઈ.સ. 1928માં તેમણે સાયમન કમિશનનો વિરોધ કર્યો હતો. પોલીસની લાઠીઓના પ્રહાર થયા, ત્યારે તેમણે કહ્યું હતું, 'મારા ઉપર કરેલા લાઠીના એકએક પ્રહાર બ્રિટિશ સામ્રાજ્યના કફનની ખાઈ બની રહેશે.' તેમને દવાખાનામાં દાખલ કરવા પડ્યા. ત્યાં તેમનું અવસાન થયું.

## બિપિનચંદ્ર પાલ (1858-1932) :



3.11 બિપિનચંદ્ર પાલ

લાલ, બાલ અને પાલની ત્રિપુટીના ત્રીજા બંગાળી નેતા બિપિનચંદ્ર પાલ હતા. શરૂઆતમાં તેઓ બ્રહ્મોસમાજના સંપર્કમાં આવ્યા હતા. તેમણે 'ન્યૂ ઈન્ડિયા' સાપ્તાહિક અને 'વંદેમાતરમ્' વર્તમાનપત્ર શરૂ કર્યું હતું. અંગ્રેજ સરકારે યુવાનોને હિંસક માર્ગે ઉશ્કેરવાનો તેમના પર આરોપ મૂક્યો હતો. તેઓ પ્રચંડ લોકઆંદોલન દ્વારા સ્વરાજ પ્રાપ્ત કરવાના હિમાયતી હતા.

## મુસ્લિમ લીગની સ્થાપના (1906) :

અંગ્રેજોએ ભારતમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી હતી. ભારતમાં ઉગ્ર રાષ્ટ્રવાદ ઝડપથી ફેલાતો હતો, ત્યારે અંગ્રેજોએ રાષ્ટ્રીય ચેતનાને તોડવાનો પ્રયત્ન કર્યો. ભારતમાં મુસ્લિમોના એક જૂથને સમજાવવામાં અંગ્રેજો સફળ રહ્યા. પરિણામે ઈ.સ. 1906માં ઢાકામાં 'મુસ્લિમ લીગ'ની સ્થાપના થઈ. આ સંસ્થાની સ્થાપનામાં મુસ્લિમોના ધાર્મિક વડા આગાખાન, ઢાકાના નવાબ સલીમુલ્લાખાં, વાઈસરૉય મિન્ટો અને તેના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## હોમરૂલ આંદોલન (1916) :



3.12 ઍની બેસન્ટ

એપ્રિલ, 1916માં બાળગંગાધર ટિળકે પૂનામાં 'ઈન્ડિયન હોમરૂલ લીગ'ની સ્થાપના કરી. ટિળકે જાહેર કર્યું કે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીને જ જંપીશ.' ટિળકે 'કેસરી' અને 'મરાઠા' અખબારમાં લેખો લખ્યા. ભાષણો આપ્યાં અને લોકમત મેળવ્યો. આ સમય દરમિયાન ટિળકને 'લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા. ઍની બેસન્ટે મદ્રાસમાં સપ્ટેમ્બર, 1916માં 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી.આ બંને સંસ્થાઓનો હેતુ બંધારણીય માર્ગે હોમરૂલ(જવાબદાર રાજ્યતંત્ર) મેળવવાનો હતો. ઍની બેસન્ટે તેમના સાપ્તાહિક 'ધી કૉમનવીલ' અને દૈનિક 'ન્યુ

ઇન્ડિયા'માં લેખો લખ્યા. ઍની બેસન્ટે બ્રિટિશ સરકારને હિન્દને 'જવાબદાર રાજ્યતંત્ર' અને 'ગૃહસ્વરાજ્ય' વહેલી તકે આપવા અનુરોધ કર્યો. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે હોમરૂલ આંદોલનને ટેકો આપ્યો. અંગ્રેજ સરકાર ઍની બેસન્ટની ચળવળથી ચોંકી ઊઠી. મદ્રાસ સરકારે ઍની બેસન્ટની ધરપકડ કરી. તેમને ઉટાકામંડમાં નજરકેદ રાખવામાં આવ્યાં. ઍની બેસન્ટને મુક્ત કરાવવા દેશમાં સભાઓ અને સરઘસો દ્વારા ઠેરઠેર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. છેવટે અંગ્રેજ સરકારને તેમને છોડી દેવાની ફરજ પડી.

**આટલું જાણો**

ઍની બેસન્ટને ડિસેમ્બર, 1917માં કોલકાતા મુકામે ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં સૌપ્રથમ મહિલા પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

### લખનૌ કરાર (1916) :

ઈ.સ. 1915માં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે એક સાથે મુંબઈમાં અધિવેશન ભર્યું. એક વર્ષ પછી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે તેમનાં વાર્ષિક અધિવેશન એકસાથે લખનૌમાં રાખ્યાં. લખનૌમાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં લોકમાન્ય ટિળકે હાજરી આપી. ઈ.સ. 1907માં સુરત કૉંગ્રેસ અધિવેશનમાં મવાળવાદી તથા જહાલવાદી જૂથ અલગ પડ્યાં હતાં. તે હવે એક થઈ ગયાં. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓએ ઈ.સ. 1916માં લખનૌ મુકામે સમજૂતી કરીને કરાર કર્યો. તે 'લખનૌકરાર' તરીકે જાણીતો થયો. આ કરારથી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે રાજકીય પક્ષો તરીકે રાષ્ટ્રના હિતને મહત્ત્વ આપ્યું, તેથી સ્વરાજ માટેની લડતને બળ મળ્યું.

## સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

સુભાષચંદ્ર બોઝનો જન્મ 23મી જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક મુકામે થયો હતો. તેમની માતાનું નામ પ્રભાવતી અને પિતાનું નામ જાનકીનાથ બોઝ હતું. બાળપણથી જ તેઓ તીવ્ર બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. ઈ.સ. 1920માં લંડનમાં આઇ.સી.એસ.ની પરીક્ષામાં ચોથા નંબરે પાસ થયા. ભારતમાં આવ્યા પછી હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)માં જોડાયા. દેશની સ્વાતંત્ર્ય-ચળવળોમાં ભાગ લીધો. અગિયાર વખત રાજકીય કેદી તરીકે પકડાયા. ઈ.સ. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સુભાષચંદ્ર બોઝ કૉંગ્રેસના પ્રમુખ બન્યા. ત્યાર બાદ ઈ.સ. 1939માં ત્રિપુરામાં મળેલ કૉંગ્રેસ અધિવેશનમાં બીજી વાર પ્રમુખ બન્યા. કેટલાક મતભેદોને કારણે તેમણે પ્રમુખપદેથી રાજીનામું આપ્યું.



3.13 સુભાષચંદ્ર બોઝ

મે, 1939માં સુભાષચંદ્ર બોઝે **ફૉરવર્ડ બ્લૉક** નામના નવા રાજકીય પક્ષની રચના કરી. યુરોપમાં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. ફૉરવર્ડ બ્લૉકે યુદ્ધવિરોધી પ્રચાર શરૂ કર્યો. સુભાષચંદ્ર અને તેમના સાથીઓને સરકારે જેલમાં પૂર્યા. સુભાષચંદ્ર બોઝ ઉપવાસ પર ઊતર્યા. તેમની તબિયત લથડતાં સરકારે જેલમાંથી મુક્ત કર્યા. તેમના જ મકાનમાં નજરકેદ રાખ્યા.

17મી જાન્યુઆરી, 1941ના રોજ મધ્યરાત્રિએ સુભાષચંદ્ર બોઝ અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટક્યા. તેઓ વેશપરિવર્તન કરી પેશાવર, કાબૂલ અને

મૉસ્કો થઈ બર્લિન ગયા. બર્લિન પહોંચી રેડિયો પરથી પ્રવચન આપતાં અંગ્રેજ સરકાર ચોંકી ઊઠી. ત્યાંથી તેઓ સુમાત્રા થઈને જાપાન ગયા.

**આટલું જાણો**

જર્મની તથા જાપાન અંગ્રેજોના દુશ્મન દેશો હતા. આ સંજોગોનો લાભ લઈ સુભાષચંદ્ર બોઝે જર્મનીના વડા હિટલર તથા જાપાનના વડાપ્રધાન ટોજો સાથે વાતચીત ચલાવેલી. જાપાન વધુ મદદરૂપ થઈ શકે તેમ છે, તેમ વિચારી તેમણે એશિયાઈ દેશમાંથી લડત આપવાનો નિર્ણય કર્યો.

### આઝાદ હિંદ ફોજના સુકાની પદે :

બ્રિટિશ લશ્કરના ભારતીય અમલદાર **કૅપ્ટન મોહનસિંગે** જાપાનને શરણે ગયેલા ભારતીય સૈનિકોમાંથી ‘આઝાદ હિંદ ફોજ’ની રચના કરી. જાપાન સરકાર તથા **રાસબિહારી બોઝ** વચ્ચે મતભેદ થતાં મોહનસિંગને રાજીનામું આપવાની ફરજ પડી. ‘આઝાદ હિંદ ફોજ’નું ભાવિ થોડા સમય માટે અનિશ્ચિત બની ગયું. રાસબિહારી બોઝે સર્વસંમતિથી 4 જુલાઈ, 1943ના રોજ ‘આઝાદ હિંદ ફોજ’ના સર્વોચ્ચ નેતા તરીકે સુભાષચંદ્ર બોઝની વરણી કરી. સર્વ સત્તા તેમને સુપરત કરી. જુલાઈ, 1943માં સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું સુકાનીપદ સંભાળ્યું. તેમને **‘નેતાજી’**નું હુલામણું નામ આપવામાં આવ્યું. નેતાજીએ ફોજને **‘ચલો દિલ્લી’નું સૂત્ર** આપ્યું. તેમણે ભારતને **‘જયહિંદ’નો મંત્ર** આપ્યો.

તેમણે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનો પ્રવાસ કરીને ત્યાંના ભારતીયો પાસે માતૃભૂમિની સ્વતંત્રતા માટે તેમના સર્વસ્વનું બલિદાન આપવાની માગણી કરી. **‘તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા’** સૂત્ર દ્વારા આઝાદી માટે આહ્‌વાન કર્યું.



**3.14 સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજના સાથીદારો સુભાષચંદ્ર બોઝ સાથે કૅપ્ટન**

**પ્રવૃત્તિ**

ભારતની વિવિધ રાષ્ટ્રીય ચળવળો સમયે પ્રચલિત બનેલ સૂત્રોની યાદી બનાવો.

### કામચલાઉ સરકાર :

ઑક્ટોબર, 1943માં સુભાષચંદ્ર બોઝે સિંગાપુરમાં કામચલાઉ સરકાર (આરઝી હકૂમતે આઝાદ હિંદ)ની સ્થાપના કરી. સુભાષચંદ્ર બોઝે લશ્કરના સર્વોચ્ચ વડા તરીકેનો હોદ્દો સંભાળ્યો. કામચલાઉ સરકારે ઇંગ્લૅન્ડ અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

### આઝાદ હિંદ ફોજની કામગીરી :

સુભાષચંદ્ર બોઝ આઝાદ હિંદની કામચલાઉ સરકારના વડા બન્યા પછી આઝાદ હિંદ ફોજનું પુનઃ આયોજન કર્યું. તેમણે સૈનિકોને સઘન તાલીમ આપી. સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં અલગ અલગ લશ્કરી ટુકડી ઊભી કરી.

**આટલું જાણો**

સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં ચાર લશ્કરી ટુકડીઓ ઊભી કરેલી, જેનાં નામ તેમણે ગાંધી, સુભાષ, નેહરુ અને આઝાદ આપેલાં. તેમણે સ્ત્રીઓની એક અલગ લશ્કરી ટુકડી ઊભી કરી હતી, જેનું નામ તેમણે 'ઝાંસીની રાણી' આપ્યું હતું અને તેનું નેતૃત્વ કૅપ્ટન લક્ષ્મી સેહગલે કર્યું હતું.

આઝાદ હિંદ ફોજે ભારતની પૂર્વ સરહદે આરાકાન અને ઇમ્ફાલ વિભાગમાં કેટલાક વિજયો મેળવ્યા. ત્યાર બાદ પુરવઠાની ભયંકર તંગી અને ભારે વરસાદને કારણે ફોજને પીછેહઠ કરવી પડી. જાપાન ઉપર અમેરિકા દ્વારા અણુબૉમ્બ ફેંકાયા. જાપાન હાર્યુ. યુદ્ધની પરિસ્થિતિ બદલાઈ અને આઝાદ હિંદ ફોજનું ભવિષ્ય રહ્યું નહિ. ચારેક હજાર સૈનિકોની ખુવારી થઈ અને 25,000 સૈનિકો કેદ પકડાયા.

**વિચારો**

કલ્પના કરો કે 'આઝાદ હિંદ ફોજ'ને સંપૂર્ણ સફળતા મળી હોત તો ?

નેતાજીની પ્રતિજ્ઞા હતી કે 'હું ગુલામ હિંદુસ્તાનમાં પગ મૂકીશ નહિ.' નેતાજી રંગૂન અને બૅંગકોક છોડીને વિમાનમાર્ગે આગળ વધ્યા. જાપાને કરેલી જાહેરાત મુજબ 18 ઑગસ્ટ, 1945ના રોજ ફૉર્માસાના તાઈપેઈ વિમાની મથકથી વિમાન ઊપડ્યું; તરત જ તેને આગ લાગી. નેતાજી સખત દાઝ્યા અને અવસાન પામ્યા એવું કહેવાય છે.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(1) ભારતમાં રાષ્ટ્રવાદના ઉદયનાં મુખ્ય કારણો કયાં-કયાં હતાં ?

(2) હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની પ્રથમ તબક્કાની કામગીરીનું વર્ણન કરો.

(3) બંગાળના ભાગલાનાં શાં પરિણામ આવ્યાં ?

(4) ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણની આવશ્યકતા શાથી ઊભી થઈ ?

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો :**

(1) 'રાષ્ટ્રવાદ' એટલે શું ?

(2) 'મવાળવાદ' એટલે શું ? મવાળવાદી નેતાઓનાં નામ જણાવો.

(3) 'જહાલવાદ' એટલે શું ? જહાલવાદી નેતાઓનાં નામ જણાવો.

(4) બંગભંગનો દિવસ કઈ-કઈ રીતે ઉજવવામાં આવ્યો ?

(5) મુસ્લિમ લીગની સ્થાપના કરવામાં કોણે-કોણે મહત્ત્વની ભૂમિકા ભજવી ?

(6) હોમરૂલ લીગની સ્થાપના કોણે-કોણે કરી ?

(7) સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યાં થયો હતો ?

(8) સુભાષચંદ્ર બોઝ જાપાન કઈ રીતે પહોંચ્યા ?

(9) 'આઝાદ હિંદ ફોજ'ની રચના કઈ રીતે થઈ ?

(10) સુભાષચંદ્ર બોઝે કયાં-કયાં સૂત્રો આપેલાં ?

(11) કામચલાઉ સરકારની સ્થાપના ક્યાં કરવામાં આવી ?

**3. મને ઓળખો :**

(1) મારા પ્રયત્નોથી હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. ..................................

(2) મેં ભારતમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી. ..................................

(3) મેં આનંદમઠ નામની નવલકથા લખી. ..................................

(4) હું હિંદી રાષ્ટ્રીય મહાસભાનો પ્રથમ પ્રમુખ હતો. ..................................

(5) 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને હું તે મેળવીને જ જંપીશ.' ..................................

**4. સાચાં જોડકાં જોડો :**

| અ વિભાગ | બ વિભાગ |
|---|---|
| (1) રવીન્દ્રનાથ ઠાકુર | (1) ન્યુ ઈન્ડિયા |
| (2) લોકમાન્ય ટિળક | (2) કેસરી |
| (3) લાલા લજપતરાય | (3) ધી કૉમનવીલ |
| (4) બિપિનચંદ્ર પાલ | (4) શેર-એ-પંજાબ |
| (5) ઍની બેસન્ટ | (5) શાંતિનિકેતન |
| | (6) અમૃતબજારપત્રિકા |

**5. ટૂંક નોંધ લખો :** (1) આઝાદ હિંદ ફોજ

# 4

## સર્વોચ્ચ અદાલત




**4.1 વર્તમાનપત્રમાં આવેલાં સર્વોચ્ચ અને વડી અદાલતના ચુકાદા**

**પ્રવૃત્તિ**

ચુકાદાનાં કટિંગ્સ છાપામાંથી ભેગાં કરી તેના આધારે નીચે આપેલ કોષ્ટકમાં વિગત પૂરી કરો :

| ક્રમ | કોર્ટનું નામ | કોણે અરજી કરી ? | કોની સામે અરજી કરી ? | શું ચુકાદો આવ્યો ? |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |

અહીં તમે જોયું કે, વિવિધ અદાલતો ખૂબ ઉપયોગી છે. વિવિધ અદાલતો ચુકાદા સંભળાવે છે, પરંતુ શું આપને ખબર છે, અદાલતોની જરૂર શા માટે પડે છે ?

### વાંચો અને વિચારો :

લોકોનાં હિત, રક્ષણ અને કલ્યાણ માટે કાયદાની જરૂર પડે છે. જ્યારે દેશનો કોઈ નાગરિક અથવા સંસ્થા કાયદાનું ઉલ્લંઘન કરે, તો એક નિશ્ચિત પ્રક્રિયા અપનાવવામાં આવે છે. આપણા દેશમાં ન્યાયતંત્રમાં ન્યાય આપવા માટે તાલુકાની અદાલતો, જિલ્લાની અદાલતો, વડી અદાલતો, સર્વોચ્ચ અદાલત એમ સળંગ ન્યાયવ્યવસ્થા છે. ભારતીય લોકતંત્રમાં ન્યાયતંત્ર એ સરકારનાં ત્રણ અંગોમાંનું મહત્ત્વનું અંગ છે. ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. 'સ્વતંત્ર ન્યાયતંત્ર'નો શું મતલબ હોય છે ? શું તમારી આજુબાજુની અદાલત અને નવી દિલ્હીમાં સ્થિત સર્વોચ્ચ અદાલત વચ્ચે કોઈ સંબંધ છે ? આ પ્રકરણમાં તમને આ સવાલોના જવાબ મળશે.



**4.2 સર્વોચ્ચ અદાલતનું ચિત્ર**

### સર્વોચ્ચ અદાલતની કામગીરી શું હોય છે ?

આપણા દેશની સર્વોચ્ચ અદાલત દિલ્હીમાં છે. દેશની બધી જ અદાલતોમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે. ભારતમાં 28 જાન્યુઆરી, 1950ના રોજ સર્વોચ્ચ અદાલતનો આરંભ થયો. મૂળભૂત હકોના પાલન કરાવવા માટેનો અધિકાર સર્વોચ્ચ અદાલત પાસે છે. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા સર્વોચ્ચ અદાલતમા ન્યાય મેળવવા અરજી કરી શકે છે.

### વિવાદોનો ઉકેલ આપવો :

સર્વોચ્ચ અદાલત નાગરિકો, નાગરિક અને સરકાર, રાજ્યો વચ્ચેના તથા કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના વિવાદોને ઉકેલવાનું કાર્ય કરે છે. આને સમજવા માટે આપણે ગુજરાત રાજ્યના 'નર્મદા બચાવો આંદોલન'નો કેસ સમજીએ.

નર્મદા નદી પર નવાગામ ખાતેના જળાશયના બંધની ઊંચાઈ 110 મીટરથી વધે નહીં તે માટે મધ્યપ્રદેશ તથા પર્યાવરણનું જતન કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તેની સામે વિરોધ દર્શાવ્યો. તેઓના મતે આ બંધના બાંધકામથી ત્યાં રહેતા આદિવાસીઓને હટવું પડશે, તેથી તેમના મૂળભૂત અધિકારોનો ભંગ થશે. રાજ્યો વચ્ચેની આ તકરારોનો નિવેડો લાવવા 8મી માર્ચ, 2006ના રોજ સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપતાં જણાવ્યું કે વધતી જતી વસ્તીને ધ્યાનમાં લેતાં આ યોજના ઘણી અગત્યની છે. સરદાર સરોવર યોજનાને કારણે સજીવસૃષ્ટિ અને પર્યાવરણમાં સુધારાત્મક ફેરફાર થવાની શક્યતા છે. આ યોજનાથી ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ઘણા ભાગોમાં પાણી પહોંચાડી શકાશે અને તે વિસ્તારમાં રણને આગળ વધતું અટકાવી શકાશે. આ યોજનાથી વિપરીત અસર પામતા લોકોને ક્રમશઃ પુનઃવસન કરાવવામાં આવશે. આ રીતે તેમના મૂળભૂત અધિકારોનો ભંગ થશે નહીં.



**4.3 નર્મદા ડેમનો ફોટો**

**પ્રવૃત્તિ**

**વર્તમાનપત્રમાં આવતા વિવિધ ચુકાદાને નીચેના કોષ્ટકમાં લખો :**

| **વિવિધ ચુકાદાના કિસ્સા** | **ઉદાહરણ** |
|---|---|
| 1. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વિવાદ | |
| 2. બે રાજ્યો વચ્ચે વિવાદ | |
| 3. બે નાગરિકો વચ્ચે વિવાદ | |
| 4. વ્યક્તિ અને સરકાર વચ્ચે વિવાદ | |
| 5. વ્યક્તિ અને સંસ્થા વચ્ચે વિવાદ | |

### ન્યાયતંત્ર સ્વતંત્ર કેમ ?

ધારો કે એક તાકતવર વ્યક્તિએ તમારા પરિવારની જમીન પર કબજો કરી લીધો હોય. તમે એક એવી વ્યવસ્થામાં રહો છો, જ્યાં વ્યક્તિઓ કોઈ ન્યાયાધીશને તેના પદ પરથી હટાવી શકે છે અથવા તેની બદલી કરાવી શકે છે. જ્યારે તમે આ મામલાને અદાલતમાં લઈ જાઓ, ત્યારે ન્યાયાધીશ પણ તેની હિમાયત કરતા જોવા મળે. તાકતવર વ્યક્તિનું ન્યાયાધીશ પર જો નિયંત્રણ રહે, તો ન્યાયાધીશ સ્વતંત્ર રૂપથી કોઈ નિર્ણય લઈ શકે નહીં.

સ્વતંત્રતાનો આ અભાવ ન્યાયાધીશને એ વાત માટે મજબૂર કરી દે છે કે તેને હંમેશાં તાકતવાર વ્યક્તિની તરફેણમાં જ ફેંસલો આપવો પડે. પરંતુ ભારતીય બંધારણ આ પ્રકારની દખલગીરી પસંદ કરતું નથી. આથી આપણા બંધારણમાં ન્યાયતંત્રને કારોબારી, ધારાસભાથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. આથી એક વાર વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિયુક્તિ થઈ ગયા પછી કોઈ ન્યાયાધીશને તેમના પદ પરથી હટાવવા ઘણા જ મુશ્કેલ હોય છે. જો કોઈ વ્યક્તિને એમ લાગે કે તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે, તો તે અદાલતમાં જઈ શકે છે.

**વિચારો**

આ પ્રકારની ન્યાયવ્યવસ્થામાં એક નાગરિક કોઈ પણ શક્તિશાળી વ્યક્તિની વિરુદ્ધમાં કેસ જીતી શકે છે ? હા કે ના ? ચર્ચા કરો.

## વિભિન્ન સ્તરની અદાલતો શું એકબીજા સાથે જોડાયેલી છે ?



**4.4 ગંદું પાણી**

જી હા, આ વ્યવસ્થાને સમજવા માટે અપીલની વ્યવસ્થાને સમજીએ. જો કોઈ વ્યક્તિને એવું લાગે કે નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલો ચુકાદો યોગ્ય નથી, તો તે તેના ઉપરની અદાલતમાં અપીલ કરી શકે છે.

અપીલની વ્યવસ્થાને સમજવા માટે આવો, આપણે એક કેસ જોઈએ. આ કેસમાં હકીકત એ હતી કે રતલામ મ્યુનિસિપાલિટીએ બનાવેલ નવા રોડની દક્ષિણ બાજુએ કેટલાંક મકાનો આવેલાં હતાં. આ મકાનોની પાછળ અને કૉલેજની હદ સાથે મ્યુનિસિપાલિટીનો જૂનો રોડ અને નવો રોડ સરકારી કૉલેજને જોડતો હતો. આ બંને વચ્ચેથી ગંદા પાણીનું નાળુ (વોંકળું) પસાર થતું હતું. તેમાં રંગ-રસાયણ કારખાનાંના ગંદા પદાર્થો કે જેમાંથી રંગરસાયણોની ગંદી વાસ આવતી હતી, તેને નાળામાં છોડવામાં આવતાં હતાં. આ ગંદકીથી મોટી સંખ્યામાં મચ્છરો ઉત્પન્ન થતા હતા. તે સાથે આ નાળાના કિનારા પર આજુબાજુ રહેનારા જાજરૂ-પેશાબ કરતા હતા.

રાજ્યનું આરોગ્યખાતું પણ ખૂબ મોટી સંખ્યામાં ઉત્પન્ન થતા મચ્છરોને અંકુશમાં રાખવામાં નિષ્ફળ ગયું હતું. આથી સ્થાનિક રહીશોએ આ ગંદકીને ખસેડવાની ઘણી અરજીઓ કરી હતી, પરંતુ તે વિભાગના અધિકારીઓ ગંદકી ખસેડવાની બાબતે સંપૂર્ણ નિષ્ફળ રહ્યા હતા. પરિણામે ત્યાંના સ્થાનિક રહીશો તાલુકાની અદાલત (સબડિવિઝન મૅજિસ્ટ્રેટની કોર્ટ)માં ગયા.

મૅજિસ્ટ્રેટે અરજદારોની તરફેણમાં ચુકાદો આપતાં જણાવ્યું કે...


**તાલુકા અદાલતનો ચુકાદો**



'મ્યુનિસિપાલિટી અને ટાઉન ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ એ બંને ઉપદ્રવ રોકવા નિષ્ફળ ગયાં છે. તેથી આ બંને સંસ્થાને તાત્કાલિક ઉપદ્રવ દૂર કરવાનો હુકમ કરવામાં આવે છે. 15 દિવસમાં પાકી ગટરલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવી.

મ્યુનિસિપાલિટી આ કેસને રતલામ જિલ્લાની અદાલત (સેશન્સ કોર્ટ)માં લઈ ગઈ.

**જિલ્લા અદાલતનો ચુકાદો**




'તાલુકાની અદાલતના ચુકાદાને ગેરવાજબી ઠેરવવામાં આવે છે.

સ્થાનિક રહીશો આ કેસ વડી અદાલત (હાઈકોર્ટ)માં લઈ ગયા. વડી અદાલતે તાલુકાની અદાલતના હુકમને માન્ય રાખ્યો, પરંતુ તેણે હુકમ આપ્યો કે...

**વડી અદાલતનો ચુકાદો**



'પાકી ગટરલાઈન માટે 15 દિવસને બદલે 7 માસનો સમય આપવામાં આવે છે તેમજ ખાડાઓ માટીથી પૂરી દેવા, જેથી તેમાં પાણી ભરાઈ જતાં મચ્છર ન થાય. આ કામ બે વર્ષમાં પૂરું કરવું.'

રતલામ મ્યુનિસિપાલિટી આ હુકમથી સંતુષ્ટ ન હતી, તેથી તેણે સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)માં અપીલ કરી. સર્વોચ્ચ અદાલતે તાલુકાની કોર્ટના હુકમને માન્ય ગણ્યો અને વધારામાં એવો આદેશ આપ્યો કે....

**સર્વોચ્ચ અદાલતનો ચુકાદો**



'મ્યુનિસિપાલિટી અને રાજ્ય સરકાર બંનેએ સામૂહિક રીતે આ પ્રદૂષણ કરતા રંગરસાયણના પ્લાન્ટને બંધ કરવો.'

4.5 ચુકાદા આપતા જજનાં ચિત્રો

**પ્રવૃત્તિ**

વર્ગમાં શિક્ષકની મદદથી તાલુકાની અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત સુધીના ચુકાદાની મોક-અદાલતનું આયોજન કરો.



**4.6 હાથગાડું ખેંચતો મજૂર**

## શું દરેક વ્યક્તિ અદાલતની શરણમાં જઈ શકે છે ?

આપણે આગળ જોયું કે દરેક વ્યક્તિ પોતાના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે અદાલતમાં જઈ શકે છે, પરંતુ વાસ્તવમાં ગરીબોને અદાલતમાં જવું ઘણું મુશ્કેલ હોય છે. કાનૂની પ્રક્રિયામાં ન કેવળ ઘણા પૈસા અને કાગળોની કાર્યવાહીની જરૂર પડે છે, પણ તેમાં સમય પણ બહુ લાગે છે. જો કોઈ ગરીબ આદમી વાંચવા-લખવાનું જાણતો નથી અને તેનો આખો પરિવાર મજૂરીથી ગુજરાન ચલાવતો હોય, તો અદાલતમાં જવાનું અને ન્યાય મેળવવાનું કામ તેના માટે ઘણું મુશ્કેલ હોય છે.

આ બાબત ધ્યાનમાં રાખીને 1980ના દશકમાં સર્વોચ્ચ અદાલતે 'જાહેર હિતની અરજી'ની વ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે. આ રીતે સર્વોચ્ચ અદાલતે ન્યાય વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે તેવો પ્રયાસ કર્યો છે. ન્યાયતંત્ર તરફથી કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થાને એવા લોકો તરફથી જનહિતની અરજી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે; જેના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે, તે આ અરજી વડી અદાલત અથવા સર્વોચ્ચ અદાલતમાં જ કરી શકે છે. 1980ના દાયકા પછી જાહેરહિતની અરજીના માધ્યમથી ઘણા બધા મુદ્દા પર લોકોને ન્યાય આપવામાં આવ્યો છે. મજૂરોને અમાનવીય શ્રમથી મુક્તિ અપાવવા માટે જાહેરહિતની અરજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બિહાર જેલમાં સજા ભોગવ્યા પછી પણ છોડી દેવામાં નથી આવ્યા તેવા કેદીઓને છોડાવવા માટે પણ જાહેરહિતની અરજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ન્યાયતંત્રને જ્યારે એમ લાગે કે જનસમૂહના કોઈ વર્ગમાં માનવહકોનો ભંગ થઈ રહ્યો છે, તે મુદ્દો તે પોતે પોતાના ધ્યાનમાં લઈ જરૂરી ન્યાય જાહેરહિતમાં આપી શકે છે.

**આટલું જાણો**

સરકારી સહાયતા પ્રાપ્ત શાળાઓમાં બાળકોને બપોરે જે ભોજન (મધ્યાહ્નભોજન) આપવામાં આવે છે, તેની વ્યવસ્થા પણ એક જાહેરહિતની અરજીના ફળસ્વરૂપ જ થઈ છે.

મૂળભૂત હકો સાથે તેના અમલના ઈરાદાથી દાખલ કરવામાં આવતી જાહેરહિતની અરજી જો અયોગ્ય હોય, તો આ અરજી કરનાર વ્યક્તિ, વ્યક્તિઓ કે સંસ્થાને સર્વોચ્ચ અદાલત દંડ પણ કરી શકે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) નર્મદા યોજના એ ઘણી મહત્ત્વની યોજના છે. તેનાથી કોઈ નાગરિકોના મૂળભૂત અધિકારોનો ભંગ થશે નહીં. આવો ચુકાદો સર્વોચ્ચ અદાલતે શા માટે આપ્યો ? એ વિશે ચર્ચા કરો.

(2) ન્યાયતંત્ર સ્વતંત્ર શા માટે હોવું જોઈએ ?

(3) જાહેરહિતની અરજીની વ્યવસ્થાને શા માટે મહત્ત્વપૂર્ણ પગલું ગણવામાં આવે છે ?

(4) રતલામ મ્યુનિસિપાલિટીના કેસમાં વિવિધ અદાલતોએ આપેલા ચુકાદાઓ જણાવો.

**2. મ્યુનિસિપાલિટીના કેસને ધ્યાનમાં રાખીને નીચે આપેલાં વાક્યો વાંચો. જે વાક્ય સાચું હોય, તેની સામે ખરાની નિશાની (√) કરો અને જે વાક્ય ખોટું (✕) હોય, તેને સુધારીને ફરી લખો :**

(ક) મ્યુનિસિપાલિટી આ કેસને જિલ્લાની અદાલતમાં લઈ ગઈ, કારણ કે તેને નીચેની અદાલતના ચુકાદાથીસંતોષ થયો નહીં. ☐

(ખ) તે સર્વોચ્ચ અદાલતના ચુકાદાની વિરુદ્ધ વડી અદાલતમાં ગઈ. ☐

(ગ) તેના વિશેના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે વડી અદાલતના ચુકાદાને માન્ય રાખ્યો. ☐

•

# 5

# ભારતના ક્રાન્તિવીરો

આજે શહીદદિન હોવાથી બ્રિન્દાની શાળામાં 'ધી લીજેન્ડ ઑફ ભગતસિંહ' ફિલ્મ દર્શાવવાની હતી. વર્ગશિક્ષક વર્ગખંડમાં પ્રવેશતાં જ એક પંક્તિ બોલ્યા :

*'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ,*
*દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ.'*

આ પંક્તિ બોલ્યા બાદ વર્ગશિક્ષકે ભારતના વીર ક્રાન્તિકારીઓ વિશે જણાવ્યું.

આપણા દેશની સ્વરાજયાત્રાના લાંબા ગાળામાં નામી-અનામી અનેક શહીદો થયા છે. 1857ના સ્વાતંત્ર્ય-સંગ્રામ પછી દેશમાં અંગ્રેજ સરકાર સામે વ્યક્તિગત રીતે કે સંગઠન કરીને હથિયાર ઉપાડનાર વીરોની મર્દાનગીની કથાઓ આજે ગર્વથી યાદ કરવામાં આવે છે. જે યુવકોએ વીરતાપૂર્વક હથિયાર ઉપાડ્યાં, તેઓ આપણા દેશનાં ઈતિહાસમાં ક્રાન્તિકારીઓ તરીકે જાણીતા છે. તેમની પ્રવૃત્તિઓ ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ગણાય છે. આ પ્રવૃત્તિમાં શિક્ષિત, અશિક્ષિત, રાજવંશી અને સામાન્ય જનોએ ભાગ લીધો હતો. ભારતના બધા ભાગોમાં ઓછાવત્તા પ્રમાણમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિ વહેલીમોડી અવશ્ય થઈ હતી. મહારાષ્ટ્રમાં આ ક્રાન્તિના પ્રણેતા અને ક્રાન્તિકારી પ્રવૃત્તિઓના પ્રથમ શહીદ વાસુદેવ બળવંત ફડકે હતા.

**પ્રવૃત્તિ**

વર્તમાન સમયની કોઈ એક ક્રાન્તિકારી પ્રવૃત્તિ વિશે જાણો અને તમારા શબ્દોમાં નોંધ લખો.



5.1 ક્રાન્તિની મશાલ

**ચિનગારી**

*માલિક તેરી રજા રહે ઔર તું હી તું રહે,*
*બાકી ન મૈં રહૂઁ ન મેરી આરઝુ રહે*
*જબ તક હૈ તન મેં જાન, રગો મેં લહુ રહે*
*તેરા હો જિક્ર યા તેરી હી જૂસ્તજૂ રહે.*

**- રામપ્રસાદ બિસ્મિલ**

## વાસુદેવ બળવંત ફડકે :



5.2 વાસુદેવ બળવંત ફડકે

ભારતમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિની સૌપ્રથમ શરૂઆત કરનાર વાસુદેવ બળવંત ફડકે હતા. તેઓ પૂણેમાં નોકરી કરતા હતા. અંગ્રેજ સરકારના અન્યાયી ત્રાસથી કંટાળીને વાસુદેવ ફડકેએ નોકરી છોડી દીધી. દેશને ગુલામીમાંથી મુક્ત ન કરું, ત્યાં સુધી કપાળ પર ચંદન ન લગાડવાની તથા કેશકર્તન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. વાસુદેવ ફડકેએ અંગ્રેજ સરકાર સામે દેશવ્યાપી સશસ્ત્ર સંગઠનની ગુપ્ત યોજના બનાવી હતી.

અંગ્રેજ સરકારે ફડકેના માથા માટે રૂપિયા ચાર હજારનું ઇનામ જાહેર કર્યું હતું. વાસુદેવ ફડકે અંગ્રેજ થાણાં પર હુમલા કરવા, સરકારી તિજોરી લૂંટવી, બંદૂકો ચલાવવાની તાલીમ આપતા. અંગ્રેજ સરકાર ફડકેની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓથી ચોંકી ઊઠી. તેણે કોઈ પણ ભોગે ધરપકડ કરવાનો આદેશ આપ્યો.

**આટલું જાણો**

હૈદરાબાદ જિલ્લાના એક ગામમાંથી રાત્રિના ત્રણ વાગે નિદ્રાવસ્થામાં વાસુદેવ ફડકેની ધરપકડ કરવામાં આવી. તેમને જેલમાં પૂર્યા તો જેલની દીવાલ કૂદીને ભાગ્યા. 25 કિલોમીટરની દોડ પછી પકડાયા. જેલમાં તેમના પર અત્યાચારો થયા. ફેબ્રુઆરી, 1883માં એડન જેલમાં અવસાન પામ્યા.

## વીર સાવરકર :



5.3 વીર સાવરકર

વિનાયક દામોદર સાવરકરનો જન્મ 28 મે, 1883ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભગૂર નામના ગામમાં થયો હતો. નાનપણથી જ તેઓ ક્રાન્તિકારી વિચારો ધરાવતા હતા. તેમણે 'મિત્રમેલા' નામની સંસ્થા સ્થાપી હતી, જે પાછળથી 'અભિનવ ભારત' નામથી જાણીતી બની. આ સંસ્થાનો હેતુ સશસ્ત્ર વિપ્લવ દ્વારા ભારતમાંથી અંગ્રેજ શાસનનો અંત લાવવાનો હતો.

વીર સાવરકરે ભારતમાં વિદેશી કાપડની સૌપ્રથમ હોળી કરી હતી. શ્યામજી કૃષ્ણ વર્માની સંસ્થામાંથી શિષ્યવૃત્તિ મેળવી વધુ અભ્યાસ માટે લંડન ગયા. વીર

સાવરકરે 1857 : ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ નામનું પુસ્તક લખ્યું હતું, જે પ્રકાશન પહેલાં જ પ્રતિબંધિત થયેલું વિશ્વનું પ્રથમ પુસ્તક હતું. અંગ્રેજ અફસરની હત્યામાં વપરાયેલી પિસ્તોલના ગુનામાં તેમના પર અદાલતમાં કેસ ચાલ્યો. તેમને આજીવન કાળાપાણીની સજા થતાં આંદામાન જેલમાં મોકલાયા. તબિયત લથડતાં ભારતમાં નજરકેદ રાખવામાં આવ્યા. 26 ફેબ્રુઆરી, 1966માં વીર સાવરકર અવસાન પામ્યા.

### ખુદીરામ બોઝ :



5.4 ખુદીરામ બોઝ

ખુદીરામ બોઝનો જન્મ બંગાળાના મેદિનીપુર જિલ્લાના મોહબની ગામમાં 3-12-1889ના રોજ થયો હતો. બાળપણમાં જ તેમણે માતા-પિતાની છત્રછાયા ગુમાવી. સત્યેનબાબુ નામના શિક્ષકે તેમને ક્રાન્તિપથની દીક્ષા આપી. ખુદીરામે અસહકાર આંદોલનમાં ભાગ લઈ વિદેશી કાપડની હોળી કરી હતી. ખુદીરામ ગંગાના પાણીમાં ડૂબકી મારતા મીઠું લઈને પસાર થતી હોડીઓને ઉથલાવી દેતા. આ રીતે મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરતા.

30 એપ્રિલ, 1908ના દિવસે ન્યાયાધીશ કિંગ્સફૉર્ડને ખતમ કરવા ખુદીરામ અને પ્રફુલ્લ ચાકીએ ન્યાયાધીશની ઘોડાગાડી ઉપર બૉમ્બ ફેંક્યો. ગાડીમાં બેઠેલા વકીલ કૅનેડીનાં પત્ની અને પુત્રી મરી ગયાં. ન્યાયાધીશ કિંગ્સફૉર્ડ બચી ગયા.

**આટલું જાણો**

પ્રફુલ્લ ચાકીને જ્યારે પોલીસે ઘેરી લીધો ત્યારે તેમણે રિવૉલ્વરથી આત્મહત્યા કરી લીધી. ખુદીરામને ફાંસી આપવામાં આવી.

**વિચારો**

આઝાદીની લડત વખતે તમે હો, તો તમે દેશની આઝાદી માટે શું યોગદાન આપો ?

### રામપ્રસાદ બિસ્મિલ :

રામપ્રસાદ બિસ્મિલનો જન્મ ઈ.સ. 1897માં ઉત્તરપ્રદેશ રાજ્યના શાહજહાંપુરમાં થયો હતો. દેશમાં અસહકારની લડત શરૂ થઈ ત્યારે વિદેશી કાપડની હોળી કરવાની કામગીરી તેમણે સંભાળી હતી. કાકોરી ટ્રેન ધાડ સફળતાપૂર્વક પાર પાડવામાં તેમણે અગ્રિમ ભાગ ભજવ્યો હતો. આ માટે તેમને ફાંસીની સજા થઈ હતી.

બિસ્મિલે લખેલ સાહિત્ય જ્યારે પ્રકાશમાં આવ્યું, ત્યારે તેમની કવિતાઓએ રાષ્ટ્રીય ચેતનાનું પ્રેરકબળ પૂરું પાડ્યું.



5.5 રામપ્રસાદ બિસ્મિલ

*દર-ઓ દીવાર પે હસરત (અપેક્ષા) સે નજર કરતે હૈં*
*ખુશ રહો અહલે વતન, હમ તો સફર કરતે હૈં.*
**- બિસ્મિલ**

## અશફાક ઉલ્લાખાં :


5.6 અશફાક ઉલ્લાખાં

અશફાક ઉલ્લાખાંએ હિન્દુ-મુસ્લિમ એકતાનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રામપ્રસાદ બિસ્મિલ સાથે તેમને નાનપણથી દોસ્તી હતી. તેઓ ખેલકૂદના ખૂબ શોખીન હતા. ઘોડેસવારી અને બંદૂક ચલાવવામાં પ્રવીણ હતા. શાહજહાંપુરમાં આર્યસમાજના મંદિર પર થયેલ હુમલો તેમણે રોક્યો હતો. કાકોરી ટ્રેન લૂંટવાની યોજનામાં તેમણે ભાગ લીધો હતો. તેમને જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

> *કુછ આરઝૂ નહિ હૈ, હૈ આરઝૂ તો યહ,*
> *રખ દે કોઈ જરાસી ખાકે વતન કફનમેં.*
>
> **- અશફાક ઉલ્લાખાં**

## ચંદ્રશેખર આઝાદ :


5.7 ચંદ્રશેખર આઝાદ

ચંદ્રશેખર આઝાદનું મૂળ નામ ચંદ્રશેખર સીતારામ તિવારી હતું. તેમનો જન્મ 23 જુલાઈ, 1906ના રોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના ભાવરા નામના ગામમાં થયો હતો. તેમણે પ્રારંભિક અભ્યાસ કાશીમાં કર્યો હતો. તેઓ નાનપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલા હતા.

અસહકારની ચળવળમાં ચંદ્રશેખરે ભાગ લીધો હતો. તેમની ધરપકડ થઈ. અંગ્રેજ પોલીસના હાથે પકડાયા, ત્યારે તેમની ઉંમર એટલી નાની હતી કે હાથકડી મોટી પડી હતી ! અદાલતમાં તેમને પૂછવામાં આવ્યું તમારું નામ શું ? તો તેમણે કહ્યું, 'આઝાદ', પિતાનું નામ 'સ્વાધીનતા' અને પોતાના ઘરને 'જેલખાનું' બતાવ્યું હતું. ત્યાર બાદ તેઓ **'આઝાદ'** તરીકે ઓળખાયા.

કાકોરી ટ્રેન લૂંટમાં તેમણે ભાગ લીધો હતો. દેશમાંથી ચાળીસેક ક્રાન્તિકારીઓ પકડાઈ ગયા. આઝાદ ભાગી છૂટ્યા. તેમને પકડવા ઈનામ જાહેર કરવામાં આવ્યું. આઝાદે પ્રતિજ્ઞા કરી હતી કે 'હું જીવતે જીવ અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહીં.' ઈ.સ. 1931ની 27મી ફેબ્રુઆરીના રોજ આઝાદ અલાહાબાદના આલ્ફ્રેડ બાગમાં બેઠા હતા ત્યારે અચાનક અંગ્રેજ પોલીસથી ઘેરાઈ ગયા. આઝાદ એકલા અડધા કલાક સુધી પોલીસ ટુકડી સાથે સંઘર્ષ કરતા રહ્યા. અંતે પોતાની જ પિસ્તોલથી શહીદી વહોરી લીધી. ચંદ્રશેખર આઝાદથી અંગ્રેજ પોલીસ એટલી બધી ડરતી હતી કે બે-ત્રણ ગોળી ચલાવી ખાતરી કરીને જ તેમની પાસે ગઈ હતી.

### આટલું જાણો

9 ઑગસ્ટ, 1925ના રોજ સરકારી ખજાનો રેલવે દ્વારા સહરાનપુરથી લખનૌ જતો હતો, ત્યારે ક્રાન્તિકારીઓ દ્વારા કાકોરી નામના રેલવે-સ્ટેશને તેને લૂંટવામાં આવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ ક્રાન્તિકારી પ્રવૃત્તિ અને હથિયાર માટે નાણાં મેળવવાનો હતો.

## પ્રવૃત્તિ

તમે કોઈ ક્રાન્તિકારીનું સ્મારક જોયું હોય અથવા તેના વિશે જાણતા હોય, તો તે ક્રાન્તિકારી વિષયક માહિતી એકત્ર કરો.

### ભગતસિંહ :



5.8 ભગતસિંહ

ભગતસિંહનો જન્મ પંજાબના લાયલપુર જિલ્લાના બંગા ગામમાં 28 સપ્ટેમ્બર, 1907ના રોજ થયો હતો. અસહકારની ચળવળ વખતે તેઓ વિદેશી કાપડની હોળી કરવાના કાર્યક્રમમાં જોડાયા હતા. લાહોર નેશનલ કૉલેજમાં ભણવા ગયા, ત્યારે તેમને સુખદેવ, ભગવતીચરણ અને યશપાલનો પરિચય થયો. તેમના ક્રાન્તિકારી વિચારોને પીઠબળ મળ્યું. 1928માં 8મી એપ્રિલે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે ધારાસભામાં બૉમ્બ ફેંક્યો.

બૉમ્બ ફેંકવાનો તેમનો ઇરાદો બહેરી થઈ ગયેલી અંગ્રેજ સરકારને જગાડવાનો હતો. તેઓ ઇચ્છતા તો બૉમ્બ ફેંકી ભાગી શકતા હતા, પણ તેમણે તે જ જગ્યા પર ઊભા રહી સૂત્રોચ્ચાર કર્યા :

*ઈન્કલાબ ઝિંદાબાદ !*

*સામ્રાજ્યવાદ કા નાશ હો !!*

*દુનિયા કે મજદૂરો એક હો !!!*

ક્રાન્તિનો સંદેશ આપતી પત્રિકાઓ ફેંકી, હવામાં ગોળીબાર કર્યો અને શાંતિપૂર્વક આત્મસમર્પણ કરી લીધું. લાલા લજપતરાયના અવસાનનો બદલો લેવા થયેલા અંગ્રેજ અફસર સોન્ડર્સના ખૂન કેસમાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ઉપર કેસ ચાલ્યો. કેસના ચુકાદામાં ત્રણેય મિત્રોને ફાંસીની સજા થઈ. 23 માર્ચ, 1931ના રોજ તેમને ફાંસી આપવામાં આવી.

*દિલ સે નિકલેગી ન મર કર ભી વતન કી ઉલફત (પ્રીત)*
*મેરી મિટ્ટીસે ભી ખુશ્બૂ - એ - વતન આએંગી.*

**- ભગતસિંહ**

## વિચારો

ભગતસિંહને ફાંસીની સજા થઈ ન હોત, તો આઝાદીના જંગમાં એમની શું ભૂમિકા હોત ?

## શ્યામજી કૃષ્ણવર્મા :




5.9 શ્યામજી કૃષ્ણવર્મા

વિદેશોમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિની શરૂઆત કરનાર શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ઈ.સ. 1857ની ચોથી ઑક્ટોબરે કચ્છના માંડવી ગામે થયો હતો. તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સ્નાતક થયા હતા. તેમણે ભારતમાં સ્વરાજ મેળવવાના ઉદ્દેશથી લંડનમાં 1905ની 18મી ફેબ્રુઆરીએ 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી. સંસ્થાનું કાર્યાલય 'ઇન્ડિયા-હાઉસ' નામે મકાનમાં રાખવામાં આવ્યું હતું. આ સંસ્થાના પ્રચાર માટે તેમણે 'ઇન્ડિયન સોસિઓલૉજિસ્ટ'નામનું સામયિક શરૂ કર્યું.

શ્યામજી કૃષ્ણવર્માને ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ચલાવવામાં વિનાયક સાવરકર, હરદયાલ, મદનલાલ ઢીંગરા, સરદારસિંહ રાણા તથા મૅડમ કામા જેવા ક્રાન્તિકારીઓનો સાથ મળ્યો હતો. તેમણે ભારતીયો માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા કરી હતી. ઈ.સ. 1909માં લંડનમાં ટ્રાફાલ્ગર સ્ક્વેર ખાતે ભરબજારે મદનલાલ ઢીંગરાએ વિલિયમ વાયલીને ગોળીથી વીંધીને હત્યા કરી. તેથી ઢીંગરાને ફાંસી આપવામાં આવી. લંડનમાં રહેવું સલામત ન લાગતાં શ્યામજી કૃષ્ણવર્મા પૅરિસ ગયા. થોડા સમય પછી પૅરિસથી સ્વિટ્ઝરલૅન્ડ ગયા. ઈ.સ. 1930માં તેમનું અવસાન થયું. તેમનાં પત્ની ભાનુમતી ઈ.સ. 1933 માં મૃત્યુ પામ્યાં.

### આટલું જાણો

મહાન દેશભક્ત શ્યામજી કૃષ્ણવર્મા અને તેમનાં પત્ની ભાનુમતીનાં અસ્થિ 4 સપ્ટેમ્બર, 2003ના રોજ ભારતમાં લાવી તેમના વતન માંડવી (કચ્છ)માં ભારે સન્માનપૂર્વક સ્થાપિત કરાયાં. તેમના અસ્થિની ગુજરાતમાં વિરાંજલિ યાત્રા કાઢવામાં આવી હતી.



5.10 મૅડમ ભીખાયજી રુસ્તમ કામા

## મૅડમ કામા :

મૅડમ કામાનો જન્મ 24 સપ્ટેમ્બર, 1861ના રોજ મુંબઈમાં થયો હતો. ઈ.સ. 1902થી 1907 સુધી મૅડમ કામા ઇંગ્લૅન્ડમાં રહ્યા. ઈ.સ. 1905માં શ્યામજી કૃષ્ણવર્માએ લંડનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સ્થાપી. મૅડમ કામા તેમાં સક્રિય કાર્યકર બન્યા. તેમણે 1907માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ (સ્ટટગર્ટ) શહેરમાં યોજાયેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં હાજરી આપી હતી. આ પરિષદમાં તેમણે વંદેમાતરમ્ મંત્ર અંકિત કરેલ ભારતનો ત્રિરંગી ધ્વજ સૌપ્રથમ વાર હિંમતપૂર્વક ફરકાવ્યો હતો.

### આટલું જાણો

મૅડમ કામાએ ફરકાવેલા ધ્વજમાં દર્શાવેલ આઠ કમળ તે તત્કાલીન આઠ પ્રાંત છે. સૂર્ય અને ચંદ્રના પ્રતીક હિન્દુ-મુસ્લિમ ઐક્યના પ્રતીક તરીકે બતાવાયા છે.

**પ્રવૃત્તિ**

ભારતની રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લઈ મહત્ત્વની ભૂમિકા ભજવનાર અગ્રણી મહિલાઓની યાદી બનાવો.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :**

(1) વાસુદેવ ફડકેએ કઈ પ્રતિજ્ઞા લીધી હતી ?

(2) ખુદીરામ બોઝને શા માટે ફાંસી આપવામાં આવી ?

(3) વીર સાવરકરે કયું પુસ્તક લખ્યું હતું ?

(4) ચંદ્રશેખરનું 'આઝાદ' નામ કેવી રીતે પડ્યું ?

(5) ધારાસભામાં બૉમ્બ કોણે ફેંક્યો હતો ? શા માટે ?

(6) વિદેશમાં રહી શ્યામજી કૃષ્ણવર્મા કેવી પ્રવૃત્તિ કરતા હતા ?

**2. મને ઓળખો :**

(1) હું મીઠું લઈને પસાર થતી હોડીઓને ઉથલાવી દેતો. ..................................

(2) મેં 'મિત્રમેલા' નામની સંસ્થા સ્થાપી હતી. ..................................

(3) આર્યસમાજના મંદિર પર થયેલ હુમલો મેં અટકાવ્યો હતો. ..................................

(4) મારી પ્રતિજ્ઞા છે કે 'હું જીવતે જીવ પકડાઈશ નહિ'. ..................................

(5) મેં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી હતી. ..................................

**3. ટૂંક નોંધ લખો :**

(1) વીર સાવરકર (2) ચંદ્રશેખર આઝાદ

(3) વીર ભગતસિંહ (4) શ્યામજી કૃષ્ણવર્મા

# 6

# માનવ-સંસાધન

**પ્રવૃત્તિ**

દરેક વિદ્યાર્થી પોતાના કુટુંબની વિશેષ માહિતી તૈયાર કરશે; જેમાં નામ, અભ્યાસ, ઉંમર, સ્ત્રી-પુરુષ, ધંધો (વ્યવસાય), પોતાના રહેઠાણની વિગત (સરનામું) હશે. સમગ્ર વર્ગખંડનું એકત્રીકરણ કરી તેને વિવિધ જૂથમાં વર્ગીકૃત કરી માહિતી તૈયાર કરવી. દા.ત., S.S.C. સુધી, HSC સુધી, ગ્રૅજ્યુએટ, ગ્રૅજ્યુએટથી વધુ વગેરે.

## શું તમે જાણો છો ?

આપણે આખા વર્ગખંડની વિદ્યાર્થી દીઠ કુટુંબની માહિતી મેળવી તેમ સમગ્ર દેશની પણ આવી માનવવસતિ સંબંધી માહિતી નિયત સમયાંતરે મેળવવામાં આવે છે. તેના વિશે આજે આપણે જાણકારી મેળવીશું.

## વસતિગણતરી શું છે ? શા માટે ?

'કોઈ પણ દેશના અથવા કોઈ પણ વિસ્તારમાં વસતા લોકો વિશેની વિધિવત રૂપે માહિતી મેળવવી અને તેની નોંધણી કરવાની બાબતને વસતિગણતરી કહે છે,' **જે દર દસ વર્ષે કેન્દ્ર સરકારના આદેશથી કરવામાં આવે છે.** જેને 'સેન્સસ' અથવા 'જનગણના' પણ કહેવાય છે.

આપણા દેશમાં પણ 2011માં છેલ્લે Census વસતિગણતરી કરવામાં આવી, જે આઝાદી મળ્યા પછીની **સાતમી વખતની** હતી. આ વખતે દેશના દરેક નાગરિકને યુનિક નંબર અને ઓળખપત્ર આપવાનું આયોજન પણ થયેલ છે, જે 2011ની વસતિગણતરીની વિશેષતા છે. દરેક ભારતીય નાગરિક તરીકે પોતાના કુટુંબની સાચી માહિતી આપી સહકાર આપવો આપણી ફરજ બને છે.

''માનવવસતિ એ દેશનું માનવધન છે.'' કોઈ પણ દેશના વિકાસનો મોટો આધાર માનવ-સંસાધન પર છે.

માનવવસતિ એ દેશની મૂડી છે. દેશના વિસ્તાર અને કુદરતી સંપત્તિ થકી જ દેશનો વિકાસ થતો નથી. દેશના આર્થિક વિકાસનો પાયો દેશની માનવવસતિનું કદ ને ગુણવત્તા પર રહેલો છે. લોકોનાં આરોગ્ય, શિક્ષણ, કાર્યકુશળતા તેમજ મહેચ્છાઓ જેવી બાબતો ઉત્પાદકતા વધારે છે, તેથી જ દેશનો વિકાસ થાય છે.


આપણા દેશની વસતિની ગુણવત્તા જાણવા અને દેશના આર્થિક વિકાસનું આયોજન કરવાના હેતુથી વસતિ-ગણતરી કરાવવામાં આવે છે. દેશની વિકાસલક્ષી પંચવર્ષીય યોજનાઓ, ખોરાક, પાણી, રહેઠાણનું વ્યવસ્થાપન, ઉદ્યોગો, વીજળી, રોજગારી, શિક્ષણ અને સંરક્ષણ વિષયક આયોજન કરવાના ભાગ રૂપે પણ વસતિગણતરી કરવી જરૂરી બની રહે છે.

હવે તો ભારતમાં લુપ્ત થતાં પ્રાણીઓ, પક્ષીઓ તથા વૃક્ષોની પણ વનખાતા તરફથી ગણતરી કરાવવામાં આવે છે તથા પાલતુ પ્રાણીઓની પણ ગણતરી હાથ ધરવામાં આવે છે, તેથી તે અંગે જરૂરી પગલાં લઈ શકાય.

**ભારતની વસતિ અંગેનો ખ્યાલ :**

આપણા દેશનો કુલ ભૂમિવિસ્તાર 32,87,263 ચોકિમી છે, જે દુનિયાના કુલ વિસ્તાર પૈકી ફક્ત 2.42 % છે. વિસ્તારની રીતે ભારત દુનિયામાં **સાતમા ક્રમે** છે. પણ દુનિયાની **કુલ વસતિના 16 % થી વધુ** લોકોની વસતિ ભારતમાં રહે છે. વસતિમાં ચીન પછી ભારત બીજા ક્રમે છે.

**પ્રવૃત્તિ**




**2011ની વસતિગણતરી મુજબ**

**નીચેના કોઠાની વિગત પૂરો.**

**૨૦૧૧ની વસતિગણતરીના આધારે વિગત શોધીને લખો.**

| | પુ. | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| દેશ | | | |
| રાજ્ય | | | |
| જિલ્લો | | | |
| ગામ | | | |

ગુણવત્તાવાળી માનવવસતિને માનવ-સંસાધન પણ કહેવાય. માનવશક્તિનું મૂલ્ય બૌદ્ધિકતા અને સાક્ષરતા પર રહેલું છે. દેશના વિકાસમાં પ્રતિભાવંત નાગરિકો જેવા કે, ડૉક્ટરો, કેળવણીકારો, એન્જિનિયરો, રમતવીરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ખેડૂતો, કલાકારો, કામદાર વર્ગોના લોકો તેમજ સમજદાર નાગરિક એ માનવશક્તિના સ્રોતરૂપે છે. આપણું યુવાધન અને બાળકો પણ આપણી માનવસંપત્તિ છે.

### વસતિવૃદ્ધિ :


2001થી 2011ના દાયકા દરમિયાન ભારતીય વસતિમાં 18.1 કરોડ જેટલી જનસંખ્યાનો વધારો થયેલ છે, છતાં પણ વસતિવધારાનો દર ઘટ્યો છે, જે અગત્યની વાત છે. ઉપરાંત શિક્ષિત નાગરિકોની સંખ્યામાં વધારો થયો છે. 2001માં ભારતીય વસતિ 102.87 કરોડ જેટલી હતી જે 2011માં 121.01 કરોડ જેટલી થઈ છે.

કેન્દ્ર સરકાર વસતિવધારાની બાબતે ચિંતિત હોઈ વિવિધ યોજનાઓ તથા નીતિ-નિયંત્રણોથી વસતિવધારાને અંકુશમાં લેવાના પ્રયાસો થાય છે. પરિણામે 1.7 % જેટલો વસતિવૃદ્ધિ દર નીચો ગયો છે.

### વસતિવૃદ્ધિનાં કારણો :

જન્મ-મૃત્યુ દરની જેમ વસતિવૃદ્ધિ એ કુદરતી છે, પરંતુ વસતિવધારા અંગે કેટલાંક પરિબળો જવાબદાર છે; જેમાં અન્ય દેશમાંથી આવીને સ્થિર થતાં લોકો, ઉદ્યોગ-ધંધા, વ્યાપાર કે શિક્ષણ અર્થે થતું સ્થળાંતર કારણભૂત છે.

**આટલું જાણો (ભારતની વસ્તી દર્શાવતો ચાર્ટ)**




ભારતમાં છેલ્લી બે સદી દરમિયાન વસતિવધારાનો દર ઊંચો ગયો છે. પહેલાં વસતિવધારાનો દર નીચો હતો, કારણ કે બાળમૃત્યુનું પ્રમાણ વધુ હતું. કૉલેરા, પ્લેગ, ક્ષય જેવા રોગનું નિયંત્રણ ન હતું, દુષ્કાળ વખતે ભૂખમરાથી મૃત્યુ થતાં, તબીબી સારવાર અને દવાઓ પૂરતી ન હતી. સારા રસ્તાઓ કે ઝડપી પરિવહન ન હતું; તેથી સગર્ભા મહિલાનું મૃત્યુપ્રમાણ વધુ હતું. આવાં કારણોસર વસતિવધારો દેખાતો નહોતો.

આજે પરિસ્થિતિમાં ઘણો બદલાવ થયેલો છે. હાલમાં મોટે ભાગે પૂરતો અને પોષક આહાર મળી રહે છે. તબીબી સારવાર અને દવાઓથી ચેપી રોગોનું નિયંત્રણ થયેલ છે. સારા રસ્તાઓ, ઝડપી પરિવહન અને ઝડપી સંદેશાવ્યવહારની સુવિધાથી તાત્કાલિક સારવાર મળી જાય છે. કુદરતી આપત્તિ પહેલાંની ચેતવણી અને તેના પછીના વ્યવસ્થાપન થકી પુનઃવસન થતાં મૃત્યુદરમાં ઘટાડો જોવા મળેલ છે, જેથી વસતિવૃદ્ધિ જોવા મળે છે. ઉપર્યુક્ત પરિબળો ઉપરાંત માનવ-આયુષ્યમર્યાદામાં સુધારો થયેલો છે. 1920માં સરેરાશ આયુષ્ય 40/41 વરસ

આસપાસ હતું, જે આજે 63/64 વરસ આસપાસ થયેલ છે. ઉપરાંત કેટલાંક કારણોસર જન્મદરમાં ઘટાડો થયેલ નથી. જેમકે નિરક્ષરતા, અંધશ્રદ્ધા ને વહેમ, રૂઢિગત માન્યતાઓની પરંપરા, બાળલગ્ન, ગરીબી, વિધવા પુનઃલગ્ન, નાના કુટુંબની આદર્શ ભાવનાનો અભાવ જેવાં અનેક પરિબળોથી વસતિવધારો જોવા મળે છે.

વસતિવધારો થતાં કેટલીક વ્યવસ્થાપન બાબતની સમસ્યા પેદા થાય છે, જેમાં ખોરાક, પાણી, રહેઠાણ, પર્યાવરણનું પ્રદૂષણ, સંરક્ષણ, રોજગારી, ટ્રાફિક-નિયમન વગેરે જેને ઉકેલ અનેક યોજનાઓ, તકેદારીનાં પગલાં તથા કાયદાકીય જોગવાઈ પણ કરવી પડે છે.

### આટલું જાણો

બાળલગ્ન પ્રતિબંધધારા મુજબ પુરુષની ઉંમર 21 વર્ષ અને સ્ત્રીની ઉંમર 18 વર્ષ લગ્ન માટે નક્કી થયેલ છે. તે પહેલાં લગ્ન કરવા એ ગુનો છે.

### પ્રવૃત્તિ

આટલું અવશ્ય વિચારીએ જ... ચર્ચા કરો...

(1) 'ઓછાં બાળ, જય ગોપાળ.' (2) 'નાનું કુટુંબ, સુખી કુટુંબ.'

- દરેક કુટુંબ કે સમાજ માટે નાના કુટુંબની આદર્શ ભાવના છે કે કેમ ? તેની ચર્ચા કરી નોંધ તૈયાર કરાવો.
- સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, વહેમ, રૂઢિઓની પરંપરા, નિરક્ષરતા દૂર કરવા શું કરવું જોઈએ ? ચર્ચા કરાવી નોંધ તૈયાર કરાવો.

**1901થી 2011 દરમિયાન ભારતીય જનસંખ્યાની સ્થિતિ જાણી અર્થઘટન કરો.**

| Census Years<br>વર્ષ | Population<br>કુલ જનસંખ્યા | Change in Population between Censuses<br>વધારો/ઘટાડો | Per cent change between Censuses<br>ટકાવારીમાં થયેલ ફેરફાર | Annual Growth Rate (per cent)<br>વાર્ષિક વૃદ્ધિદર (ટકામાં) |
|---|---|---|---|---|
| 1901 | 238,396,327 | – | – | – |
| 1911 | 252,093,390 | 13,697,063 | 5.8 | 0.6 |
| 1921 | 251,321,213 | –772,177 | – 0.03 | 0 |
| 1931 | 278,977,238 | 27,656,025 | 11.0 | 1.0 |
| 1941 | 318,660,580 | 39,683,342 | 14.2 | 1.3 |
| 1951 | 316,088,090 | 42,427,510 | 13.3 | 1.3 |
| 1961 | 439,234,771 | 78,146,681 | 21.6 | 2.0 |
| 1971 | 548,159,652 | 108,924,881 | 24.8 | 2.2 |
| 1981 | 683,329,097 | 135,169,445 | 24.7 | 2.2 |
| 1991 | 846,421,039 | 163,091,942 | 23.9 | 2.2 |
| 2001 | 1,028,737,436 | 182,316,397 | 21.5 | 2.0 |
| 2011 | 1,210,193,422 | 181,455,986 | 17.6 | 1.6 |

(1) કયા દાયકામાં વસતિમાં વધારો અને ઘટાડો થયેલ છે તે નોંધો.

(2) કયા દાયકામાં સૌથી વધારે વસતિવધારો થયેલ છે ? શું કારણ હોઈ શકે ?

(3) કયા દાયકામાં વસતિમાં ઘટાડો થયેલ છે ? શું કારણ હોઈ શકે ?

(4) છેલ્લા દાયકાનો વૃદ્ધિદર ઘટવાના કયાં-કયાં કારણો હોઈ શકે ?

**વસતિગીચતા :**

કોઈપણ નિશ્ચિત વિસ્તારમાં વસવાટ કરતી જનસંખ્યાનું પ્રમાણ એ વસતિગીચતા છે, જેમાં દર ચોકિમીએ સરેરાશ જેટલા લોકોનો વસવાટ થાય, તેને વસતિગીચતા કહી શકાય. વસતિગીચતા એ ભૌગોલિક, સામાજિક અને આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલ છે.

**આટલું જાણો**

| પ્રાંત/દર | કુલ વસતિ (મિલિયન) 2008 | સરેરાશ વૃદ્ધિ દર% (2005-10) | કુલ ઉત્પાદકતા દર (2007) | બાળ મૃત્યુદર (દર 1000 એ) | સરેરાશ આયુષ્ય વર્ષોમાં પુરુષ | સરેરાશ આયુષ્ય વર્ષોમાં સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| સમગ્ર વિશ્વ | 6,749.7 | 1.2 | 2.54 | 49 | 65.1 | 69.6 |
| વિકસિત દેશો | 1226.3 | 0.3 | 1.60 | 7 | 73.0 | 80.2 |
| વિકાસશીલ દેશો | 5523.4 | 1.4 | 2.73 | 54 | 63.8 | 67.4 |
| ભારત | 1186.2 | 1.5 | 2.78 | 54 | 63.3 | 66.6 |

**વસતિના કદની દૃષ્ટિએ અગ્રિમ દસ દેશો**


| ઈ.સ.2008 | | | ઈ.સ. 2050 (સંભવિત) | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | દેશ | વસતિ (મિલિયન)* | ક્રમ | દેશ | વસતિ (મિલિયન) |
| 1 | ચીન | 1324.7 | 1 | ભારત | 1755.2 |
| 2 | ભારત | 1149.3 | 2 | ચીન | 1437.0 |
| 3 | યુ.એસ. | 304.5 | 3 | યુ.એસ. | 438.2 |
| 4 | ઈન્ડોનેશિયા | 239.9 | 4 | ઈન્ડોનેશિયા | 343.1 |
| 5 | બ્રાઝિલ | 195.1 | 5 | પાકિસ્તાન | 295.2 |
| 6 | પાકિસ્તાન | 172.8 | 6 | નાઈજીરિયા | 282.2 |
| 7 | નાઈજીરિયા | 148.1 | 7 | બ્રાઝિલ | 259.8 |
| 8 | બાંગ્લાદેશ | 147.3 | 8 | બાંગ્લાદેશ | 215.1 |
| 9 | રશિયા | 141.9 | 9 | કૉંગો, ડેમ ગણરાજ્ય | 189.3 |
| 10 | જાપાન | 127.7 | 10 | ફિલિપિન્સ | 150.1 |

* 1. **મિલિયન** = 10 લાખ.


દુનિયાના બધા જ દેશોમાં વસતિનાં વિવિધ પ્રમાણ છે. આપણા દેશમાં પણ વિવિધ પ્રદેશો કે વિસ્તારમાં વસતિપ્રમાણ સરખું નથી. નદીકિનારાનાં મેદાનો, ઔદ્યોગિક વિસ્તારો, મુખત્રિકોણ પ્રદેશના ફળદ્રુપ વિસ્તારોમાં વસતિગીચતા જોવા મળે છે, જ્યારે પહાડી પ્રદેશો, રણપ્રદેશો કે વન્ય વિસ્તારોમાં જે-તે પ્રદેશની પ્રતિકૂળતાને કારણે વસતિગીચતા ઓછી હોય છે.

**પ્રવૃત્તિ**

**વસતિગીચતાનાં પાંચ મોટાં રાજ્યો અલગ રંગ પૂરી દર્શાવો.**




**6.1 ભારતની વસતિગીચતા**




**6.2 ભારત રાજકીય**

## વસતિગીચતા પર અસર કરતાં પરિબળો :

વસતિગીચતા પર પર્યાવરણનાં વિવિધ પરિબળોની અસર થાય છે. જેમકે સ્થળની ઊંચાઈ, ઠંડી-ગરમીનું પ્રમાણ, આબોહવા, ભૂપૃષ્ઠ, પાકો, ખનિજો, પાણી, ઊર્જા અને તેની પ્રાપ્તિ ઉપરાંત પરિવહન, સંદેશાવ્યવહાર સુવિધા, શિક્ષણ, આરોગ્ય, ઔદ્યોગિકીકરણ, રોજગારીની તકો, શહેરીકરણ તેમજ અદ્યતન ટેક્નોલૉજીથી આર્થિક વિકાસવૃદ્ધિ પણ વસતિગીચતા સાથે સંકળાયેલ છે.

### આટલું જાણીને તેનાં કારણો વિચારો :

| વસતિમાં ટોપ 5 જિલ્લાઓ | | | | |
|---|---|---|---|---|
| | જિલ્લા | પુરુષો | મહિલાઓ | કુલ |
| 1 | અમદાવાદ | 37,83,050 | 34,21,150 | 72,04,200 |
| 2 | સુરત | 33,93,742 | 26,79,489 | 60,73,231 |
| 3 | વડોદરા | 21,58,229 | 20,07,339 | 41,65,568 |
| 4 | રાજકોટ | 19,75,131 | 18,24,639 | 37,99,770 |
| 5 | બનાસકાંઠા | 16,09,148 | 5,06,897 | 21,16,045 |

| વસતિગીચતામાં ટોપ 5 જિલ્લાઓ | | |
|---|---|---|
| ક્રમ | જિલ્લા | વસતિગીચતા (એક ચોકિમી પ્રમાણ) |
| 1 | સુરત | 1376 |
| 2 | અમદાવાદ | 890 |
| 3 | આણંદ | 711 |
| 4 | ગાંધીનગર | 660 |
| 5 | નવસારી | 602 |

### વધારે વસતિ ધરાવતાં રાજ્યો :


ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પ.બંગાળ, મધ્યપ્રદેશ

### ઓછી વસતિ ધરાવતાં કેન્દ્રશાસિત વિસ્તારો :

લક્ષદ્વીપ ટાપુઓ, લદ્દાખ, અંદમાન-નિકોબાર ટાપુ

### જન્મદર :

કોઈ પણ નિશ્ચિત વિસ્તારમાં **દર હજારની વસતિએ, એક વરસ દરમિયાન** જન્મતાં જીવિત બાળકોની સંખ્યાને ‘જન્મદર’ કહેવામાં આવે છે. ભારતમાં છેલ્લા ઘણાં વરસોથી જન્મદરનું પ્રમાણ ઘટતું જાય છે. લોકો કુટુંબનિયોજન અપનાવતાં થયા છે. છતાં ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો અભાવ, આરોગ્યવિષયક સેવાનો અભાવ, ગરીબી, બેકારી, પરિવાર નિયમનની સમજનો અભાવ જોવા મળે છે એટલે જન્મદરનું પ્રમાણ ઊંચું રહે છે.




**6.3 જન્મ-મૃત્યુદરની તુલના**

### મૃત્યુદર :

‘‘કોઈ પણ નિશ્ચિત વિસ્તારમાં **દર હજારની વસતિએ, એક વરસ દરમિયાન** મૃત્યુ પામનાર સંખ્યાને ‘મૃત્યુદર’ કહેવામાં આવે છે.’’ જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે જ. તેથી મૃત્યુદરને 0 (શૂન્ય) પર ન લાવી શકાય. છતાં સંશોધનો, તબીબી સારવાર, દવાઓ, રસીકરણ, રોગનિયંત્રણ, અદ્યતન ટેક્નોલૉજીથી મૃત્યુદર નીચે લાવી શકાય છે.

**સ્થળાંતર :**

''માનવવસતિ એક સ્થળેથી બીજા સ્થળે રહેઠાણ-બદલી કરે તેને સ્થળાંતર કહેવાય છે.'' પોતાની આજીવિકા અને વિકાસ માટે માણસને વિવિધ પ્રવૃત્તિ કરવી પડે છે, જેમાંથી સામાજિક અને સાંસ્કૃતિક આવશ્યકતાઓ જન્મે છે. એટલે માનવી પોતાને અનુકૂળ સ્થળની પસંદગી કરી વસવાટ કરે છે અને સમયે-સમયે પરિવર્તન પણ કરતો રહે છે. જેમકે શિક્ષણ, વેપાર, ઉદ્યોગો, રોજગારી, વહિવટી જેવાં કારણોસર ગ્રામ્યવસતિ શહેર તરફ આકર્ષાય છે. હાલમાં **ગુજરાતમાં** 62 % વસતિ ગ્રામ્ય વિસ્તારમાં અને 38 % શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે.

**પ્રવૃત્તિ**

- તમે રહેતા હોય તે વિસ્તારમાંથી લોકો વિદેશમાં જઈ સ્થિર થયેલા હોય, તે દેશોની યાદી બનાવો.
- ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી આવીને સ્થિર થયેલાં લોકોના રાજ્યોની યાદી બનાવો.

**વસતિમાળખું :**

''કુલ વસતિના વિવિધ જૂથમાં કરવામાં આવેલ વર્ગીકરણને વસતિમાળખું કહેવાય છે,'' જેમાં સ્ત્રી-પુરુષનું જૂથ, વયકક્ષાજૂથ, સાક્ષરતાનું પ્રમાણજૂથ, ગ્રામ્ય-શહેરી વસતિજૂથ, ધાર્મિક અને ભાષાકીય જૂથ, વ્યાવસાયિક જૂથનો સમાવેશ થાય છે. વિવિધ જૂથ મુજબ જાણકારી પ્રાપ્ત કરવા વસતિમાળખું જાણવું જરૂરી છે.

**વયજૂથ :**

દેશની કુલ વસતિમાં બાળકો, પ્રૌઢો તથા વરિષ્ઠ નાગરિકોનો સમાવેશ થાય છે, જેને વયજૂથમાં વહેંચવામાં આવેલ છે.

| બાળકોનું જૂથ | પ્રૌઢોનું જૂથ | વરિષ્ઠ નાગરિકોનું જૂથ |
|---|---|---|
| 0 થી 14 વર્ષ સુધી | 15થી 59 વર્ષ સુધી | 59થી ઉપરની ઉંમરવાળા |

આ ત્રણે જૂથમાં મુખ્ય તફાવત બાળકો અને વરિષ્ઠ નાગરિકોની વસતિમાં છે. કુલ વસતિનાં 3થી 4 % બાળકો હોય છે, જ્યારે વરિષ્ઠ નાગરિકો 7 % જેટલા છે. બાકીના પ્રૌઢો છે.

**આટલું જાણો**

જાપાનમાં વરિષ્ઠ નાગરિકોનું વયજૂથ પ્રમાણ ઊંચું છે.

**ચાલો, એક પ્રોજેક્ટ કરીએ :**

**પ્રોજેક્ટ-વર્ક**

તમે જે મહોલ્લા કે વિસ્તારમાં રહેતા હો તેમાંથી દશ પરિવારની વસતિગણતરી કરી સંખ્યા મેળવો અને તેમને વયજૂથમાં વહેંચો.

## વિચારો

- ભારત વિસ્તારની રીતે દુનિયામાં સાતમા ક્રમે છે, તો ભારતથી વિસ્તારમાં મોટા છ દેશ કયા-કયા ?
- ગુજરાતમાં કયાં-કયાં પ્રાણીઓ અને પંખીઓની ગણતરી કરવામાં આવી છે ?
- ઉત્તર પ્રદેશ રાજ્યમાં શા માટે વધુ વસતિ છે ?
- સિક્કિમ રાજ્યમાં શા માટે ઓછી વસતિ છે ?
- તમારી શેરી કે સોસાયટીમાં વધુ સભ્યસંખ્યા અને ઓછી સભ્યસંખ્યા ધરાવતાં કુટુંબનું અવલોકન કરો. બંને પરિવારોમાં કઈ-કઈ સગવડ અને અગવડ પડે છે ? તે નોંધો.

## સ્ત્રી-પુરુષ માળખું (જાતિ-પ્રમાણ)

જાતિપ્રમાણ એટલે દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ, જેને જાતિ-પ્રમાણ (Sex-Ratio) પણ કહેવાય છે. 1951 પછીથી જાતિપ્રમાણ ક્રમશઃ ઘટતું જાય છે.

### આટલું જાણો

**2011ની વસતિગણતરી મુજબ સ્ત્રી-પુરુષોનું પ્રમાણ (Sex Retio)**

| ક્રમ | દેશ/રાજ્ય | 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ |
|---|---|---|
| | ભારત | 940 |
| 1 | ગુજરાત | 918 |
| 2 | ઉત્તરપ્રદેશ | 908 |
| 3 | બિહાર | 916 |
| 4 | કેરલ | 1084 |
| 5 | પ. બંગાળ | 947 |
| 6 | હરિયાણા | 877 |
| 7 | અસામ | 954 |

**રેડ એલર્ટ !!!**

| | |
|---|---|
| **અમરેલીમાં** | 987 સામે 964ની ચોંકાવનારી સંખ્યા જોવા મળી છે. |
| **જૂનાગઢમાં** | હજાર પુરુષે ત્રણ મહિલા ઘટી, 955ના સ્થાને 952 છે. |
| **ભાવનગરમાં** | હજાર પુરુષ સામે 937 હતી તે ઘટીને 931 થઈ છે. |
| **રાજકોટમાં** | 930ના આંકડા સામે 924નો આંક પ્રાપ્ત થયો છે. |
| **કચ્છમાં** | ગંભીર પ્રમાણ છે. 942ની સામે માત્ર 907 મહિલા જણાઈ છે. |

**'બેટીબચાવો' આંદોલન શરૂ કરી ગુજરાત સરકારે ભ્રૂણહત્યા સામે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે.**

## સાક્ષરતા :

કોઈ પણ દેશના વિકાસનો આધાર દેશના સાક્ષરતાપ્રમાણ પર રહેલો છે. સાક્ષરતા એ વસતિની ગુણવત્તા અને સામાજિક વિકાસને માપવાનો મહત્ત્વનો માપદંડ છે અને દેશના આર્થિક વિકાસની ચાવી છે.

1991ની વસતિગણતરી વખતે સાક્ષરતાનો માપદંડ નક્કી થયેલ છે. તે મુજબ '6 વરસથી વધુ વયજૂથની કોઈ પણ વ્યક્તિ કોઈ પણ એક ભાષા વાંચી-લખી ને સમજી શકતી હોય તે સાક્ષર કે અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ ગણાય છે.' ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ક્રમશઃ વધતુ જાય છે, જે સારી બાબત છે.

### આટલું જાણો

| વર્ષ | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|
| 1901 | 5.35 | 9.83 | 0.60 |
| 1911 | 5.92 | 10.56 | 1.05 |
| 1921 | 7.16 | 12.21 | 1.81 |
| 1931 | 9.5 | 15.59 | 2.93 |
| 1941 | 16.1 | 24.9 | 7.3 |
| 1951 | 16.67 | 24.95 | 7.93 |
| 1961 | 24.02 | 34.44 | 12.95 |
| 1971 | 29.45 | 39.45 | 18.69 |
| 1981 | 36.23 | 46.89 | 24.82 |
| 1991 | 42.84 | 52.74 | 32.17 |
| 2001 | 64.83 | 75.26 | 53.67 |
| 2011 | 74.04 | 82.14 | 65.46 |

| ક્રમ | દેશ/રાજ્ય | કુલ સાક્ષરતા | પુરુષોનો સાક્ષરતા દર | સ્ત્રીઓનો સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| 1. | ભારત | 74.04 | 82.14 | 65.46 |
| | રાજ્યો : | | | |
| 1. | કેરળ | 93.91 | 96.02 | 91.98 |
| 2. | તમિલનાડુ | 80.33 | 86.81 | 73.86 |
| 3. | ગુજરાત | 79.31 | 87.23 | 70.73 |
| 4. | બિહાર | 63.82 | 73.39 | 53.33 |
| 5. | અરુણાચલ પ્રદેશ | 66.95 | 73.69 | 59.57 |
| 6. | રાજસ્થાન | 67.06 | 80.51 | 58.66 |

### આટલું જાણો

1991માં સાક્ષરતાનો માપદંડ નક્કી થયા મુજબ ભારતની કુલ વસતિમાંથી 0 થી 6 વર્ષની વયને બાદ કરતાં જે વસતિ રહે તેનો સાક્ષરતા દર કાઢવામાં આવતાં સાક્ષરતાના દરમાં વૃદ્ધિ જોવા મળે છે.

| સાક્ષરતા : ટોચના 5 જિલ્લાઓ | | | |
|---|---|---|---|
| જિલ્લા | કુલ | પુરુષ | મહિલા |
| અમદાવાદ | 86.65% | 92.44% | 80.29% |
| સુરત | 86.65% | 91.05% | 81.02% |
| આણંદ | 85.79% | 93.23% | 77.76% |
| ગાંધીનગર | 85.73% | 93.59% | 77.37% |
| ખેડા | 84.31% | 93.40% | 76.67% |

**પ્રશ્નોના જવાબ શોધો :**

(1) કયા રાજ્યની સાક્ષરતા સૌથી વધુ છે ?
(2) કયા રાજ્યની સાક્ષરતા સૌથી ઓછી છે ?
(3) ભારતના કુલ સ્ત્રી-પુરુષોની સાક્ષરતાનો દર કેટલો છે ?
(4) ગુજરાતના કયા-કયા જિલ્લામાં સાક્ષરતાદર સમાન છે ?
(5) ઓછો સાક્ષરતાદર હોવાનાં કયાં કારણો હોઈ શકે તે વિચારીને લખો.

**વ્યાવસાયિક માળખું :**

દેશની કુલ વસતિમાંથી વિવિધ વ્યવસાયમાં રોકાયેલા લોકોને વ્યવસાય જૂથમાં સમાવી શકાય. તેમાં (1) કામ કરનાર જૂથ (2) કામ નહીં કરનાર જૂથ એમ બે ભાગ પડે છે. દેશમાં ઝડપથી થતાં ઔદ્યોગિકીકરણથી કામ કરનાર જૂથ વધતું જાય છે.

**વસતિમાં પરિવર્તન :**

દેશની વસતિમાં બે પ્રકારનાં પરિવર્તન જોવા મળે છે :

**(1) સંખ્યાત્મક પરિવર્તન :** ક્યાંક વસતિમાં વધઘટ થતી જોવા મળે છે. વસતિવૃદ્ધિદર અને સ્થળાંતરને લીધે આમ થાય છે. ઉપરાંત ભૂમિહીન લોકોની સ્થિતિ, ઓછું જમીન પ્રમાણ, શહેરીકરણ તેમજ સામાજિક અને વહીવટી કારણોસર વસતિમાં વધઘટ થાય છે.

**(2) ગુણાત્મક પરિવર્તન :** 'વ્યક્તિના વિચાર અને સ્વભાવ, રહેણીકરણી, જીવનશૈલીમાં આવતું પરિવર્તન એ ગુણાત્મક પરિવર્તન છે.' તેની પાછળ ખંત, ઉદ્યમ, રાષ્ટ્રીય ભાવના, ઉત્સાહ, સાહસ વગેરે જવાબદાર કારણો છે. જેનાથી વ્યક્તિના વૈચારિક, સામાજિક, સાંસ્કૃતિક જીવનમાં કેટલાંક પરિવર્તનો થાય છે.

**ધાર્મિકજૂથ :** ભારત સર્વધર્મસમભાવ ધરાવતો દેશ છે. તેમાં દરેક ધર્મની પ્રજા વસે છે, જેમાં હિન્દુધર્મની પ્રજા સૌથી વધારે છે. ત્યાર પછી ક્રમશઃ ઇસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન, જરથોસ્તીધર્મ પાળતા લોકો રહે છે.

**ભાષાજૂથ :** ભારત ઘણો વિશાળ અને વિવિધતા ધરાવતો દેશ છે. તેમાં અનેક ભાષાઓ અને બોલીઓ બોલાય છે. **બંધારણ મુજબ હાલ 22 માન્ય ભાષાઓ છે.** હિન્દી અને અંગ્રેજીને વહીવટી ભાષાનો દરજ્જો આપવામાં આવેલ છે. ભારતમાં ભાષાવાર રાજ્યોની રચના થયેલી છે.

**પ્રવૃત્તિ**

ભારતીય ચલણી નોટો પર છાપેલી માન્ય ભાષાઓ ગણી જુઓ. કેટલીક બાકીની માન્ય ભાષાઓ વિશે જાણો.

**આરોગ્ય-જૂથ :** 'માનવીનું આરોગ્ય એટલે શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક તત્ત્વો સાથેની સમૃદ્ધિને આરોગ્ય કહી શકાય.' ઉત્તમ કક્ષાનું આરોગ્ય રાષ્ટ્રના વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

**વિચારો**

- રાષ્ટ્રના વિકાસ માટે તંદુરસ્ત માનવવસતિનું યોગદાન મહત્ત્વનું છે કે કેમ ? તેનું ચિંતન કરો.

**રાષ્ટ્રીય વસતિનીતિ :** દેશની વસતિ એ જ દેશની શક્તિ છે. માનવ-સંસાધન શિક્ષિત અને તાલીમબદ્ધ, તંદુરસ્ત ને શક્તિશાળી હશે, તો જ દેશનો વિકાસ થશે. માનવશક્તિનો ઉપયોગ દેશના વિકાસમાં પાયાનું કામ આપે છે. વિશ્વના હરણફાળ ભરતાં દેશો સાથે ઊભા રહેવા ને ગતિશીલતા લાવવા આપણે જાગૃત બનવું પડશે અને દેશની સમૃદ્ધિમાં માનવશક્તિના મૂલ્યને પ્રાધાન્ય આપવું પડશે. દેશના વિકાસને અવરોધતાં પરિબળોને નિયંત્રિત કરવાં પડશે. તેથી વસતિવિસ્ફોટનું નિયંત્રણ કરવા 1951થી નક્કી થયેલી વસતિનીતિને અસરકારક અમલમાં મૂકવી જ રહી.

વસતિનીતિના ભાગ રૂપેની યોજનાઓ જેવી કે પોષક આહાર-યોજના, માતા-શિશુસંભાળ ને સારવાર, સ્વચ્છ પાણી, શાળા આરોગ્ય-કાર્યક્રમ, બાળ-અધિકારોનું રક્ષણ જેવા અભિગમને વેગવાન બનાવવા પડશે. અને પંચવર્ષીય યોજનાઓમાં પણ વસતિનીતિને નજર સમક્ષ રાખીને બનાવવી પડે છે. આપણે તેમાં જાગૃત બની સહકાર આપી આપણું યોગ્ય પ્રદાન અદા કરવા કટિબદ્ધ બનીએ.

*"સ્વસ્થ ભારત, સમૃદ્ધ ભારત."*

*"શારીરિક-માનસિક સમૃદ્ધ નાગરિક એ જ સમૃદ્ધ દેશ."*

*"ઓછાં બાળ, જય ગોપાળ."*

*"હમ દો, હમારે દો."*

*"નાનું કુટુંબ સુખી કુટુંબ."*

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) વસતિગણતરી શા માટે કરવામાં આવતી હશે ? તમારા વિચારો લખો.

(2) વસતિવધારો કેમ ઝડપથી થતો રહે છે ? તે જણાવો.

(3) જન્મદર અને મૃત્યુદર એટલે શું ?

(4) વસતિગીચતાની વ્યાખ્યા લખો.

(5) 'સ્થળાંતરણ' એટલે શું ?

**2. નીચેના શબ્દોની સમજૂતી આપો :**

(1) સાક્ષરતા (2) વયજૂથ (3) વસતિમાળખું

**3. નીચેના પ્રશ્નોના વિગતે ઉત્તર આપો.**

(1) ગુણાત્મક પરિવર્તન વિશે ટૂંકમાં માહિતી આપો.

(2) માનવ-સંસાધનને રાષ્ટ્રની મહત્ત્વની મૂડી શા માટે ગણી શકાય ?

**4. ખાલી જગ્યા પૂરો :**

(1) 2011ની વસતિગણતરી દરમિયાન ગીચતાનો દર ......... નોંધાયેલ છે.

(2) વિશ્વમાં વસતિની દૃષ્ટિએ ભારત ......... ક્રમે છે.

(3) ભારતમાં ......... ધર્મ પાળનારની જનસંખ્યા વધુ છે.

(4) 2011ની વસતિગણતરી મુજબ ગુજરાતમાં જાતિપ્રમાણ ......... છે.

(5) દુનિયાની કુલ વસતિના આશરે ......... ટકા વસતિ ભારતમાં વસે છે.

**વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ :**

(1) વસતિના વિસ્તરણ પર અસર કરતાં પરિબળોનો ચાર્ટ્સ બનાવો.

(2) ભારતમાં જાતિપ્રમાણ, સાક્ષરતાપ્રમાણ અને વસતિવૃદ્ધિ દર્શાવતો ગ્રાફ (આલેખ) તૈયાર કરો.

(3) સામયિકો કે વર્તમાનપત્રોનાં મંતવ્યો જેવાં કે સાક્ષરતા, બાળલગ્ન, વસતિને લગતી સમસ્યાઓ અંગેનાં લેખો, કાવ્યો, કાર્ટૂન્સ, અન્ય સાહિત્યેક માહિતી એકઠી કરી બુલેટિન પર દર્શાવો.

(4) વસતિવૃદ્ધિનાં કારણો-પરિબળો તથા વસતિગીચતા પર અસર કરતાં પરિબળોની ચર્ચા કરી નોંધ તૈયાર કરો.

•

# 7

## મહાત્માના માર્ગ પર - 1

બાપુ, રાષ્ટ્રપિતા અને મહાત્મા તરીકે આપણે જેને ઓળખીએ છીએ, તે મહાપુરુષ હતા મોહનદાસ કરમચંદ ગાંધી. બૅરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી તેઓ વકીલાત કરવા દક્ષિણ આફ્રિકા ગયા. દ. આફ્રિકાના મૂળ વતનીઓને પરાધીન બનાવીને ગોરા લોકો એ સમૃદ્ધ દેશના માલિક બની બેઠા હતા. ગોરાઓની સરખામણીમાં અહીં ભારતીયોને બહુ જ ઓછા હક ભોગવવા મળતા. આ અન્યાય અને અપમાનો સામે ગાંધીજીએ પડકાર કર્યો. પોતાને થતા અન્યાય સામે સત્ય અને અહિંસાથી લડવાની અનોખી પદ્ધતિ તેમણે શોધી. નામ આપ્યું સત્યાગ્રહ.


**7.1 ગાંધીજી**

**આટલું જાણો**

ગાંધીજી ડરબન કોર્ટ જોવા ગયા. ત્યાં ન્યાયાધીશે પાઘડી ઉતારવા હુકમ કર્યો. ગાંધીજીએ કોર્ટ છોડી પણ પાઘડી ન ઉતારી સ્વમાન જાળવ્યું. તેમનું આ વર્તન ત્યાં વસતા ભારતીયોને ગમ્યું.

દ. આફ્રિકામાં ગાંધીજીની આગેવાની હેઠળ લડત ચાલી. ભારતીયોએ અપાર કષ્ટો વેઠ્યાં, પણ ક્યાંય હિંસા ન આચરી. અંતે સફળતા મળતાં આ લડતની નોંધ લેવાઈ.

**આટલું જાણો**

1. પૂરું નામ : મોહનદાસ કરમચંદ ગાંધી
2. જન્મદિન : 2-10-1869
3. જન્મસ્થળ : પોરબંદર
4. માતા : પૂતળીબાઈ
5. પત્ની : કસ્તુરબા
6. આધ્યાત્મિક ગુરુ : શ્રીમદ્ રાજચંદ્ર
7. રાજકીય ગુરુ : ગોપાલકૃષ્ણ ગોખલે
8. આત્મકથા : સત્યના પ્રયોગો
9. નિર્વાણદિન : 30-01-1948
10. સમાધિ : રાજઘાટ (દિલ્હી)



**7.2 નાતાલકૉંગ્રેસના સંસ્થાપક ડર્બન-દ.આફ્રિકા-1895**

**1895માં અન્ય ભારતીયોની સાથે ગાંધીજીએ રંગભેદનો વિરોધ કરવા નાતાલકૉંગ્રેસ સ્પેશ સ્થાપી હતી. શું તમે આ ચિત્રમાં ગાંધીજીને ઓળખી શકો છો ? પાછળની હરોળમાં મધ્યમાં ટાઈ પહેરીને દેખાઈ રહ્યા છે.**

દ. આફ્રિકામાં સત્યાગ્રહની સફળ લડત કરીને ઈ.સ. 1915માં 46 વર્ષની ઉંમરે ગાંધીજી ભારત આવ્યા. દ. આફ્રિકાની રંગભેદની લડતમાં સફળતા મળતા આંતરરાષ્ટ્રીય સ્તરે લોકો તેમનો આદર કરતા હતા. મુંબઈના એપોલો બંદર પર તેમનું ભવ્ય સ્વાગત થયું. ગોપાલકૃષ્ણ ગોખલેના કહેવાથી ગાંધીજીએ પહેલા વર્ષે આખા ભારતનો પ્રવાસ કરીને લોકોની જરૂરિયાત અને પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કર્યો. ભ્રમણ બાદ ગાંધીજીએ 25મી મે 1915ના દિવસે અમદાવાદના કોચરબમાં 'સત્યાગ્રહ' આશ્રમની સ્થાપના કરી. એક વર્ષ બાદ તેઓ સાબરમતી નદીના કિનારે આશ્રમ લઈ ગયા.

### ચંપારણ સત્યાગ્રહ (1917) :

હિમાલયની તળેટીમાં નેપાળની નજીક બિહારનો આ ચંપારણ પ્રદેશ આંબાવાડિયા માટે પ્રખ્યાત હતો. ચંપારણમાં યુરોપિયન જમીનદારો જમીનના 3/20 ભાગમાં ગળીનું ફરજિયાત વાવેતર કરી, ઉત્પાદન સસ્તી કિંમતે વેચવાની ખેડૂતોને ફરજ પાડતા હતા. રાજકુમાર શુક્લના આગ્રહથી આ પ્રશ્નની તપાસ કરવાનું ગાંધીજીએ નક્કી કર્યું. પણ તપાસ શરૂ કરે તે પહેલાં ત્યાંના મૅજિસ્ટ્રેટે તેમને નોટિસ દ્વારા ચંપારણ જિલ્લો તાત્કાલિક છોડી દેવાનું ફરમાન કર્યું. ગાંધીજીએ આ નોટિસનો અનાદર કર્યો.

ગાંધીજીએ ખેડૂતોની મુશ્કેલીઓ તૈયાર કરીને સરકારમાં રજૂઆત કરી. ચંપારણના મોતીહારી ગામમાં રહીને ગાંધીજીએ આ પ્રથા સામે લડત ચલાવી. છેવટે સત્યાગ્રહ સફળ થયો. ચંપારણના આ સત્યાગ્રહે આખા દેશના લોકોનું ધ્યાન ખેંચ્યું.

## ખેડા સત્યાગ્રહ (1917-1918) :

1917માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ. પાક નાશ પામ્યો. આમ છતાં સરકારે ખેડૂતોનું મહેસુલ માફ કરવાને બદલે જમીન મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કર્યું. ગાંધીજીના નેતૃત્વ હેઠળ ખેડૂતોએ બ્રિટિશ સરકાર સામે સત્યાગ્રહ શરૂ કર્યો. ગાંધીજીએ ખેડૂતોને કહ્યું કે, ''સરકાર આપણી માંગણી ન સ્વીકારે, તો આપણે મહેસૂલ ભરવાનું નથી.'' ગાંધીજીની હાકલને માન આપીને વલ્લભભાઈ પટેલે પોતાની વકીલાત છોડીને આંદોલનમાં ઝંપલાવ્યું.. ગાંધીજીએ કમિશનરને પત્ર લખીને જણાવ્યું કે, જો નબળી સ્થિતિવાળા ખેડૂતોનું મહેસૂલ માફ થશે, તો સારી સ્થિતિવાળા ભરી દેશે. અંતે કલેક્ટરે આવો જ હુકમ 1918માં આપતાં આંદોલન સફળ થયું.

ખેડાની લડત પરિણામની દૃષ્ટિએ નહિ; પરંતુ સિદ્ધાંતની દૃષ્ટિએ મહત્ત્વની રહી. ખેડૂતોમાં જાગૃતિ આવી. સરકાર તરફનો ડર દૂર થયો. ગાંધીજીને અને દેશને વલ્લભભાઈ પટેલ જેવા નિષ્ઠાવાન અને સમર્પિત સાથી મળ્યા.

**વિચારો**

ચંપારણ અને ખેડા-સત્યાગ્રહ વચ્ચેની સામ્યતા અને તફાવતની ચર્ચા કરો.

## રૉલેટ ઍક્ટ (1919) :


પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડનો વિજય થયો હતો. આ સમયે બ્રિટિશ સરકારે રૉલેટ ઍક્ટની જાહેરાત કરી. રૉલેટ ઍક્ટ મુજબ કોઈ પણ વ્યક્તિની ધરપકડ કારણ આપ્યા વિના કરી શકાય તથા ખાસ અદાલતમાં કામ ચલાવી તેને સજા કરી શકાય એવી જોગવાઈ હતી. આ કાયદો અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મૂળભૂત અધિકારો પર અંકુશ લગાવતો હતો. જ્યારે પોલીસને વધુ પડતા અધિકારો મળે, એ માટે હતો. લોકોએ આ કાયદાનો વિરોધ કર્યો. ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.

રૉલેટ સત્યાગ્રહ બ્રિટિશ શાસન સામે સમગ્ર ભારતનો પહેલો સંઘર્ષ હતો. જોકે તે મોટા ભાગે શહેરો પૂરતો સીમિત હતો. દેશમાં કાયદાના વિરોધમાં સરઘસો નીકળ્યાં. હડતાળોનું આયોજન થયું. સરકારે આ આંદોલન દબાવવા દમનકારી માર્ગ અપનાવ્યો.

## જલિયાંવાલા બાગનો હત્યાકાંડ (1919) :

રૉલેટ ઍક્ટના વિરોધમાં 30 માર્ચ અને 6 એપ્રિલ, 1919ના રોજ પંજાબમાં લોકોએ હડતાળ પાડી. અમૃતસરની પરિસ્થિતિ અંકુશ બહાર છે તેમ લાગતાં તેને લશ્કરને હવાલે કરવામાં આવ્યું. 13મી એપ્રિલ વૈશાખીના દિવસે જલિયાંવાલા બાગમાં શહીદોને અંજલિ આપવા અને પોતાના પ્યારા નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુની ધરપકડનો વિરોધ કરવા એક સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં અંદાજે દસ હજાર લોકો એકઠા થયા હતા. સભામાં શાંત અને નિ:શસ્ત્ર બેઠેલા લોકો ઉપર જનરલ ડાયરે કોઈ પણ ચેતવણી આપ્યા વિના ગોળીબારનો હુકમ આપ્યો. આ જગ્યામાં જવા-આવવા માટે માત્ર એક જ સાંકડું દ્વાર હતું. ફરતે ઊંચી દીવાલો હતી. પ્રવેશદ્વારથી સૈનિકોએ ગોળીબાર શરૂ કર્યો. એ ગોળીબાર દારૂગોળો ખલાસ થયો, ત્યારે જ અટક્યો. સરકારી


આંકડા મુજબ 379 લોકો મૃત્યુ પામ્યા અને 1200 ઘાયલ થયા, પરંતુ ખરેખર આ સંખ્યા વધારે હતી, તેમ મનાય છે. આ ઘટનાથી ગાંધીજીને હવે બ્રિટિશ ન્યાય અને નિષ્ઠામાં લેશમાત્ર વિશ્વાસ રહ્યો નહિ.



**7.3 જલિયાંવાલા બાગ - ચિત્રમાં લોકો દીવાલો પર બનેલી ગોળીઓની નિશાનીઓ બતાવી રહ્યા છે.**

**પ્રવૃત્તિ**

જલિયાંવાલા બાગ હત્યાકાંડના બીજા દિવસે એક ભારતથી અને એક ઇંગ્લૅન્ડથી પ્રસિદ્ધ થતા અખબારની સમાચાર-નોંધ તૈયાર કરો.



**રવીન્દ્રનાથ ઠાકુર**

**આટલું જાણો**

**નાઇટહૂડ :** બ્રિટિશ રાજા કે રાણી દ્વારા કોઈ વ્યક્તિને અસાધારણ વ્યક્તિગત સફળતા કે લોકસેવા માટે આપવામાં આવતો ઍવૉર્ડ.

- જલિયાંવાલા બાગના હત્યાકાંડના વિરોધમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે નાઇટહૂડનો ખિતાબ પરત કર્યો.

રૉલેટ ઍક્ટ સત્યાગ્રહ દરમિયાન લોકોએ હિન્દુ-મુસ્લિમ એકતા મજબૂત કરવા પ્રયાસ કર્યો. ગાંધીજી ઇચ્છતા હતા કે હિન્દુ અને મુસલમાન કોઈ પણ ન્યાયપૂર્ણ ઉદ્દેશ્ય માટે એકબીજાને સમર્થન આપે.

### ખિલાફત આંદોલન :

પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના વિજય પછી, વિજેતા રાષ્ટ્રોએ પરાજિત તુર્કી સાથે સંધિ કરવામાં આવી. આ સંધિની શરતો તુર્કી માટે કડક અને અન્યાયી હતી. તુર્કીનો સુલતાન એ વખતે ઈસ્લામધર્મનો ખલિફા (ધાર્મિક વડો) હતો. સંધિ મુજબ તેનું 'ખલિફાપદ' રદ કરવામાં આવ્યું. આ સંધિનો વિરોધ કરવા ભારતમાં જે આંદોલન થયું, તે 'ખિલાફત આંદોલન' કહેવાય છે. અલીભાઈઓ મૌલાના શૌકતઅલી અને મૌલાના મોહમ્મદઅલી આ ખિલાફત આંદોલનના મુખ્ય નેતાઓ હતા. ગાંધીજીએ તેમને સમર્થન આપતા કૉંગ્રેસને આગ્રહ કર્યો કે પંજાબમાં થયેલા અત્યાચારો અને ખિલાફત બાબતે વિરોધ કરવા મળીને અભિયાન ચલાવવું તથા સ્વરાજની માંગ કરવી.

### અસહકારનું આંદોલન (1920 - 1922) :

પોતાના પ્રસિદ્ધ પુસ્તક હિંદ સ્વરાજ (1909)માં ગાંધીજીએ કહ્યું છે કે, ભારતમાં બ્રિટિશ શાસન ભારતીયોના સહયોગથી જ સ્થાપ્યું હતું અને આ શાસન આ સહયોગના કારણે જ ચાલી રહ્યું છે. જો ભારતના લોકો પોતાનો સહયોગ પરત લઈ લે, તો એક વર્ષની અંદર જ બ્રિટિશ શાસન સમાપ્ત થઈ જાય અને સ્વરાજની સ્થાપના થઈ જશે.




**7.4 ગાંધીજી સાથે વાતચીત કરતા ચક્રવર્તી રાજગોપાલાચારી, વયોવૃદ્ધ રાષ્ટ્રવાદી અને દક્ષિણમાં મીઠાના સત્યાગ્રહના નેતાને લોકો રાજાજીના નામથી ઓળખે છે.**

અસહકારના વિચાર પર ગાંધીજીએ આંદોલન શરૂ કર્યું, જેનાં મુખ્ય બે પાસાં હતાં : પહેલાં પાસામાં સરકારી નોકરીઓ, ધારાસભાઓ, સરકારી શિક્ષણ સંસ્થાઓ, ખિતાબો, વિદેશી કાપડ અને માલનો બહિષ્કાર કરવો. જ્યારે રચનાત્મક પાસાંઓમાં ખાદી, અસ્પૃશ્યતા-નિવારણ, હિન્દુ-મુસ્લિમ એકતા, દારૂબંધી, સ્વદેશી તથા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર કરવાનો હતો.

અસહકાર આંદોલનની શરૂઆત મહાત્મા ગાંધીએ 'કૈસરે હિંદ'ની ઉપાધિ ત્યાગીને કરી. 1921-22માં આંદોલનને વધુ ગતિ મળી. વિદ્યાર્થીઓએ શાળા અને કૉલેજો છોડી દીધી. મોતીલાલ નેહરુ, સી. રાજગોપાલાચારી અને અસફઅલી જેવા ઘણા વકીલોએ વકીલાતનો ત્યાગ કર્યો. મોટા ભાગના ચૂંટાયેલા સભ્યોએ ધારાસભાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાંથી રાજીનામાં આપ્યાં. કેટલાંક સરકારી કર્મચારીઓએ નોકરીનો ત્યાગ કર્યો. લોકોએ ઠેરઠેર વિદેશી કાપડની હોળીઓ પ્રગટાવી. ઘેરઘેર રેંટિયો ગુંજતો થયો. સ્વદેશીનો પ્રચાર થયો. કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, જામિયા મિલિયા ઈસ્લામિયા, ગૂજરાત વિદ્યાપીઠ જેવી રાષ્ટ્રીય સંસ્થાઓની સ્થાપના થઈ.

મહાત્મા ગાંધી હિંસક આંદોલનની વિરુદ્ધમાં હતા. 1922માં જ્યારે ખેડૂતોના એક ટોળાએ ગોરખપુર જિલ્લાના ચૌરીચોરા (ઉત્તર પ્રદેશ)ના પોલીસસ્ટેશન ઉપર હુમલો કરી આગ લગાડી, જેમાં 22 પોલીસ જીવતા સળગી ગયા.

આ કારણે ગાંધીજીએ અસહકારનું આંદોલન એકાએક પાછું ખેંચી લીધું. ખેડૂતો બેકાબૂ થયા ન હતા, છતાં તેના શાંતિપૂર્ણ સરઘસ પર પોલીસે ગોળીઓ ચલાવી હતી.



**7.5 ચૌરીચોરા સ્થળ (ઉત્તરપ્રદેશ)**

અસહકારનું આંદોલન સમાપ્ત કરીને ગાંધીજીએ ગ્રામીણ વિસ્તારમાં રચનાત્મક કાર્ય કરવા પર ધ્યાન આપ્યું. વીસના દસકાની મધ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં કરવામાં આવેલાં સામાજિક કાર્યોના વળતરરૂપે ગાંધીવાદીઓને પોતાનો લોકમત ફેલાવવામાં મદદ મળી. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (R.S.S.)ની સ્થાપના પણ આ સમયગાળાની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ હતી. ભારતના ભવિષ્યને જો ધ્યાનમાં લઈએ આ પક્ષોના વિચારમાં મોટો તફાવત રહ્યો છે. તમારા શિક્ષકની મદદ લઈને આ રાજકીય પક્ષો (પોલિટિકલ પાર્ટીઝ)ના વિચાર બાબતે જાણકારી મેળવો.

**પ્રવૃત્તિ**

માની લો કે વર્ષ 1920 ચાલી રહ્યું છે. તમે સરકારી સ્કૂલના વિદ્યાર્થી છો. વિદ્યાર્થીઓને અસહકારના આંદોલનમાં જોડાવવા માટેનું આહ્વાન આપતું એક પોસ્ટર બનાવો.

### આટલું જાણો (જનતાના માનસ પર ગાંધીજીની તસવીર)

- આસામમાં 'ગાંધીમહારાજ કી જય'ના નારા લગાવીને ચાના બગીચાના મજૂરોએ પોતાનું વેતન વધારવા માંગ શરૂ કરી.
- ઘણાં બધાં અસમિયાં વૈષ્ણવ ગીતોમાં કૃષ્ણની જગ્યાએ 'ગાંધીરાજ'નું યશગાન થવા લાગ્યું હતું.
- ભારતનાં દેશી રજવાડાંઓ પણ ગાંધીજીથી પ્રભાવિત હતાં. જે પૈકી ગોંડલના રાજા સર ભગવતસિંહજીએ પોતાના રાજ્યમાં રચનાત્મક કાર્યોને વેગ આપ્યો. તેમણે કન્યા-કેળવણીને ઉત્તેજન આપ્યું અને કન્યા શિક્ષણ ફરજિયાત કર્યું. ગુજરાતી ભાષાનો શબ્દકોશ 'ભગવદ્ગોમંડલ'ની તેમણે રચના કરાવી.





**7.6 સાયમન કમિશનનો વિરોધ કરતા પ્રદર્શનકારીઓ**

**સાયમન કમિશન (1927) :** ઇંગ્લૅન્ડમાં બેઠેલી બ્રિટિશ સરકારે સાયમનની અધ્યક્ષતામાં એક કમિશન ભારત મોકલ્યું. આ આયોગને ભારતના રાજકીય જીવનના ભવિષ્યનો નિર્ણય કરવાનો હતો. આ કમિશનમાં એક પણ ભારતીય પ્રતિનિધિ ન હતો. આ નિર્ણયથી ભારતમાં ખૂબ જ અસંતોષ પેદા થયો. બધાં જ રાજકીય સંગઠનોએ સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો. જ્યારે કમિશનના સભ્યો ભારત પહોંચ્યા, ત્યારે વિરોધ પ્રદર્શનોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. પ્રદર્શનકારીઓનો નારો હતો : 'SIMON GO BACK.'

**બારડોલી સત્યાગ્રહ (1928) :**

અંગ્રેજ સરકારે બારડોલીના ખેડૂતો પર કરવેરામાં 22 % વધારો કરી દીધો. ખેડૂતોએ સરકારને રજૂઆત કરી, પણ સરકાર પર કંઈ જ અસર ન થઈ. છેવટે ખેડૂતોએ સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું. વલ્લભભાઈએ આ આંદોલનની આગેવાની સ્વીકારી. આંદોલન શરૂ થયું. રવિશંકર મહારાજ અને જુગતરામ દવે જેવા કાર્યકર્તાઓની મદદ મળી. ખેડૂતો નિર્ભય બની કાયદાઓનો ભંગ કરવા લાગ્યા. વલ્લભભાઈનાં જુસ્સાદાર ભાષણોથી ખેડૂતોમાં હિંમત આવી. અંતે અંગ્રેજ સરકારે વલ્લભભાઈને પૂના બોલાવ્યા. ખેડૂત પ્રતિનિધિઓની હાજરીમાં જ ન્યાયપૂર્ણ મહેસૂલ નક્કી કરવામાં આવ્યું. આ સફળ સત્યાગ્રહથી વલ્લભભાઈ 'સરદાર' કહેવાયા.



**7.7 સરદાર પટેલ**

**સરદાર પટેલે 1945-47ના સમયે આઝાદી માટેના વાર્તાલાપમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. 1918 પછી સ્વતંત્રતા-આંદોલનમાં પ્રથમ હરોળમાં રહેનારા પટેલ 1931માં કોંગ્રેસના અધ્યક્ષ પણ હતા.**


## આટલું જાણો

**આપણા શબ્દની શક્તિ :**

સત્ય માટેનો આગ્રહ એટલે સત્યાગ્રહ. બ્રિટિશ સત્તાને એનો એવો અનુભવ થયો કે વીસમી સદીથી 'SATYAGRAHA' શબ્દને અંગ્રેજી ભાષામાં સમાવી લેવાયો. અંગ્રેજી ભાષીને આ શબ્દનો અર્થ સમજાવવો નથી પડતો. સત્તાના દુરુપયોગની સામે આ એક નૈતિક આંદોલન છે. વિદેશમાં માર્ટિન લ્યૂથર કિંગ અને નેલ્સન મંડેલા પર આ પદ્ધતિની ખાસ અસર પડી. આજે વિશ્વના કોઈ પણ ભાગમાં આ પ્રકારના આંદોલન માટે 'સત્યાગ્રહ' શબ્દ વાપરી શકાય છે. આપણો આ શબ્દ આજે આંતરરાષ્ટ્રીય બની ચૂક્યો છે.

### નેહરુ-અહેવાલ (1928) :

ભારતના બધા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બનેલી એક સર્વપક્ષીય પરિષદ ફેબ્રુઆરી, 1928માં દિલ્હી ખાતે મળી. તેણે ભારતનું બંધારણ ઘડવા મોતીલાલ નેહરુના અધ્યક્ષપદે એક સમિતિ નીમી. તેણે બધા જ પક્ષોને અનુકૂળ આવે તેવો બંધારણીય મુસદ્દો તૈયાર કર્યો, જે 'નેહરુ-અહેવાલ' તરીકે જાણીતો છે; પરંતુ મુસ્લિમ લીગની અસંમતિને કારણે સરકારે તેનો અસ્વીકાર કર્યો.



**7.8 મોતીલાલ નેહરુ**

### પૂર્ણસ્વરાજ્યનો ઠરાવ (1929) :

નેહરુ રિપોર્ટ અનુસાર સાંસ્થાનિક સ્વરાજ્યને મુદ્દે ઊભા થયેલા વિવાદને ઉકેલવા માટે સરકારને અપાયેલ મુદત પૂરી થતી હોવાથી કૉંગ્રેસે લાહોર મુકામે જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં અધિવેશન બોલાવ્યું. સરકારનો કોઈ પ્રતિસાદ ન મળતાં રાવી નદીના તટે મળેલ આ અધિવેશને 'પૂર્ણસ્વરાજ' અંગેનો ઠરાવ પસાર કર્યો. ત્યાર બાદ 26 જાન્યુ., 1930ના રોજ આ સંદર્ભે કૉંગ્રેસે સ્વતંત્રતાના સોગંદ લીધા. આ બનાવની યાદમાં સ્વતંત્ર ભારતના બંધારણને પણ એ જ તારીખે અમલમાં મૂકવામાં આવ્યું.

## આટલું જાણો

મહાત્મા ગાંધીજી 1924માં બેલગાંવ કૉંગ્રેસ અધિવેશનમાં એક વખત પ્રમુખ બન્યા હતા.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) મહાત્મા ગાંધીજીએ દ. આફ્રિકામાં શા માટે સત્યાગ્રહ કર્યો ?

(2) સત્યાગ્રહનાં મહત્ત્વનાં પાસાંઓ કયાં-કયાં ?

(3) રૉલેટ ઍક્ટને ગાંધીજીએ શા માટે 'કાળો કાયદો' કહ્યો ?

(4) ભારતમાં 'ખિલાફત આંદોલન' શા માટે શરૂ થયેલું ?

(5) ગાંધીજીએ અસહકારનું આંદોલન શા માટે પાછું ખેંચી લીધું ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) ખેડા-સત્યાગ્રહ

(2) અસહકારની ચળવળ

(3) બારડોલી સત્યાગ્રહ

**3. યોગ્ય જોડકાં જોડો :**

| (અ) | (બ) |
|---|---|
| (1) ચંપારણ | (1) ઉત્તરપ્રદેશ |
| (2) નાતાલ | (2) પંજાબ |
| (3) અમૃતસર | (3) બિહાર |
| (4) ચૌરીચોરા | (4) પાકિસ્તાન |
| (5) લાહોર | (5) દ. આફ્રિકા |

# પુનરાવર્તન 1

## પ્રકરણ 1થી 7

### ચાલો, ફરીથી યાદ કરી લઈએ :

- ભારતમાં સામાજિક અને ધાર્મિક નવજાગરણકર્તા રાજા રામમોહનરાયથી ઠક્કરબાપા સુધીની વિભૂતિઓ
- પ્રદૂષણ અને તેના પ્રકારો
- હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઉદય અને સુભાષચંદ્ર બોઝ
- તમને હાઈકોર્ટનો ચુકાદો માન્ય નથી, તો સુપ્રીમમાં જવું પડે. કેમ ?
- ક્રાંતિકારી ઘટનાઓ
- વસતિગણતરી અને તેનું મહત્ત્વ
- ગાંધીજીના સત્યાગ્રહો (1928 સુધી)

### "ચાલો સમજીએ"

- બ્રહ્મોસમાજ, રામકૃષ્ણ મિશન
- જ્યોતિબા ફૂલે મહાત્મા કેમ ?
- ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનો ઉદય
- સુપ્રીમ કોર્ટ એટલે અંતિમ ન્યાય ?
- ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ફડકે અને બિસ્મિલનાં કારનામાંઓ (સાહસિક કાર્યો)
- ભારતની સંપૂર્ણ સાક્ષરતા - એક ઉપાય
- અસહકારનું આંદોલન અને બારડોલી સત્યાગ્રહ તુલના કરો.

### ચાલો વિચારીએ :

- કુરિવાજો અને અંધશ્રદ્ધા
- પ્રદૂષણ કેવી રીતે અટકાવી શકાય ? ઉ.દા. આપો.
- તમારા ગામ કે શહેરને વહીવટ માટે સરકાર બે ભાગમાં વહેંચે તો શું થાય ?
- ભારત આઝાદ થયા પછી શું થયું ?
- સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ

### ચાલો જાતે કરીએ.

(1) તમારા ધ્યાનમાં હોય તેવા પ્રદૂષણ કરતાં સ્થળોનું નિદર્શન કરી અહેવાલ તૈયાર કરો.

(2) તમારા વિસ્તારનો સાક્ષરતા-દર અને વસતિગીચતાનો દર શોધો.

# 8

# ભારતની સમસ્યાઓ અને ઉપાય

આપણાં ભૌતિક સાધનો બદલાયાં છે; પણ પ્રજાની કેટલીક આંતરિક બાબતોમાં અપેક્ષિત બદલાવ થતો નથી. પ્રમાણિકતા, નૈતિકતા,નાગરિકની સમજ - ફરજો, પરિવહનની જાગૃતતા, પર્યાવરણ-સુરક્ષા, વૈજ્ઞાનિક અભિગમ તરફી વલણ વગેરેમાં હજુ ઉદાસીનતા જોવા મળે છે. હજુ પણ સમાજ વહેમો, નિરક્ષરતા, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધામાંથી સંપૂર્ણપણે બહાર આવ્યો નથી.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શિક્ષણસંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દેશના વિકાસમાં અગ્રિમ ફાળો આપી રહી છે, જેથી સામાજિકતા અને વ્યાવસાયિકતાની પ્રગતિ કે વૃદ્ધિ ગોઠવાતી જાય છે. સમાજરચનામાં બદલાવ થતો જાય છે, જે ઘણી સારી બાબત છે.

હજુ પણ કેટલીક સમસ્યાઓ પડકારરૂપ છે. ગંદકી, બેકારી, ગરીબી, નિરક્ષરતા, ત્રાસવાદ ચિંતાનો વિષય છે. જે અંગે આપણે વિચારીએ અને તેના ઉપાય શોધીએ. ''વસુધૈવ કુટુંબ''ની ભાવના સાકાર કરીએ.

**ભારતીય સમસ્યાઓનું માળખાગત સ્વરૂપ નીચે મુજબ છે :**

આંતરિક સમસ્યાઓ
- વસતિવધારો
- નિરક્ષરતા
- મોંઘવારી
- ગરીબી
- બેકારી, શહેરીકરણ
- સાંપ્રદાયિકતા
- ભ્રષ્ટાચાર
- આતંકવાદ

પ્રાદેશિક સમસ્યાઓ
- ભાષાવાદ અને પ્રદેશવાદ

સીમાવર્તી સમસ્યા

કુદરતી સમસ્યાઓ
- પૂર, દુષ્કાળ
- ભૂકંપ, ત્સુનામી, જ્વાળામુખીનું પ્રસ્ફોટન

આવી સમસ્યાઓ પૈકી કેટલીક સમસ્યાઓ વિશે આજે આપણે વાત કરીએ અને તેના ઉપાયો વિશે જાણકારી મેળવીએ.

### વસતિવધારો :

**પ્રસંગ :** માલવને તેના મામાનાં લગ્નમાં જવાનું હતું. તેની મમ્મી સાથે તે બસ-સ્ટૅન્ડે આવ્યો. ત્યાં માણસોની ભીડ હતી. બસ આવી પણ તેમાં જગ્યા ન હતી. ધક્કામુક્કી થતાં બસમાં ચઢી ન શકાયું, તેથી તે સમયસર મામાને ઘેર ન પહોંચી શક્યો. શું કારણ ?



**8.1 વસતિવધારો**

**પ્રવૃત્તિ**


આવાં, તમને જોવા મળતાં ભીડવાળાં સ્થળોની યાદી કરો.

આપણે અગાઉના પ્રકરણમાં વસતિવધારો અને તેની અસરોનો અભ્યાસ કર્યો છે. મોટા ભાગની સમસ્યાઓનું મૂળ વસતિવિસ્ફોટ છે. ચાલો આપણે વસતિવધારો અટકાવવાના ઉપાયો વિશે વિચારીએ. વધતી વસતિ સામે સાધન-સુવિધાઓ વધારવી પડે છે. વધતી જતી વસતિને લીધે જ દેશમાં થયેલી પ્રગતિ ઓછી દેખાય છે.

**પ્રવૃત્તિ**

1951થી 2011 સુધીની વસતિવૃદ્ધિનો ગ્રાફ તૈયાર કરો. (યોગ્ય સ્કેલમાપ લો.)

| | |
|---|---|
| 1951 | 31.60 |
| 1961 | 43.92 |
| 1971 | 54.81 |
| 1981 | 68.33 |
| 1991 | 84.64 |
| 2001 | 102.87 |
| 2011 | 121.01 |




ભારતમાં 2001ની વસતિગણતરી મુજબ 102 કરોડ જેટલી વસતિ હતી, જે આજે (2011માં) 121 કરોડ જેટલી થઈ છે. આમ, 18.14 કરોડનો વધારો થયેલ છે. વસતિવધારાને લીધે કેટલીક માનવસર્જિત સમસ્યાઓ પેદા થાય છે, જેમકે પર્યાવરણીય પ્રદૂષણ, વસતિની ગીચતાથી રહેઠાણ, પાણી, ખોરાક, તબીબી સેવાઓ, શિક્ષણ, રોજગાર, બેકારી, ત્રાસવાદ, ભ્રષ્ટાચાર વગેરે. એટલે વસતિવિસ્ફોટ રોકવા સરકારે નિયંત્રણકારી પગલાં લેવા પડ્યાં છે.

**નિરક્ષરતા :**

નિરક્ષરતા દેશના વિકાસને અવરોધતું મોટું પરિબળ છે. નવા વિચારો, શોધો કે જ્ઞાનને સમજવા સાક્ષરતા અનિવાર્ય છે. શિક્ષિત વ્યક્તિ સમજીને પોતાના વિચારો, અભિપ્રાયો, ખ્યાલો કે માન્યતાઓને અન્ય સામે અસરકારક રીતે રજૂ કરીને સમજાવી શકે છે. આઝાદી મળી ત્યારે દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ ઊંચું હતું. પણ સરકારની શિક્ષણ પ્રત્યેની જાગૃતતાને લીધે સાક્ષરતા-દર વધતો જાય છે.

**આટલું જાણો**

ઓગણીસમી સદીમાં ભારતમાં સૌપ્રથમ પોતાના રાજ્યમાં સાક્ષરતા-દર વધારવા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કર્યું હતું.

**ઉપાય :**

આજે સમાજમાં નિરક્ષરતાનો લાભ ઉઠાવવાના ઘણા કિસ્સા જોવા-જાણવા મળે છે. માટે નિરક્ષરતા કલંકરૂપ છે, જેને દૂર કરવા ઘણી યોજનાઓ હાથ ધરાય છે. જેમકે, 6થી 14 વર્ષ સુધી મફત ફરજિયાત સાર્વત્રિક શિક્ષણ, શિષ્યવૃત્તિ, મધ્યાહ્ન ભોજન, પૂર્વપ્રાથમિક શિક્ષણ, કન્યાકેળવણીને લગતી ખાસ યોજનાઓ, આશ્રમશાળાઓ વિદ્યાદીપ યોજના, આદર્શ નિવાસી શાળાઓ, નિરંતર શિક્ષણ તથા હવે તો 2009થી R.T.E. (Right to Education) 'શિક્ષણપ્રાપ્તિનો હક' સૌને છે, અમલમાં મુકાયેલ છે.

**ભારતના છેલ્લા પાંચ દાયકાઓની નિરક્ષરતા શોધો.**

| વસતિગણતરી વર્ષ | સાક્ષરતા ટકાવારી | નિરક્ષરતા શોધો. |
|---|---|---|
| 1971 | 36.95 | |
| 1981 | 44.92 | |
| 1951 | 61.29 | |
| 2001 | 69.14 | |
| 2011 | 79.13 | |

**મોંઘવારી :**

**પ્રવૃત્તિ**

| ચીજવસ્તુ 1 લિટર / 1 કિગ્રા | પાંચ વર્ષ પહેલાંના ભાવ (₹.) | આજના ભાવ (₹.) જાણીને લખો. | % માં વધારો |
|---|---|---|---|
| દૂધ | | | |
| શુદ્ધ ઘી | | | |
| ખાંડ | | | |
| ગોળ | | | |
| ગૅસ | | | |
| પેટ્રોલ | | | |

જીવનજરૂરી વિવિધ ચીજવસ્તુઓ તથા અન્ય ચીજોના વધતા ભાવને સામાન્ય રીતે મોંઘવારી કહી શકાય. દૈનિક જરૂરિયાતની કેટલીક વસ્તુના ભાવવધારાની વિપરીત અસર જનજીવન પર જોવા મળે છે. એટલે મોંઘવારી એ આમપ્રજા માટે શિરદર્દ સમાન બની છે. મધ્યમવર્ગ કે મર્યાદિત આવકવાળા લોકો માટે જીવનવ્યવહાર ચલાવવો કઠિન બનતો જાય છે. મોંઘવારીની અસર આમપ્રજાને વેઠવી પડે છે. જીવનધોરણ નિમ્ન બનતું જાય છે. મોંઘવારીનો મુકાબલો કરવો સૌને માટે મુશ્કેલ બન્યો છે. દૈનિક જરૂરિયાતની વસ્તુના ભાવ વધવાથી વસ્તુ વિના પણ ચલાવી લેવું પડે છે.

**ઉપાય :**

કાળાબજાર, સંગ્રહખોરી અને વસતિવધારો મોંઘવારી માટેનાં જવાબદાર પરિબળો છે. તેને રોકવા નાગરિક તરીકે આપણે શું કરી શકીએ ? કરકસર અને સમજદારીપૂર્વક જીવનવ્યવહાર ગોઠવવો જોઈએ એ જ એનો ઉપાય હોઈ શકે.

**પ્રવૃત્તિ**

કેવા-કેવા પ્રસંગોમાં ખાદ્યપદાર્થોનો બગાડ થતો જોવા મળે છે ? તેની યાદી કરો... તેને રોકવા નાગરિક તરીકે આપણે શું કરી શકીએ ?

## ગરીબી :

ગરીબી એ આપણા દેશની ગંભીર સમસ્યા છે. દેશના મોટા ભાગના લોકો જીવનધોરણની પાયાની જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં, મકાન, રોજગાર, શિક્ષણ, આરોગ્યથી વંચિત રહેતા હોય તેવી સ્થિતિને 'ગરીબી' કહેવાય છે. ગુજરાતમાં હાલ ગરીબીરેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ 14.7 % જેટલું છે.

લોકોની ખરીદશક્તિ અને આવકના ધોરણના આધારે ગરીબીનો માપદંડ રચી શકાય છે. ભારતની પંચવર્ષીય યોજનાઓને કારણે શિક્ષણ અને આરોગ્યની સેવાઓ મળવા લાગી છે. ઉપરાંત ઉદ્યોગધંધાનો વિકાસ થયો છે અને રોજગારીની તકો મળતાં ગરીબીનું પ્રમાણ ઘટી રહ્યું છે. ટેક્નોલૉજી અને યાંત્રિક ખેતીથી લોકોની આવકમાં સુધારો થયો છે

**આટલું જાણો**

B.P.L = Below poverty line (ગરીબીરેખાની નીચે જીવતા લોકો)

જેમને પોષણયુક્ત આહાર મળતો નથી, ગંદા રહેઠાણમાં વસવાટ કરવો પડતો હોય, પૂરતી તબીબી સારવાર ન મળતી હોય, જે અભણ હોય, જ્યાં બાળકોને મજૂરી કરાવાતી હોય, તેવા લોકો 'ગરીબીરેખા નીચે જીવતા લોકો' કહી શકાય.

**પ્રવૃત્તિ**

તમારા ગામની પંચાયત કે નગરપંચાયતની મુલાકાત લઈ ગરીબીરેખા નીચે જીવતા B.P.L પરિવારોની સંખ્યા જાણો.

## ભ્રષ્ટાચાર :

સામાન્ય રીતે ભ્રષ્ટાચાર એટલે જે વસ્તુ આપણા હકની કે અધિકારની હોય છતાં તે મેળવવા કે વાપરવા માટે આપણે કશુંક ચૂકવવું પડે તેને 'ભ્રષ્ટાચાર' કહી શકાય. ટૂંકમાં, વ્યક્તિ સાથે બિનકાયદાકીય અનીતિભર્યો વ્યવહાર.

છેતરપિંડી, ભેટસોગાદો લેવી, લાંચરુશવત લેવી વગેરે સ્વરૂપે ભ્રષ્ટાચાર જોવા મળે છે. જે સમગ્ર જનજીવનમાં વ્યાપકપણે પ્રસરી ગયેલો છે. કેટલાક લોકો અનૈતિક અને બેજવાબદારીપૂર્વક પોતાનો સ્વાર્થ સાધવા પોતાનાં પદ, સત્તા વગેરેનો ઉપયોગ કરી, ભ્રષ્ટ આચરણનો આશ્રય લે છે; જે સમાજનું મોટામાં મોટું દૂષણ(કલંક) છે.

**ભ્રષ્ટાચારની અસરો :** ભ્રષ્ટાચાર અને લાંચરુશવતથી નીચેના જેવી અસરો જોવા મળે છે :

- માનવ-અધિકારોનો ભંગ થાય છે.
- રાષ્ટ્રનો વિકાસ અવરોધાય છે.
- નૈતિક મૂલ્યોનો હ્રાસ થાય છે.
- મોંઘવારીને પોષણ મળે છે.
- કાયદાકાનૂન પ્રત્યે વિશ્વાસ ઘટે છે અને સગાંવાદ પોષાય છે.
- માનવીય વિશ્વાસ અને શ્રદ્ધા ઘટે છે.

**ઉપાય :** ભ્રષ્ટાચારના દૂષણને દૂર કરવા 1988થી ભારત સરકારે કાયદાની જોગવાઈ કરેલ છે. 1964માં 'લાંચરુશવત વિરોધી બ્યુરો'ની રચના થયેલ છે, જે ભ્રષ્ટાચારની તપાસ કરે છે. નાગરિકોને આ સમસ્યાના ઉકેલ માટેનું માર્ગદર્શન આપે છે.

**પ્રવૃત્તિ**

- લાંચ કે ભ્રષ્ટાચાર સંબંધી વર્તમાનપત્રોમાં આવતાં સમાચારનાં કટિંગ્સ મેળવી ચર્ચા કરાવો. અંક બનાવો.
- તમારા જિલ્લામાં આવેલ લાંચરુશવત વિરોધી બ્યુરો કચેરીનું સરનામું મેળવો.

## એક સંદેશ

- લાંચ લેવી કે લાંચ આપવી એ બંને બાબતો ગુનો બને છે.

**આટલું જાણો.**

ભ્રષ્ટાચાર કે લાંચરુશવત નાબૂદ કરવા થયેલી જોગવાઈઓ તથા કાયદાઓને જાણો.

- નિયામકશ્રી લાંચરુશવત વિરોધી બ્યુરો, બંગલા નં. 11, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-380 004.
  ફોનનંબર : 22860341-42-43. ઈ-મેઇલ : cr.acb.ahd.(a).gujarat.gov.in

## બેકારી (બેરોજગારી) :

### આટલું જાણો ને વિચારો :

| ભરતીની જગ્યાની વિગત | ભરતી માટેની ખાલી જગ્યાઓ | મળેલ ઉમેદવારોની અરજીની સંખ્યા |
|---|---|---|
| ઉચ્ચતર પ્રાથ. શિક્ષક | 13000 | 1,50,000 |







**8.2 આધુનિકતા અને બેરોજગારી**

આજના વૈજ્ઞાનિક યુગમાં અદ્યતન ટેક્નોલૉજીથી બેકારીમાં વધારો થયો છે. જેમકે કમ્પ્યુટરાઇઝ્ડ કાર્યપ્રણાલીથી સારી ગુણવત્તાવાળું કામ ઝડપી બન્યું છે અને માનવીનું કામ યંત્રોએ ઉપાડી લેતાં બેકારી વધી છે. ગામડાંઓમાં ખેતીમાં યાંત્રિકીકરણ થતાં ખેતમજૂરો માટે રોજી-રોટીનો પ્રશ્ન વિકટ બન્યો છે. તેઓ કામની શોધમાં શહેર તરફ વળ્યા છે, જેથી ગામડાં તૂટતાં જાય છે. શિક્ષણનો વ્યાપ વધ્યો છે, પણ નોકરી કે રોજગારીની તકો પૂરી ન સર્જાતાં પણ બેકારીનું પ્રમાણ વધેલ છે. શહેરોમાં વસતિગીચતા વધતી જાય છે, તેથી પાણી, રહેઠાણ, વાહનવ્યવહાર, સ્વચ્છતા, આરોગ્ય અને શિક્ષણ વિષયક પ્રશ્નો ઊભા થયા છે. ગંદાં વસવાટો અને ઝૂંપડપટ્ટી વધતાં અસામાજિક પ્રવૃત્તિઓ, બાળમજૂરી, નશાકારક ચીજોનું સેવન, માનસિક તાણ વગેરે સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. 18 વર્ષથી ઉપરના જે લોકોને રોજગાર મળતો નથી, તેઓ બેકાર લોકોની ગણતરીમાં આવે છે.

**ઉપાય :**

આ સમસ્યાના નિવારણ માટે સમાજની કેટલીક સેવાભાવી સંસ્થાઓ તેમજ સરકાર દ્વારા ઘણી યોજનાઓ અમલમાં મુકાયેલ છે. જેવી કે (1) ખાસ આવાસયોજના (2) મફત શિક્ષણ (3) પીવાનું શુદ્ધ પાણી (4) સ્વચ્છતા (5) તબીબી મોબાઇલવાન સેવા (6) ગૃહઉદ્યોગો તથા હસ્તકલાને પ્રોત્સાહન આપવા લોનસુવિધા આપવામાં આવે છે તથા (7) પોષણયુક્ત આહાર યોજના જેવી પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને લઈ ઝૂંપડપટ્ટીની કાયાપલટ કરવાના પ્રયાસ હાથ ધરાય છે.

**પ્રવૃત્તિ**

તમારા ગામ કે વિસ્તારમાં ચાલતા ગૃહઉદ્યોગો, હસ્તકલાકારીગરોની મુલાકાત ગોઠવી, ચર્ચા કરી નોંધ તૈયાર કરો તથા તેમની યાદી કરાવો.

**આટલું જાણો**

ગામડાંમાં ખેડૂતોને ખેતી અને પશુપાલનના વિકાસ માટે ઓછા દરની લોન તથા સહાય આપે છે, તેથી હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ જોવા મળે છે, જેથી ખેતી અને પશુપાલન દ્વારા મળતું ઉત્પાદન વધેલ છે.



**આતંકવાદ :**

આતંકવાદ એ વૈશ્વિક સમસ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિ એ રાષ્ટ્રની પ્રગતિમાં અવરોધક છે. શાંતિ, અમન, ભાઈચારો તથા દેશની આબાદીને છિન્નભિન્ન કરવાવાળી હલકી મનોવૃત્તિની પ્રક્રિયા છે. આતંકવાદ એ મોટે ભાગે હિંસા અને ઘૃણા ફેલાવી લોકોમાં ભય પેદા કરે છે. આતંકવાદીનો ઉદ્દેશ કદાપિ પવિત્ર કે શ્રેષ્ઠ હોતો નથી.

મૂઠ્ઠીભર માણસો દ્વારા સંગઠિત અને આયોજનબદ્ધ રીતે કરવામાં આવતું એ જંગલી કૃત્ય છે; જેમાં બળજબરી, ધાક-ધમકી, હિંસા કે ત્રાસ આપવાનો વ્યવસ્થિત પ્રયોગ થતો હોય છે.

- આવું કૃત્ય કોઈ પણ સરકાર સમક્ષ પડકારરૂપ બને છે.
- આતંકવાદ એ બળપ્રયોગનું હાથવગું સાધન છે, તેથી કોઈ પણ સ્થળે લોકોને નિશાન બનાવવામાં આવે છે જેમકે ભૂતકાળમાં સંસદ પર થયેલો હુમલો, હોટલ તાજ પર થયેલી ઘટના, મુંબઈના બૉમ્બબ્લાસ્ટ, અક્ષરધામ પરનો હુમલો વગેરે.
- આતંકવાદને કોઈ સગાવાદ નડતો નથી કે તેની કોઈ ભાષા કે ધર્મ નથી. ફક્ત વેરભાવને લક્ષ્યમાં લેવામાં આવે છે.

**ઉપાય :**

આતંકવાદનો સામનો કરવા આપણે હિંમત અને દક્ષતા કેળવીને મક્કમ બનવું પડશે. તેમજ ગુપ્તચર(જાસૂસી)તંત્રને વધુ કાર્યરત બનાવવું પડશે. સુરક્ષાદળોને જરૂરી સહકાર આપવાની જાગૃતતા કેળવવી પડશે. આમજનતાએ મુસાફરીમાં કે જાહેર સ્થળના મેળાવડામાં ચેતતા રહેવું અને ખોટી જાહેરાતો કે અફવાથી દૂર રહેવું જોઈએ. C.C.T.V. કૅમેરા તથા મેટલ-ડિટેક્ટર જેવાં આધુનિક ઉપકરણોથી સુરક્ષાદળોને સજ્જ કરવાં જોઈએ.

આ ઉપરાંત પણ ભારતમાં રૂઢિચુસ્તતા, સાંપ્રદાયિકતા પ્રદેશવાદ-ભાષાવાદ, સીમાવર્તી સમસ્યા અને કુદરતી આપત્તિઓ બાદનું પુનઃવસન ને વ્યવસ્થાપન વગેરે બાબતો પણ સરકારને પડકારરૂપ સમસ્યા છે, તેનો તમે વિગતે અભ્યાસ કરજો. તેના ઉપાયો પણ તમારા શિક્ષકશ્રીની મદદથી તમે જાણજો.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(1) વસતિવિસ્ફોટથી કેવી-કેવી સમસ્યાઓ સર્જાય છે ?

(2) નિરક્ષરતા નાબૂદ કરવા સરકારે કેવા-કેવા ઉપાયો કર્યા છે ?

(3) ભાવવધારાથી આમપ્રજાને શી હાડમારી વેઠવી પડે છે ?

(4) ગરીબીનો માપદંડ શું છે ?

(5) ભ્રષ્ટાચારની વ્યાખ્યા આપો.

(6) ઝૂંપડપટ્ટીમાં કેવી સમસ્યા ઊભી થાય છે ?

(7) આતંકવાદની અસરો જણાવો.

### 2. ખાલી જગ્યા પૂરો :

(1) તમામ સમસ્યાઓના મૂળમાં .......... જવાબદાર છે.

(2) ચીજવસ્તુના ભાવવધારાને .......... કહેવાય છે.

(3) આતંકવાદ એ .......... સમસ્યા છે.

### 3. યોગ્ય જોડકાં જોડો :


| (અ) | (બ) |
|---|---|
| (1) વસતિવધારો | (1) R.T.E. |
| (2) નિરક્ષરતાનિવારણ | (2) રોજગારીની તકોનું સર્જન |
| (3) ગરીબીનિવારણ | (3) સમજદારીપૂર્વકનું જીવનધોરણ |
| (4) મોંઘવારીથી બચાવ | (4) તમામ સમસ્યાનું સર્જન |

•

# 9

# આપણી અર્થવ્યવસ્થા

ચાલો, રૂપિયાની યાત્રાનું અવલોકન કરીએ.




9.1 રૂપિયાની યાત્રા

1. બૅન્કના જ રૂપિયા બૅન્કમાં પરત આવ્યા ત્યાં સુધીની તમામ પ્રક્રિયાને નીચેની લીટીઓમાં લખો.

જ. :

2. તમારા મમ્મી કે પપ્પા કઈ આર્થિક પ્રવૃત્તિ કરે છે, તે લખો.

જ. :

3. તમારા ઘરમાં આવકના પૈસાનો ઉપયોગ ક્યાં-ક્યાં થાય છે, તે લખો.

જ. :

ઉપરના પ્રશ્નોના જવાબના આધારે કહી શકાય કે, લોકો વિવિધ આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલા હોય છે. આર્થિક પ્રવૃત્તિ મુખ્યત્વે ત્રણ ક્ષેત્રો પર નિર્ભર હોય છે, તો ચાલો, આપણે તેનો પરિચય મેળવીએ.

**પ્રાથમિક ક્ષેત્ર :** આપણે કુદરત પાસેથી કેટલી પેદાશો સીધી જ મેળવીને તેને ઉપયોગમાં લઈએ છીએ. અનાજ, ફળો અને વનસ્પતિ તેનાં ઉદાહરણો છે. જંગલોમાંથી લાકડું, ઔષધીય વનસ્પતિ, ગુંદર અને લાખ, પ્રાણીઓ આપણને દૂધ, માંસ, હાડકાં અને ચામડું આપે છે. જળમાંથી આપણને માછલાં મળે છે. એ જ રીતે જમીનની સપાટી નીચેથી ખનિજો મેળવવામાં આવે છે. ટૂંકમાં વનક્ષેત્ર, કૃષિક્ષેત્ર, ખાણક્ષેત્ર, પશુપાલનક્ષેત્ર, મત્સ્યક્ષેત્ર, વગેરે ખોરાક અને ઔદ્યોગિક ઉત્પાદન માટે કાચો માલ પૂરો પાડે છે, તેથી આ ક્ષેત્ર પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિ તરીકે ઓળખાય છે.

**દ્વિતીય ક્ષેત્ર :** (મૅન્યુફૅક્ચરિંગ સૅક્ટર) ઘણી પ્રાથમિક પેદાશો એવી છે કે જેના પર પ્રક્રિયા કરી તેની પેદાશોને ઉપયોગમાં લઈ શકાય તેવી પ્રવૃત્તિ દ્વિતીય ક્ષેત્રની પ્રવૃત્તિ કહેવાય છે. જેમકે કપાસમાંથી સુતરાઉ કાપડ, કપાસિયા તેલ, શેરડીમાંથી ગોળ અને ખાંડ, માટીમાંથી ઈંટો બનાવવી વગેરે. યંત્રસામગ્રી, માર્ગપરિવહન તેમજ સંચારસાધનો, વિદ્યુતસામગ્રી, તૈયાર વપરાશી વસ્તુઓ વગેરેના ઉત્પાદનમાં રોકાયેલા મોટા ઉદ્યોગો, સંરક્ષણ-સામગ્રી, રંગ-રસાયણો, કાપડ વગેરેનું ઉત્પાદન કરતા એકમો વગેરેનો સમાવેશ આ ક્ષેત્રમાં થાય છે, તેથી તેને 'ઔદ્યોગિક ક્ષેત્ર' પણ કહે છે.

**સેવાક્ષેત્ર :** પ્રાથમિક અને દ્વિતીય ક્ષેત્ર દ્વારા ઉત્પાદિત વસ્તુઓનો જથ્થો મોટા વેપારીઓ સુધી પહોંચાડવા માટે ટ્રકો અને ટ્રેનો દ્વારા પરિવહન કરવાની જરૂર પડે છે. ઉત્પાદન અને વેપારમાં સહકાર સાધવા માટે ટેલિફોન, પત્રાચાર, બૅન્કો પાસેથી વ્યાજે રૂપિયા લેવાની પણ જરૂર પડે છે. ટૂંકમાં, વ્યાપાર, સંચાર તેમજ માર્ગપરિવહન, હવાઈ તેમજ દરિયાઈ માર્ગો, શિક્ષણ અને આરોગ્ય, બૅન્કિંગ તેમજ વીમાકંપનીઓ, પ્રવાસ અને મનોરંજન, ગૅસ અને વીજળી જેવી સેવાઓ વગેરેની કામગીરીનો સમાવેશ આ ક્ષેત્રમાં થાય છે. વર્તમાન સમયમાં ઈન્ટરનેટ, એ.ટી.એમ., બૂથ-કૉલ સેન્ટર, સૉફ્ટવેર કંપની વગેરે મહત્ત્વની સેવાઓ શરૂ થઈ ગઈ છે. નીચેની સારણી વાંચો, વિચારો અને તેમાં લખો.

| આર્થિક પ્રવૃત્તિઓનાં ઉદાહરણ | અસર શું થશે ? | આ શું દર્શાવે છે ? |
|---|---|---|
| ● ધારો કે ખેડૂતો કોઈ ખાંડની મિલને શેરડી વેચવાની ના પાડે તો શું થશે ? | | |
| ● ધારો કે જો કંપનીઓ ભારતીય બજારમાંથી કપાસ ખરીદતી નથી અને બીજા દેશો પાસેથી કપાસ આયાત કરવાનો નિર્ણય કરે છે, તો કપાસની ખેતીનું શું થશે ? | | |
| ● ખેડૂત ટ્રૅક્ટર, પંપસેટ, વીજળી, રાસાયણિક ખાતર, કીટનાશક દવાઓ જેવી અનેક વસ્તુઓ ખરીદે છે. ધારો કે રાસાયણિક ખાતર અને પંપસેટની કિંમત વધી જાય તો શું થશે ? | | |
| ● ઔદ્યોગિક અને સેવાક્ષેત્રમાં કામ કરવાવાળા લોકોને ભોજનની જરૂર હોય છે. ધારો કે ટ્રાન્સપોર્ટવાળાએ હડતાળ પાડી દીધી અને ગામડાંમાંથી શાકભાજી, દૂધ વગેરે લઈ જવાની ના પાડી, તો શું થશે ? | | |

**વિચારો**

ભારતમાં સેવાક્ષેત્રનું મહત્ત્વ દિન-પ્રતિદિન વધવા લાગ્યું છે. - શાથી ? તેની ચર્ચા કરો.


પ્રત્યેક ક્ષેત્રની વિવિધ વસ્તુઓ અને સેવાઓની ગણના કેવી રીતે કરીએ છીએ અને કુલ ઉત્પાદનને કેવી રીતે જાણીએ છીએ ? ચાલો વિચારીએ.

એક ખેડૂત લોટની કોઈ મિલને ₹. 15 પ્રતિ કિલોના દરે ઘઉં વેચે છે. મિલમાં ઘઉં દળાય છે. તેનો લોટ બિસ્કિટ કંપનીને ₹. 20 પ્રતિ કિ.ગ્રા.ના દરે વેચે છે. બિસ્કિટ કંપની લોટની સાથે ખાંડ, ઘી વગેરે ચીજોનો ઉપયોગ કરીને બિસ્કિટનાં ચાર મોટાં પૅકેટ બનાવે છે. તે બજારમાં ગ્રાહકને ₹. 80માં (₹. 20 પ્રતિ પૅકેટ) વેચે છે. આ બિસ્કિટ એ અંતિમ ઉત્પાદન છે અને તે ગ્રાહક સુધી પહોંચે છે.

## પ્રવૃત્તિ

**ચાના કપની વિગતની સારણી વાંચો અને વિચારો :**

- ચાની હૉટલના માલિકને એક કપ રૂ. ...... માં પડે છે અને તે રૂ. 2.50નો નફો લે છે, તો તેની વેચાણકિંમત રૂ. ... હશે.
- ધારો કે દૂધનો ભાવ લિટરે રૂ. 2 વધી જાય, તો ચાના કપની પડતર કિંમત અને વેચાણકિંમત કેટલી હશે ?
- ખાંડના ભાવમાં કિલોએ રૂ. 1 વધી જાય, તો તમારા ઘરખર્ચ પર શું અસર થશે ?
- ગૅસના બાટલામાં રૂ. 50 વધી જાય, તો મમ્મીના ઘરખર્ચના બજેટ (અંદાજપત્ર) પર શું અસર થશે ?
- ડીઝલનો ભાવ લિટરે રૂ. 2.50 વધી જાય, તો તમારી સ્કૂલબસ કે ગામની બસના ભાડા પર શું અસર થશે ?




**9.2 ભાવવધારાની બજાર પર અસર**

## વિચારો

દૂધ, ખાંડ, ગૅસ, ડીઝલ વગેરે વસ્તુઓમાં ભાવવધારો કોણ કરતું હશે ? શા માટે ભાવવધારો કરવો પડ્યો ?

**ભારતની વિવિધ આર્થિક પ્રવૃત્તિઓનું વર્ગીકરણ તેની માલિકીની દૃષ્ટિએ પણ કરવામાં આવે છે.**

**(1) સરકારની માલિકીના કે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો :** જે ઉદ્યોગો સરકારની માલિકી અને સરકારના સંચાલન હેઠળ હોય તે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો છે. દા.ત. ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ, ભારતીય હેવી ઇલેક્ટ્રિક લિમિટેડ (BHEL), ઑઇલ ઍન્ડ નેચરલ ગૅસ કમિશન (ONGC) વગેરે સરકારની માલિકીના એકમો છે

**(2) ખાનગી માલિકીના કે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો :** જે ઔદ્યોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી લોકોની હોય તેવા એકમો ખાનગી માલિકીના કે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો કહેવાય છે. દા.ત., ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની લિમિટેડ (TISCO) (ટિસ્કો), રિલાયન્સ, ટોરન્ટ, કેડિલા, ઍલેમ્બિક, જેવી કંપનીઓ ખાનગી કંપનીઓ છે.

**(3) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો :** જાહેર ક્ષેત્રના ઉદ્યોગોની કેટલીક મર્યાદાઓ હોય છે. આમાં મુખ્યત્વે બિનકાર્યદક્ષતા અને કામચોરી જોવા મળે છે. આને નિયંત્રિત કરવા - અંકુશિત કરવા તથા જરૂરી મૂડી એકત્ર કરવા માટે ખાનગી ક્ષેત્રોના નિષ્ણાતોની મદદ લેવાના હેતુથી જાહેર ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રની સંયુક્ત માલિકીના ઉદ્યોગો પણ સ્થાપવામાં આવ્યા છે. જોકે આ ઉદ્યોગો પર સરકારનું વધુ વર્ચસ્વ રહે છે.

**(4) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :** દેશમાં ઘણી વ્યક્તિઓ આર્થિક દૃષ્ટિએ સક્ષમ હોતી નથી, તેઓ વ્યક્તિગત રીતે ઉદ્યોગ શરૂ કરી શકે તેવી સ્થિતિમાં હોતી નથી. આવા લોકો ભેગા મળી મંડળી કે સંઘ બનાવી ઉત્પાદન કે વેચાણની પ્રક્રિયા હાથ ધરે છે. એકબીજાના સહકારથી શરૂ થયેલા આવા ઉદ્યોગો કે એકમો સહકારી ક્ષેત્રના ઉદ્યોગો છે. દા.ત., દૂધની ડેરી, ખાંડનાં કારખાનાં વગેરે ઉદ્યોગો સહકારી ધોરણે ચાલે છે.

### આર્થિક પ્રવૃત્તિઓનું સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોમાં વિભાજન :

| કાન્તા | કમલ |
|---|---|
| કાન્તા એક કાર્યાલયમાં કામ કરે છે. તે સવારે 9.30 થી સાંજે 5.30 સુધી કાર્યાલયમાં રહે છે. તેને નિયમિત રૂપે પ્રત્યેક મહિનાના અંતે પગાર મળે છે. પગાર સિવાય તેને સરકારની ભવિષ્યનિધિનો લાભ પ્રાપ્ત થાય છે. તેને મેડિકલ ખર્ચ અને અન્ય ભથ્થાં પણ મળે છે. કાન્તા રવિવારે કાર્યાલય પર જતી નથી. છતાં તેને આ દિવસનો પણ પગાર મળે છે. તેને નોકરી માટે નિમણૂકપત્ર પણ આપવામાં આવ્યો હતો, જેમાં નોકરી સંબંધી નિયમો અને શરતોનો પણ ઉલ્લેખ હતો. આમ, કાન્તા સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. | કમલ કાન્તાનો પડોશી છે. તે નજીકની કરિયાણાની દુકાનમાં દૈનિક મજૂરી કરે છે. તે સવારે 8.00 કલાકે દુકાન પર જાય છે અને રાત્રિના 9.00 કલાક સુધી કામ કરે છે. તેને મજૂરી સિવાય બીજું કોઈ ભથ્થું મળતું નથી. જે દિવસે તે કામ નથી કરતો તે દિવસની તેને મજૂરી મળતી નથી. તેને કોઈ પણ રજા સવેતન મળતી નથી. તેને કોઈ નિમણૂકપત્ર પણ મળ્યો નથી. તેને તેનો માલિક ગમે ત્યારે નોકરીમાંથી નીકળી જવાનું પણ કહી શકે છે. આ રીતે કમલ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. |

**વિચારો**

- તમે કાન્તા અને કમલની રોજગારની પરિસ્થિતિમાં કોઈ અંતર જોઈ શકો છો ? ચર્ચા કરો.

**આટલું જાણો**

સરકારે અસંગઠિત ક્ષેત્રના ઉદ્યોગો માટે વિવિધ કાયદા બનાવ્યા છે. આમ છતાં અસંગઠિત ક્ષેત્રના માલિકો દ્વારા તેનો વ્યવહારમાં ઉપયોગ થતો નથી.

### આર્થિક ઉદારીકરણ :

વિશ્વની સાથે ચાલવા, વિશ્વપ્રવાહમાં ભળવા અને ભારતદેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા ભારત સરકારે પોતાની આર્થિક નીતિઓમાં કેટલાક ફેરફારો કર્યા. એ અનુસાર સન 1991ની ઉદાર નીતિ અપનાવી. આ નીતિ અનુસાર ઉદ્યોગ, વેપાર અને ધંધાને લગતાં કેટલાંક નિયંત્રણો દૂર કર્યાં, કરવેરા ઘટાડ્યા. વસ્તુઓની આયાત-નિકાસમાં પણ કેટલીક છૂટછાટ જાહેર કરી. નવા ઉદ્યોગો સ્થાપવા માટે મંજૂરીની પ્રક્રિયા સરળ બનાવી. તેના કારણે ભારત વિશ્વના અન્ય દેશો સાથે વેપાર, ધંધા અને ઉદ્યોગોની બાબતમાં એક બની રહ્યું છે તેમજ ભારતમાં ધંધા-રોજગાર વધ્યા છે.

### ખાનગીકરણ :

આઝાદી પછી કેન્દ્ર સરકારે જાહેર સાહસો શરૂ કર્યાં. સમય જતાં આ જાહેર સાહસોના ઉદ્યોગો ખોટ કરતા ગયા. નફો ઘટતો ગયો અને તેમાંના કેટલાક એકમો બીમાર પડવાથી બંધ થયા. સરકારના અર્થતંત્ર ઉપર એની અસર થઈ. કામદારો સંગઠિત થયા પણ ઉદ્યોગો નુકસાનમાં આવી પડ્યા. બીજી બાજુ વિશ્વમાં ગુણવત્તાની બોલબાલા થવા લાગી. ખાનગી સાહસો નફો કરવા લાગ્યા. આ બધી પરિસ્થિતિએ 'ખાનગીકરણ'ને પ્રોત્સાહન આપ્યું. સરકાર જાહેર સાહસોમાંથી ખસવા લાગી અને 'ખાનગીકરણ' તરફ વળી. સંયુક્ત સાહસ એ ખાનગીકરણની પ્રક્રિયાનો એક ભાગ છે.

### વૈશ્વિકીકરણ :

વૈશ્વિકીકરણ એટલે સમગ્ર વિશ્વનું એક બનવું અથવા એકબીજાની નજીક આવવું. વૈશ્વિકીકરણથી વિશ્વનો કોઈ પણ દેશ વિશ્વના અન્ય દેશ સાથે સરળતાથી વેપારધંધો કરી શકે છે. તેનાથી એકબીજા દેશોની બજારો અને ઉત્પાદનોમાં એકીકરણ થઈ રહ્યું છે. એકબીજા દેશો વચ્ચેના પરસ્પર સંબંધ અને તીવ્ર એકીકરણની આ પ્રક્રિયા જ 'વૈશ્વિકીકરણ' છે. વૈશ્વિકીકરણને મદદ કરનાર અને ઉત્તેજન આપનાર જો કોઈ મહત્ત્વની પ્રક્રિયા હોય તો તે છે માહિતી તક્નિકીમાં આવેલી અભૂતપૂર્વ ક્રાંતિ, જેને આપણે ઇન્ફર્મેશન ટેક્નોલૉજી તરીકે ઓળખીએ છીએ. 'વિશ્વ વ્યાપાર સંગઠન' (W.T.O.) આ દિશામાં કાર્ય કરી રહી છે, જેની સ્થાપના ઈ.સ. ૧૯૯૫માં થયેલી.

### વૈશ્વિકીકરણની અસરો :

- માહિતી ટેક્નોલૉજીને કારણે સેવાક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી થઈ.
- ફોન, ફૅક્સ, મોબાઇલ, ઇ-મેઇલ, ઇન્ટરનેટ, વીડિયો કૉન્ફરન્સ જેવાં સાધનોથી માહિતી ઓછા ખર્ચે અને ઝડપથી પ્રાપ્ત થતા દેશના આર્થિક વિકાસની ગતિ વધી.
- બહુરાષ્ટ્રીય કંપનીઓ યજમાન દેશોની કંપનીઓ સાથે સંયુક્ત સાહસ કરવા લાગી જેનો ફાયદો યજમાન દેશને થયો. જેમકે ભારતમાં વિદેશી ફોર્ડ મોટર્સ કંપની કારના યંત્રોનું ઉત્પાદન કરે છે. તે કેવળ ભારત માટે જ કારોનું નિર્માણ કરે છે એવું નથી, પરંતુ વિશ્વના અન્ય દેશો માટે પણ કારનાં યંત્રોનું ઉત્પાદન કરે છે. જેનો લાભ યજમાન દેશ ભારતને મળે છે. એ જ રીતે ભારતની મોટી કંપનીઓ પણ વિશ્વસ્તરનાં બજારોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. જેમકે ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, એશિયન પેઇન્ટ્સ, પાર્લે વગેરે કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું વેચાણ કરે છે.
- તીવ્ર સ્પર્ધાથી માલસામાનની ગુણવત્તા જળવાતા ઓછી કિંમતે વધુ સારો માલસામાન ગ્રાહકોને મળવા લાગ્યો. જેમકે ભારતના બજારમાં ચીને પોતાનાં રમકડાં મૂક્યાં છે. ઓછી કિંમત અને નવીન ડિઝાઇનોને કારણે ચીની રમકડાં ભારતીય બજારોમાં વધારે લોકપ્રિય છે. એક જ વર્ષમાં 70 % થી 80 % દુકાનોમાં ભારતીય રમકડાંનું સ્થાન ચીની રમકડાંએ લઈ લીધું છે. હવે ભારતની બજારોમાં રમકડાં પહેલાંની તુલનામાં સસ્તાં છે. આ શું થઈ રહ્યું છે ? વિશ્વવેપારના કારણે ચીની રમકડાં ભારતના બજારોમાં આવ્યાં. ભારતીય અને ચીની રમકડાંની પ્રતિસ્પર્ધામાં ચીની રમકડાં વધારે સારાં સાબિત થયાં છે. ચીની રમકડાંને કારણે ભારતીય રમકડાંના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને નુકસાન થાય છે. આમ, ઘણીવાર વિશ્વવ્યાપારને કારણે લઘુઉદ્યોગને નુકસાન થાય છે.

**વિચારો**

- ભારતના રમકડાંના વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ પોતાના ઉત્પાદનના વધુ વેચાણ માટે કયા-કયા પ્રયત્નો કરવા જોઈએ ? - ચર્ચા કરો.
- ભારતમાં કઈ વિદેશી કંપનીઓ સંયુક્ત સાહસ કરવા લાગી છે ? તેનાથી ભારતના કયા ક્ષેત્ર પર અસર પડી ? ઉ.દા. સાથે સમજાવો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) પ્રાથમિક ક્ષેત્રમાં કયાં-કયાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે ?

(2) સેવાક્ષેત્રમાં કઈ-કઈ સેવાનો સમાવેશ થાય છે ?

(3) સહકારી ક્ષેત્રનાં ઉદાહરણો આપો.

(4) ખેતપેદાશો વધારવા સરકારે કયાં-કયાં પગલાં લીધા છે ?

(5) ભારતમાં 'ઉદારીકરણ'ની નીતિ કઈ સાલથી શરૂ થઈ ?

(6) 'વૈશ્વિકીકરણ' એટલે શું ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો તફાવત આપો.

(2) સરકારને શા માટે 'ખાનગીકરણ' તરફ વળવું પડ્યું ?

(3) 'વૈશ્વિકીકરણ'ની અસરો જણાવો.

**3. નીચેનાં જોડકાં જોડો :**

| **કૃષિક્ષેત્રની સમસ્યાઓ** | **કેટલાક સંભવિત ઉપાય** |
|---|---|
| (1) સિંચાઈ વગરની જમીન | (1) ખેતી આધારિત મિલોની સ્થાપના |
| (2) પાકોનું ઓછું વળતર | (2) સહકારી ખરીદ-વેચાણ સમિતિ |
| (3) દેવાનો ભાર | (3) સરકાર દ્વારા ખાદ્યાન્નોની ખરીદી |
| (4) મંદીના સમયમાં રોજગારનો અભાવ | (4) સરકાર દ્વારા નહેરોનું નિર્માણ |
| (5) કાપણી પછી સ્થાનિક ખેડૂતોને પોતાના અનાજ વેચવાની સમસ્યા | (5) બૅન્કો દ્વારા ઓછા વ્યાજે લોન આપવાની સગવડ કરવી. |

**4. નીચેનાં ઉદાહરણોનું સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં વર્ગીકરણ કરો :**

(1) શાળામાં ભણાવતા એક શિક્ષક

(2) પોતાના ખેતરની સિંચાઈ કરતો એક ખેડૂત

(3) દવાખાનામાં દર્દીના ઈલાજ કરતા એક ડૉક્ટર

(4) એક કૉન્ટ્રાક્ટરને ત્યાં દૈનિક કામ કરતો એક કામદાર

(5) મોટા કારખાનામાં કામ કરવા જતો એક કામદાર

**5.** તમારા ઘરની નજીક આવેલ કોઈ ઔદ્યોગિક એકમ/કુટિરઉદ્યોગ/મીઠાના અગરો/સહકારી ડેરી પૈકી કોઈ પણ એક પસંદ કરી તેની મુલાકાત લઈ તેનો પ્રોજેક્ટ તૈયાર કરો.

**6. નીચેની પ્રશ્નાવલિના જવાબ અનુભવી વ્યક્તિઓના આધારે લખો :**

(1) ગ્રામસેવકની મદદથી ગામમાં કૃષિને લગતી કઈ-કઈ યોજનાઓ ચાલે છે તે જાણો.

(2) ગ્રામીણ બૅંકમાં ખેડૂતો ખાતાં ખોલાવે છે. કોઈ પણ બે ખાતેદાર ખેડૂતોની મુલાકાત લઈ તેમણે ગ્રામીણ બૅન્ક દ્વારા કયા-કયા લાભ લીધા છે, તે જાણો.

(3) રેડિયો અને દૂરદર્શન પર કૃષિને લગતા કાર્યક્રમોથી ખેડૂતોને શો લાભ થાય છે, તે ગામના કોઈ પણ બે ખેડૂતો પાસેથી જાણો.

(4) ખેડૂત હેલ્પલાઇન નંબર 1551 છે. તેનાથી ખેડૂતોને કઈ-કઈ મદદ મળે છે, તે વિશે જાણો.

# 10

## મહાત્માના માર્ગ પર - 2

### સવિનય કાનૂનભંગની ચળવળ (1930) :

પૂર્ણસ્વરાજ્ય એમ મળવાનું ન હતું. આ માટે લોકોએ લડાઈમાં ઊતરવું પડશે. અમદાવાદમાં મળેલી કૉંગ્રેસની કારોબારી સમિતિએ પૂર્ણસ્વરાજ્યની પ્રાપ્તિ માટે સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ કરવાનો અધિકાર ગાંધીજીને આપ્યો. આ લડતમાં સરકારના અયોગ્ય કાયદાનો વિનયપૂર્વક ભંગ કરવાનો હતો.

### દાંડીકૂચ (1930) :

ઈ.સ. 1930માં ગાંધીજીએ જાહેર કર્યું કે મીઠાનો કાયદો તોડવા માટે તે યાત્રા કાઢશે. આ સમયે મીઠાનાં ઉત્પાદન અને વેચાણ પર સરકારનો એકાધિકાર હતો. મહાત્મા ગાંધીજી અને અન્ય રાષ્ટ્રવાદીઓનું માનવું હતું કે મીઠા પર વેરો લેવો એ પાપ છે, કારણકે તે આપણા ભોજનનો જરૂરી ભાગ છે.


ગાંધીજીએ મીઠાનો અન્યાયી કાયદો તોડવા અમદાવાદના સાબરમતી આશ્રમથી પોતાના 78 સાથીઓ સાથે 12મી માર્ચ, 1930ના દિવસે સવારે દાંડીકૂચની શરૂઆત કરી. કૂચના માર્ગ પરનાં ગામોમાં સભાઓ થતી. ગાંધીજી લોકોને મીઠાના કાયદાનો સવિનયભંગ સમજાવી નવી રીતે સ્વરાજ્ય લડત અને સત્યાગ્રહનું મહત્ત્વ સમજાવતાં. 5 એપ્રિલ 1930ના દિવસે તેઓ દાંડી પહોંચ્યા. બીજા દિવસે સવારે 6 એપ્રિલના રોજ દરિયાકિનારે વિખરાયેલું મીઠું એકઠું કરી, મુઠ્ઠી મીઠું લઈ કાયદાનો ભંગ કર્યો. આ આંદોલનમાં ખેડૂતો, આદિવાસીઓ અને સ્ત્રીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. સરકારે શાંતિપૂર્ણ સત્યાગ્રહીઓ પર દમનનો કોરડો વીંઝવા માંડ્યો. હજારો સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી.



**10.1 મીઠાના કાયદાનો ભંગ**

## પ્રવૃત્તિ

1. આપેલા નકશામાં દાંડીકૂચના રસ્તા પર આવેલાં સ્થળોના નામ લખો.
2. અમદાવાદથી દાંડી સુધીનું અંતર કેટલું થાય ? પ્રમાણમાપ જાતે નક્કી કરી માપીને લખો.
3. દાંડીકૂચ કયા-કયા જિલ્લામાંથી પસાર થઈ હતી ?
4. હાલ ગુજરાતમાં મીઠા ઉદ્યોગનાં કેન્દ્રો કયાં-કયાં છે ?
5. ગાંધીજી અને તેમના સાથીદારો કેટલા દિવસે દાંડી પહોંચ્યા ?
6. દરરોજ તેમણે કેટલા કિમીનું અંતર કાપ્યું હશે ?



**10.2 દાંડીકૂચનો પથ**

### આટલું જાણો

ધરાસણા ગામ મીઠાના ઉત્પાદનનું મોટું કેન્દ્ર હતું. પછી ત્યાં સત્યાગ્રહ કરવાની ગાંધીજીએ જાહેરાત કરી. ગાંધીજી અને અબ્બાસ તૈયબજીની ધરપકડ થવાથી ધરાસણા સત્યાગ્રહની આગેવાની સરોજિની નાયડુએ લીધી. અંગ્રેજ સરકારે આ સત્યાગ્રહ અટકાવવા ક્રૂરતાભર્યાં પગલાં લીધાં. 300 જેટલા સત્યાગ્રહીઓ ઘાયલ થયા અને બે મૃત્યુ પામ્યા. આમ છતાં સત્યાગ્રહીઓ જરાયે પાછા ન પડ્યા.


### ગોળમેજી પરિષદો :

ભારતને કેવા પ્રકારનું બંધારણ આપવું તથા સુધારાઓ કરવા તેની ચર્ચા કરવા માટે બ્રિટિશ સરકારે ગોળમેજી પરિષદો બોલાવી. પહેલી પરિષદ લંડનમાં મળી. તેમાં કૉંગ્રેસની ગેરહાજરીને લીધે તે નિષ્ફળ ગઈ. 1931માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ બોલાવવામાં આવી, જેમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ હાજરી આપી. જુદી-જુદી કોમના પ્રતિનિધિઓએ બંધારણના ઘડતરની ચર્ચા વખતે પોતાની કોમ માટે અલગ મતદાનમંડળની માંગણી કરી, આથી ગાંધીજી નિરાશ થયા, કારણકે તેનાથી તો ભારત અનેક



**10.3 મહાત્મા ગાંધીજી અને સરોજિની નાયડુ; પૅરિસ, 1931**

ટુકડાઓમાં વહેંચાઈ જતું હતું. જુદી-જુદી કોમના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન ન થવાથી પરિષદ નિષ્ફળ ગઈ.




10.4 ડૉ. રાજેન્દ્રપ્રસાદ

### 1935નો હિંદસરકારનો કાયદો :

1935ના હિંદસરકારના કાયદા દ્વારા હિંદમાં બંધારણીય સુધારાઓનો બીજો તબક્કો શરૂ થયો. હિંદની રાષ્ટ્રીય અપેક્ષાઓ કરતાં તે ઘણો જ ઓછો હતો.

ડૉ. રાજેન્દ્રપ્રસાદના મતે 1935ના કહેવાતા સમવાયતંત્રના ધારામાં સાચું પ્રાંતિક સ્વરાજ્ય પ્રજાને કે પ્રધાનોને નહિ, પરંતુ ગવર્નરોને આપ્યું હતું.

આ કાયદા અન્વયે ચૂંટણીઓ થઈ. ગાંધીજીએ સૂચવ્યું કે 1935ના બંધારણ પ્રમાણે આપેલી ખાસ સત્તાઓ અને હક ગવર્નરો વાપરે નહિ અને પ્રધાનમંડળની સલાહ મુજબ વર્તવાની તેઓ બાંહેધરી આપે, તો કૉંગ્રેસ પ્રધાનમંડળની રચના કરશે. આ અંગે વાઈસરૉય અને હિંદી વજીરે સ્પષ્ટતા કરી તેથી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે પ્રધાનમંડળની રચના કરી. પ્રાંતીય સ્વરાજ્યનો આ પ્રયોગ લગભગ સવા બે વર્ષ ચાલ્યો. 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું, ત્યારે હિંદને પૂછ્યા વગર જ બ્રિટિશ સરકારે આ યુદ્ધમાં હિંદને જોડી દીધું. પરિણામે તેના વિરોધમાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં.




**10.5 મૌલાના આઝાદ અને ગાંધીજી સેવાગ્રામમાં, 1942**

**મૌલાના આઝાદનો જન્મ મક્કામાં થયો હતો. ઘણી બધી ભાષાઓના જાણકાર આઝાદ ઈસ્લામના વિદ્વાન અને બધા ધર્મોની એકતાના હિમાયતી હતા. ગાંધીવાદી આંદોલનોમાં હંમેશા સક્રિય રહેતા હતા.**

### પાકિસ્તાનની માગણી (1940) :

મોહમ્મદ ઈકબાલ અને ચૌધરી રહેમતઅલી જેવા મુસ્લિમ નેતાઓ પ્રચાર કરતા હતા કે હિન્દુઓ અને મુસ્લિમો બે અલગ પ્રકારની રાષ્ટ્રીયતા ધરાવે છે માટે તેઓને બે અલગ રાજ્યોમાં વહેંચવામાં આવે. માર્ચ, 1940માં લાહોરમાં મળેલ મુસ્લિમ લીગના અધિવેશનમાં મુસ્લિમોની બહુમતી ધરાવતા પ્રદેશોના બનેલા સ્વતંત્ર રાષ્ટ્ર પાકિસ્તાનની માગણીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ત્યાર બાદ લીગે પાકિસ્તાનની રચનાને પોતાનું મુખ્ય ધ્યેય બનાવ્યું.

### વ્યક્તિગત સત્યાગ્રહ (1940) :



10.6 વિનોબા ભાવે

**વિનોબા પહેલેથી રચનાત્મક કાર્ય કરતા હતા. સત્યાગ્રહી તરીકેના ઉચ્ચ ધોરણો માટે ગાંધીજીને તેમનામાં શ્રદ્ધા હતી.**

બીજું વિશ્વયુદ્ધ ચાલુ હતું, તેથી સરકારને વધારે મૂંઝવણમાં ન મૂકવા ગાંધીજીએ સામૂહિક સત્યાગ્રહના બદલે વ્યક્તિગત સત્યાગ્રહનો આરંભ કર્યો. વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ વિનોબા ભાવેની પસંદગી કરી.

1940ના રોજ વર્ધા નજીક પવનાર ગામે વિનોબાએ યુદ્ધવિરોધી ભાષણ આપીને સત્યાગ્રહની શરૂઆત કરી. પાંચમા દિવસે સરકાર દ્વારા તેમની ધરપકડ કરીને તેમને ત્રણ માસની સજા કરવામાં આવી.

**આટલું જાણો**

#### ક્રિપ્સ મિશન, 1942

હિંદને મનાવી લેવા બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલે સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સને નવી દરખાસ્તો સાથે હિંદ મોકલ્યો. ક્રિપ્સ મિશનની ભલામણોમાં હિંદને વહેલું સ્વશાસન આપવાની અને નવા હિંદી સંઘની રચના કરવાની હતી. પરંતુ હિંદને સ્વાયત્તતા ક્યારે આપવામાં આવશે તેની કોઈ વાતનો ઉલ્લેખ ન હતો. વળી, અલગ પાકિસ્તાનની વાતને પણ આ ભલામણો પોષતી હતી. આથી કૉંગ્રેસે તેનો સ્પષ્ટ વિરોધ કર્યો. પરિણામે ચર્ચિલે આ દરખાસ્તોને પાછી ખેંચી લીધી.

### હિંદછોડો આંદોલન, 1942 :

બીજા વિશ્વયુદ્ધ પછી મહાત્મા ગાંધીજીએ અંગ્રેજો વિરુદ્ધ આંદોલનનો એક નવો અધ્યાય શરૂ કર્યો. તેમણે અંગ્રેજોને ચેતવણી આપી કે તે તાત્કાલિક ભારત છોડી દે. ગાંધીજીએ ભારતીય જનતાને આદેશ કર્યો કે તેઓ ''કરેંગે યા મરેંગે''ના સિદ્ધાંત પર અંગ્રેજો વિરુદ્ધ અહિંસાથી સંઘર્ષ કરે. મુંબઈમાં મળેલી કૉંગ્રેસની મહાસમિતિની બેઠકમાં 8મી ઑગસ્ટ, 1942ની રાત્રે 'હિંદછોડો' નામથી ઓળખાતો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો.



10.7 હિંદછોડો આંદોલન


ગાંધીજી અને અન્ય નેતાઓની તરત જ 9મી ઑગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી. જેનાથી લડત વધારે ઉગ્ર અને વ્યાપક બની. સમગ્ર ભારતમાં સભાઓ, સરઘસો અને દેખાવો સામાન્ય બન્યા. ખેડૂતો અને યુવાનો આ આંદોલનમાં મોટી સંખ્યામાં જોડાયા. દેશભરમાં સરકારી મકાનો અને તાર-ટેલિફોન માધ્યમો પર હુમલા થયા. સરકારે સામૂહિક ધરપકડ, જપ્તી અને જેલ જેવી દમનની બધી રીતો અજમાવી. આશરે એક

લાખથી વધારે લોકોને જેલમાં પૂર્યા. 1000 લોકો પોલીસની ગોળીઓથી માર્યા ગયા. પરંતુ અંતે આ આંદોલનથી સરકારને ખાતરી થઈ ગઈ કે હવે વધારે સમય તેઓ ભારતની પ્રજા પર શાસન કરી શકવાના નથી.

### કૅબિનેટ મિશન યોજના (1946) :

બ્રિટનના નવા વરાયેલા વડાપ્રધાન મિ. ઍટલીએ હિંદને સંપૂર્ણ સ્વશાસન આપવાની જાહેરાત કરી. તેના અનુસંધાને બ્રિટિશ પ્રધાનમંડળના ત્રણ આગેવાનોનું પ્રતિનિધિમંડળ ભારત આવ્યું. તેમણે રજૂ કરેલ યોજના કૅબિનેટ મિશન યોજના કહેવાય છે. તેમણે હિંદના અગ્રિમ હરોળના નેતાઓ સાથે બેઠકો યોજીને નીચે મુજબની દરખાસ્તો રજૂ કરી.

1. અખિલ હિંદ સમવાયતંત્રની સ્થાપના કરવી.
2. સમગ્ર હિંદના પ્રાંતોને કુલ ત્રણ જૂથોમાં વહેંચવા.
3. હિંદને પોતાનું નવું અને મૌલિક બંધારણ ઘડવાની છૂટ આપવી.
4. બંધારણ ઘડાય ત્યાં સુધી વચગાળાની સરકાર રચવી.



**10.8 જવાહરલાલ નેહરુ**

આ પછી યોજાયેલ ચૂંટણીઓમાં કૉંગ્રેસે સારો દેખાવ કરીને જવાહરલાલ નેહરુની આગેવાનીમાં વચગાળાની સરકાર રચી. પોતાના પક્ષને મળેલા નબળા પ્રતિસાદથી અકળાઈને મુસ્લિમ લીગે 'સીધાં પગલાં દિન' (16 ઑગસ્ટ, 1946) ઊજવ્યો. તેના કારણે દેશભરમાં કોમી તંગદિલી ફેલાઈ અને ઠેરઠેર કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં. જોકે અલગ પાકિસ્તાનની રચના સુધી મુસ્લિમ લીગે નાનામોટા વિદ્રોહ સાથે આ સરકારમાં સ્થાન જાળવી રાખ્યું.

### વડાપ્રધાન ઍટલીની હિંદ છોડવાની જાહેરાત (ફેબ્રુઆરી 1947) :

નવી વચગાળાની સરકારમાં લીગે જે વલણ અપનાવ્યું, તેનાથી કોમી એખલાસ જોખમાયું. આવા કટોકટીના સમયે બ્રિટિશ વડાપ્રધાન ઍટલીએ 20 ફેબ્રુઆરી, 1947ના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં જાહેરાત કરી કે, બ્રિટિશ સરકારનો મોડામાં મોડું જૂન, 1948 સુધીમાં જવાબદાર હિંદીઓના હાથમાં સમગ્ર રાજ્ય વહીવટ સોંપી ભારત છોડી ચાલ્યા જવાનો ઈરાદો છે. આ જાહેરાતને લીધે મહાત્મા ગાંધી સહિતના લગભગ તમામ હિન્દી નેતાઓ અને લોકોનો ઉત્સાહ વધી જવા પામ્યો. ગાંધીજીએ તો આ જાહેરાતને બ્રિટિશરોનું સૌથી ઉમદા કૃત્ય કહીને આવકારી.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(1) ગાંધીજીએ દાંડીકૂચ શા માટે કરી ?

(2) બીજી ગોળમેજી પરિષદ શા માટે નિષ્ફળ ગઈ ?

(3) કૅબિનેટ મિશનમાં કઈ-કઈ દરખાસ્તો હતી ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) હિંદછોડો ચળવળ

(2) દાંડીકૂચ

**3. યોગ્ય વિકલ્પ પસંદ કરી તેના પર ◯ કરો :**

(1) સવિનય કાનૂનભંગની લડત અન્વયે કઈ ઘટના બની ?

(અ) વિદ્યાપીઠોની સ્થાપના (બ) દાંડીકૂચ

(ક) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ (ડ) બારડોલી સત્યાગ્રહ

(2) ગોળમેજી પરિષદો કયા સ્થળે યોજાતી હતી ?

(અ) દિલ્હી (બ) મુંબઈ

(ક) લંડન (ડ) લાહોર

(3) વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ કોની પસંદગી કરી ?

(અ) વિનોબા ભાવે (બ) સરદાર પટેલ

(ક) જવાહરલાલ નેહરુ (ડ) મૌલાના આઝાદ

(4) 'કરેંગે યા મરેંગે' સૂત્ર ગાંધીજીએ કઈ લડતમાં આપ્યું ?

(અ) અસહકાર (બ) દાંડીકૂચ

(ક) ચંપારણ (ડ) હિંદછોડો.

**4. પ્રોજેક્ટ :** શાળાની લાઈબ્રેરીમાંથી ગાંધીજી અંગેનાં પુસ્તકો જેવાં કે 'સત્યના પ્રયોગો', 'ગાંધીગંગા', 'મહાદેવભાઈની ડાયરી' વગેરે મેળવી ગાંધીજી વિશે બે-ત્રણ પાનાંનો ડૉક્યુમેન્ટ તૈયાર કરો.

# 11

## સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)



11.1 સંયુક્ત રાષ્ટ્રોનો ધ્વજ

*શાંતિ-ગીત ગાયે જા, ક્રાંતિ-ગીત ગાયે જા,*
*કહ રહા તિરંગા અબ, ઊંચા સર ઉઠાયે જા,*
*રંગ-ધર્મ - જાતિભેદ, રહે હૈ જગ મેં ખેદ,*
*બંધનોં કો તોડ કે, એકતા કો લાયે જા,*
*યુદ્ધ કી ઘટાયેં ઘોર, છા રહી હૈ ચારોં ઓર,*
*શાંતિ કી હવાયેં બન, બદલિયાં હટાયે જા,*
*વિશ્વ કા ભવિષ્ય આજ, નૌજવાન તેરે હાથ,*
*પ્રેમ કે પ્રકાશ કો, વિશ્વ મેં ફેલાયે જા,*

**વિચારો**

(1) વિશ્વમાં શાંતિની જરૂર શા માટે છે ? (2) યુદ્ધો થતાં શા માટે અટકાવવાં જોઈએ ?

### વિશ્વસંસ્થાની જરૂરિયાત શા માટે ?

પ્રથમ વિશ્વયુદ્ધે વિશ્વના મોટા ભાગમાં વિનાશનું તાંડવ સર્જ્યું. વિશ્વના લોકો શાંતિ ઝંખતા હતા. દુનિયાના ઈતિહાસે પુરવાર કરી આપ્યું કે સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે એક મધ્યસ્થ સંસ્થાની જરૂર છે. જેમ દેશનાં જુદાં-જુદાં રાજ્યો વચ્ચે સંકલન સાધવા રાષ્ટ્રીય સ્તરે વિવિધ સંસ્થાની જરૂર છે. તેમ દુનિયાના દેશો વચ્ચે સહકાર સાધવા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ વિશ્વસંસ્થાની જરૂર છે કે જે દુનિયાના દેશોને શાંતિ, સંપ અને સહકારના માર્ગે વાળે.

અમેરિકાના પ્રમુખ વિલ્સને વિશ્વસંસ્થાનો વિચાર રજૂ કર્યો. પરિણામે ઈ.સ. 1920માં યુદ્ધને અટકાવનાર અને શાંતિની ચાહક એવી રાષ્ટ્રસંઘ (લીગ ઑફ નેશન્સ) સંસ્થાની સ્થાપના થઈ. વિશ્વકક્ષાએ સંસ્થા સ્થાપવાનો આ પ્રથમ પ્રયાસ હતો. થોડો સમય તો આ સંસ્થાએ બે દેશો વચ્ચેના તકરારી મુદ્દાનો નિકાલ લાવીને યુદ્ધ થતું અટકાવ્યું, પરંતુ નબળા દેશોને શક્તિશાળી દેશોના આક્રમણથી બચાવવાના મહત્ત્વના કાર્યમાં આ સંસ્થા નિષ્ફળ નીવડી અને બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું.

બીજા વિશ્વયુદ્ધે પ્રથમ વિશ્વયુદ્ધ કરતાં પણ વધુ વિનાશ વેર્યો. અણુબૉંબ જેવાં વિનાશક શસ્ત્રોનો ઉપયોગ કરીને મોટા સમુદાયમાં માનવસંહાર કરવામાં આવ્યો. દુનિયાના બધા દેશોને વત્તેઓછે અંશે આથી સહન કરવું પડ્યું. વિશ્વમાં હાહાકાર મચી ગયો.

**વિચારો**

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ કયાં વર્ષો દરમિયાન થયાં ? કોની-કોની વચ્ચે થયાં ? તેનાં શા પરિણામો આવ્યા ?



**11.2. સંયુક્ત રાષ્ટ્રોનું વડું મથક, ન્યૂયૉર્ક**

### સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)નો ઉદ્ભવ :

વિશ્વને યુદ્ધના ભયમાંથી મુક્ત કરવા માટે રાજપુરુષોએ કમર કસી. તે સમયના અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટના પ્રયાસોથી એક વિશ્વસંસ્થાની યોજના ઘડવામાં આવી. પરિણામે ઈ.સ. 1945ના ઑક્ટોબરની 24મી તારીખે વિશ્વશાંતિ અને વિશ્વપ્રજાનાં કલ્યાણના હેતુથી 'સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની સ્થાપના થઈ. તેનું અંગ્રેજી ટૂંકું નામ 'યુનો' (UNO) (યુનાઈટેડ નેશન્સ ઑર્ગેનાઈઝેશન) હતું. હવે આ સંસ્થા 'યુનાઈટેડ નેશન્સ' (યુ.એન.) તરીકે ઓળખાય છે.

સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની સ્થાપના થઈ, ત્યારે 51 સભ્યરાષ્ટ્રો હતાં. આજે (ઈ.સ. 2011) સંયુક્ત રાષ્ટ્રોની સભ્યસંખ્યા 193 સુધી પહોંચી ગઈ છે.

**જાણવા જેવું**

- યુ.એન.ના મહામંત્રીની મુદત 5 વર્ષની હોય છે.
- આફ્રિકામાં આવેલ દક્ષિણ સુદાન યુ.એન.નો 193મો સભ્યદેશ બન્યો.
- યુ.એન.ની સત્તાવાર ભાષાઓમાં અરેબિક, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ ભાષાઓનો સમાવેશ થાય છે.

## યુ.એન.ના હેતુઓ :

સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની સ્થાપના પાછળના હેતુઓ તેના બંધારણમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે :

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી.

(2) સભ્યદેશો વચ્ચે મૈત્રીભાવના કેળવવી.

(3) આંતરરાષ્ટ્રીય આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવીય પ્રશ્નોનો નિકાલ કરવો.


(4) બધા જ લોકોના માનવહકો અને મૂળભૂત સ્વતંત્રતા પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન કરવા સહકાર સાધવો.

આ હેતુઓ યુ.એન.નાં જુદાં-જુદાં અંગો દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. તેનાં મુખ્ય છ અંગો છે. હવે આપણે એ દરેકનો ટૂંકમાં પરિચય મેળવીએ.

**વિચારો**

(1) માનવીની મૂળભૂત જરૂરિયાતો કઈ-કઈ છે ? (2) આજના વિકટ પ્રશ્નો કયા-કયા છે ? (3) માનવકુળને ઉગારવા શું-શું કરી શકાય ? (4) તમારા મતે યુનો જેવી સંસ્થાની જરૂર છે ? શા માટે ? (5) 'યુનોદિન' ક્યારે ઊજવવામાં આવે છે ?

## સંયુક્ત રાષ્ટ્રોનાં અંગો :



## સામાન્ય સભા (General Assembly) :



**11.3 સામાન્ય સભાનો સભાખંડ**

સામાન્ય સભા યુનોનું સૌથી મોટું અંગ છે. તેને 'વિશ્વની પાર્લમેન્ટ' કહી શકાય. યુનોમાં જોડાયેલાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓ તેમાં બેસે છે. દરેક સભ્યરાષ્ટ્ર તેના વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે, પણ મત પ્રદાન વખતે એક રાષ્ટ્ર એક જ મત આપી શકે. સામાન્ય સભા વર્ષમાં એક વાર મળે છે. તેના સભ્યો દર વર્ષે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. ઈ.સ. 1953-54માં ભારતના પ્રતિનિધિ આ સભાના પ્રમુખ તરીકે ચૂંટાયાં હતા. આ સભાએ માનવ-અધિકારો અંગેનું વૈશ્વિક જાહેરનામું ઈ.સ. 1948માં 10 ડિસેમ્બરે મંજૂર કર્યું.



**11.4 શ્રીમતી વિજ્યાલક્ષ્મી પંડિત**

સામાન્ય સભા યુનોના ખતપત્રની મર્યાદામાં રહીને વિશ્વના કોઈ પણ પ્રશ્ન ઉપર ચર્ચા-વિચારણા કરી શકે છે. તેના પર તે સલાહ-સૂચનો આપી શકે છે. વિશ્વમાં શાંતિ અને સલામતીને ભયમાં મૂકે એવી પરિસ્થિતિ ઊભી થાય તો તરત તે યુનોની સમિતિનું ધ્યાન દોરે છે. યુનોમાં નવા સભ્યોને પ્રવેશ આપવાની આ સભાને સત્તા છે.

**વિચારો**

- યુ.એન.ની સામાન્ય સભાના પ્રમુખ તરીકે ભારતમાંથી કોની વરણી થઈ હતી ?
- 'માનવ-અધિકાર દિન' ક્યારે ઊજવવામાં આવે છે ? શા માટે ?
- 'માનવ-અધિકાર' શું છે ? શા માટે જરૂરી છે ?

### સલામતી-સમિતિ (Security Council) :

યુનોનું આ સૌથી મહત્ત્વનું અંગ છે. તેમાં 15 સભ્યો છે. તેમાંથી યુ.એસ.એ., બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન એમ પાંચ સભ્યો કાયમી છે. બાકીના બિનકાયમી 10 સભ્યોને સામાન્ય સભા બે વર્ષ માટે ચૂંટે છે. વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવા માટે આ સમિતિને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. રાષ્ટ્રો વચ્ચેના ઝઘડાઓને તેણે શાંતિમય સાધનો દ્વારા ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવાનો હોય છે. સંયુક્ત રાષ્ટ્રોના સચિવાલયના વડા 'મહામંત્રી' તરીકે ઓળખાય છે. તેમની નિમણૂક સલામતી-સમિતિની ભલામણથી સામાન્ય સભા કરે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય વહીવટી અધિકારી તરીકે કામગીરી બજાવે છે.

**વિચારો**

(1) શાંતિમય સાધનો દ્વારા ઉકેલ લાવવા સલામતી સમિતિ શું કરે છે ?
(2) જો કોઈ ઝઘડાખોર રાષ્ટ્ર આ સમિતિના આદેશનો અનાદર કરે, તેવા સંજોગોમાં આ સમિતિ શું કરી શકે છે ?
(3) સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રી શું કાર્ય કરતા હશે ? હાલમાં મહામંત્રી તરીકે કોણ છે ?

### વિટો એટલે શું ? :

સલામતી-સમિતિના કોઈ પણ નિર્ણય માટે પાંચ કાયમી સભ્યોના હકારાત્મક (મંજૂરી માટે) મત લેવાનું જરૂરી છે. પાંચમાંથી એક પણ સભ્યરાષ્ટ્ર 'નકારાત્મક મત' આપે તો નિર્ણય લઈ શકાતો નથી. સત્તા ધરાવતા પાંચ કાયમી સભ્યરાષ્ટ્રના નિષેધ કરવાના અથવા નિર્ણયને નામંજૂર કે નિરર્થક કરવાના અધિકારને 'નિષેધાધિકાર' કે 'વિટો પાવર' કહે છે.

**વિચારો**

(1) શું તમે માનો છો કે સલામતી-સમિતિના કાયમી સભ્યોની સંખ્યા વધારવી જોઈએ ? શા માટે ?
(2) સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીનું પદ ખૂબ જવાબદારીવાળું છે ? શા માટે ?

**પ્રવૃત્તિ**

- લાઈબ્રેરીમાં જઈ સંદર્ભપુસ્તકમાંથી યુનોનાં અન્ય અંગો વિશે સવિસ્તાર માહિતી મેળવો.
- વર્તમાનપત્રોમાં આવતા યુનોને લગતા સમાચારનાં કટિંગ્સનો સંગ્રહ કરો.

### સંયુક્ત રાષ્ટ્રોની વિશેષ સંસ્થાઓ :

જગતના લોકોનાં જીવનધોરણો ઊંચાં આવે, તેમને રોજગારીની તકો પ્રાપ્ત થાય તેમજ લોકોના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પ્રયાસો કરવા એ સંયુક્ત રાષ્ટ્રોનું મહત્ત્વનું કાર્ય છે. આ ધ્યેયો સિદ્ધ કરવા યુ.એન.ના નેજા હેઠળ વિશિષ્ટ ક્ષેત્રોમાં કામ કરનારી ખાસ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.

| યુ.એન.ની વિશેષ સંસ્થાનું નામ | ટૂંકું નામ | સંસ્થાનું વડું મથક | સંસ્થાનું મુખ્ય કાર્ય |
|---|---|---|---|
| વિશ્વ આરોગ્ય સંગઠન | WHO ('હુ') | જિનિવા | દુનિયાના લોકોનાં શારીરિક અને માનસિક આરોગ્યમાં સુધારો થાય એ માટે પ્રયાસો કરવા. |
| યુનેસ્કો | UNESCO (યુનેસ્કો) | પૅરિસ | દુનિયાના વિવિધ દેશો વચ્ચે શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર સાધવો. |
| આંતરરાષ્ટ્રીય મજૂર-સંગઠન | ILO (આઈ.એલ.ઓ.) | જિનિવા | માલિકો દ્વારા કામદારોનું શોષણ ન થાય, યોગ્ય વેતન પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરવા. |
| યુનિસેફ | UNICEF (યુનિસેફ) | ન્યૂયૉર્ક | બાળકોના જીવનની ગુણવત્તા સુધરે, યોગ્ય અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય એવા બાળકલ્યાણના કાર્યક્રમો યોજવા. |
| ખોરાક અને કૃષિ સંગઠન | FAO (ફાઓ) | રોમ | વિશ્વમાં અન્નનું ઉત્પાદન વધે અને કૃષિનો વિકાસ થાય એવા પ્રયાસો કરવા. |
| વિશ્વબૅન્ક | IBRD (આઈ.બી.આર.ડી.) | વૉશિંગ્ટન-ડી.સી. | વિશ્વયુદ્ધ દરમિયાન ખુવાર થયેલા દેશોના પુનઃનિર્માણ માટે ધિરાણ, વિકાસશીલ દેશોના વિકાસ તેમજ મહાનગરોના પ્રોજેક્ટ માટે ધિરાણ આપવું. |

## પ્રવૃત્તિ

નીચેની સંસ્થાઓના પ્રતીકો (લૉગો કે ફ્લેગ)ને ઓળખી તેમનાં વિસ્તૃત નામ અંગ્રેજીમાં લખો.

(1)



(2)



| | |
|---|---|
| (3)  | (4)  |
| | |
| (5)  | (6)  |
| | |
| (7)  | (8)  |
| | |

**વિચારો**

1. તમારા ગામ, તાલુકા તેમજ જિલ્લાની વિશેષ સંસ્થાઓનાં પ્રતીક એકત્ર કરો.
2. નીચેનાં પ્રતીકો ક્યાં ક્ષેત્રો સાથે સંબંધ ધરાવે છે ?

| | | |
|---|---|---|
|  |  |  |
| | | |

**પ્રવૃત્તિ**

(1) સંયુક્ત રાષ્ટ્રોની વિશેષ વૈશ્વિક સંસ્થાઓની માહિતી પુસ્તકાલયમાંથી સંદર્ભપુસ્તકો મેળવી એકઠી કરો અને અહેવાલ બનાવો. (વિવિધ સંસ્થાના લૉગો, વિસ્તૃત નામ, સ્થાપનાનો હેતુ, કાર્યાલયનું વડું મથક, કામગીરીના મુદ્દા લેવા.)

(2) વિશ્વસ્તરે કાર્ય કરતી બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની યાદી બનાવો.

### સંયુક્ત રાષ્ટ્રો (યુનો)ને ભારતનો સહકાર :

ભારતદેશે યુનો મારફતે જ પરદેશો સાથેના મતભેદોને ઉકેલવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. સંયુક્ત રાષ્ટ્રોની શાંતિ સ્થાપવાની કામગીરીમાં ભારતે સક્રિય સહકાર આપ્યો છે. કોરિયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની સારવાર કરવા ભારતે ડૉક્ટરોની ટીમ મોકલી હતી. સંયુક્ત રાષ્ટ્રોના નેજાહેઠળ પોતાના સૈનિકો મોકલી કટોકટી ઉકેલવામાં ભારતે સહાય કરેલી. સલામતી-સમિતિ ઉપરાંત વિવિધ સમિતિઓના સભ્ય તરીકે ભારતે ઉપયોગી ભૂમિકા ભજવી છે. ભારતીયોએ મહત્ત્વના હોદ્દાઓ ધારણ કરીને પોતાનાં જ્ઞાન-અનુભવનો લાભ આપ્યો છે.

ભારતે 'પંચશીલ'નો વિચાર વિશ્વ સમક્ષ રજૂ કર્યો.

**વિચારો**

(1) યુ.એન.ની વિવિધ સમિતિઓમાં સેવા આપનાર ભારતીયોની યાદી તૈયાર કરો.

| સેવા આપનાર મહાનુભાવ | સમિતિનું નામ | કયા હોદ્દા પર |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**પ્રવૃત્તિ**

પંચશીલના સિદ્ધાંતો વિશે વિસ્તૃત માહિતી સંદર્ભપુસ્તકમાંથી અથવા શિક્ષક પાસેથી મેળવો અને તમારી નોંધપોથીમાં નોંધો.

### માનવીની ઉજ્જ્વળ આશા :

વિશ્વનાં બધાં જ રાષ્ટ્રો યુનોને સાથ અને સહકાર આપે, તો વિશ્વશાંતિનો સાચો અનુભવ થાય. આ માટે બધા રાષ્ટ્રો યુદ્ધ નહિ કરવાની પ્રતિજ્ઞા લે અને ઘાતક શસ્ત્રોનું ઉત્પાદન બંધ કરી દે એ જરૂરી છે. આજે જો બધાં રાષ્ટ્રો શસ્ત્રો વધારવાની હરીફાઈ બંધ કરી દે, તો અબજો રૂપિયાનો બચાવ થાય. આ રકમમાંથી વિશ્વના લોકોનું કલ્યાણ થઈ શકે એમ છે.

પૃથ્વી જ એવો ગ્રહ છે, જ્યાં મનુષ્યોએ રહેવાનું છે. તેથી માનવીએ વિશ્વઐક્ય અને વિશ્વશાંતિ માટે સંયુક્ત રાષ્ટ્રોની સફળતાને ઝંખવી જ રહી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) 'વિશ્વઐક્ય' એટલે શું ? આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વસંસ્થા સ્થાપવાની જરૂર શા માટે જણાઈ ?

(2) યુનોની સ્થાપના કયા સંજોગોમાં થઈ ?

(3) યુનોના મુખ્ય હેતુઓ કયા છે ?

(4) સંયુક્ત રાષ્ટ્રોનાં મુખ્ય અંગો કયાં છે ?

(5) યુનોની કાર્યસિદ્ધિમાં ભારતનો શો ફાળો છે ?

**2. નીચેનાં વિધાનો પૈકી સાચાં વિધાનો સામે (√) ની અને ખોટાં વિધાનો સામે (×) ની નિશાની કરો :**

(1) 'વિટો સત્તા' એટલે સલામતી-સમિતિના કોઈ પણ નિર્ણયને નામંજૂર કરવાનો અધિકાર. ☐

(2) લીગ ઑફ નેશન્સની સ્થાપના વખતે ભારત સ્વતંત્ર રાષ્ટ્ર ન હતું. ☐

(3) યુનેસ્કોના અધ્યક્ષ તરીકે ભારતનાં વિજ્યાલક્ષ્મી પંડિત ચૂંટાઈ આવેલાં. ☐

(4) દર વર્ષે 26મી જાન્યુઆરીએ 'યુનાઈટેડ નેશન્સ ડે' ઊજવવામાં આવે છે. ☐

(5) સંયુક્ત રાષ્ટ્રની સલામતી-સમિતિમાં પાંચ રાષ્ટ્રો કાયમી સભ્ય છે. ☐

**3. નીચેના વિશે ટૂંકનોંધ લખો :**

(1) સામાન્ય સભા (2) સલામતી સમિતિ (3) નિઃશસ્ત્રીકરણની જરૂરિયાત

**4. નીચે જણાવેલ સંસ્થાઓનાં પ્રતીકો (લૉગો) શોધી તમારી નોંધપોથીમાં ચોંટાડીને અથવા દોરીને તેની સામે સંસ્થાનું વિસ્તૃત નામ લખો :**

| | | | |
|---|---|---|---|
| ઉ.દા.<br>**FAO**<br>ફૂડ ઍન્ડ એગ્રિકલ્ચર ઑર્ગેનાઈઝેશન | **UNICEF** | **WHO** | **UNESCO** |

**5.** આંતરરાષ્ટ્રીયસ્તરે કામગીરી કરતી સંસ્થાને તેના પ્રતીક પરથી તમારા મિત્ર, શિક્ષક તેમજ ઈન્ટરનેટના માધ્યમથી ઓળખી તેનું વિસ્તૃત નામ તેની સામે લખો.

(1) 


(2) 

**6.** વિશ્વસ્તરે ઑલિમ્પિક રમતોત્સવમાં રમાતી રમતોની યાદી બનાવો. તેમાંથી કોઈ પણ બે રમતો, જે તમારા વિસ્તારમાં રમાતી હોય, તેના નિયમોની યાદી બનાવી તેનું મેદાન દોરો.

•

# 12

## આઝાદી અને ત્યાર પછી...




**12.1 : 15મી ઑગસ્ટ, 1947ના સમયનું ભારત**

15મી ઑગસ્ટ, 1947ના રોજ આપણો ભારતદેશ આઝાદ થયો. તેની સાથે 1 દિવસ પહેલાં એટલે કે 14મી ઑગસ્ટ, 1947ના રોજ ભારતમાંથી પાકિસ્તાન અલગ પડ્યું. આમ, આઝાદીની ખુશી તો સૌ દેશવાસીઓને મળી, પણ સાથે કેટલીક સમસ્યાઓ પણ ભારત સામે ઊભી થઈ હતી. અખંડ હિંદુસ્તાનના બે ભાગ થતાં લગભગ 80

લાખ શરણાર્થીઓ પાકિસ્તાનથી ભારત આવી રહ્યા હતા. આ શરણાર્થીઓનો પુનઃવસવાટ એક વિકટ સમસ્યા હતી. તે સમયે ભારતમાં 562 જેટલાં દેશી રજવાડાંઓ હતાં. તેને ભારતસંઘ સાથે જોડવા અને રાષ્ટ્રનું નિર્માણ કરવું તે બીજી મોટી વિકટ સમસ્યા હતી. સ્વતંત્ર ભારતને એક એવી રાજનૈતિક વ્યવસ્થાની આવશ્યકતા હતી કે જેનાથી લોકોની આશાઓ અને અપેક્ષાઓને સંતોષ આપી શકાય, તે ત્રીજી વિકટ સમસ્યા હતી.

ભારતના ભાગલા શા માટે થયા ? ભાગલા બાદ કેવી વિકટ સમસ્યાઓ ઊભી થઈ ? આ સમગ્ર ઘટનાક્રમ કેવો હતો ? આ તમામ મુદ્દાઓની વાત હવે આપણે આ પ્રકરણમાં કરી રહ્યા છીએ.

### મુસ્લિમ લીગનો ઠરાવ :

અંગ્રેજોની નીતિ હંમેશા 'ભાગલા પાડો અને રાજ કરો'ની હતી. આથી તેઓ હંમેશાં એવું ઠસાવતા રહ્યા કે હિંદુઓ અને મુસલમાન અલગ હિત ધરાવે છે. બંનેની વિચારધારાઓ અલગ છે. આવા વિચારોથી પ્રભાવિત કેટલાક મુસ્લિમ નેતાઓ એવું માનતા હતા કે સ્વતંત્ર ભારતમાં મુસ્લિમોનાં હિતો નહિ સચવાય, તેમને સુરક્ષા નહિ મળે. માટે અલગ પાકિસ્તાનની રચના થાય એ જરૂરી છે, જેથી બંને કોમ સ્વતંત્ર વિકાસ સાધી શકે. આ હેતુઓને ધ્યાનમાં રાખીને માર્ચ 1940માં લાહોર મુકામે મુસ્લિમ લીગનું અધિવેશન મળ્યું. તેમાં ઠરાવ થયો કે મુસ્લિમોની બહુમતી ધરાવતા પ્રદેશોનો સમાવેશ કરી અલગ રાષ્ટ્ર પાકિસ્તાનની માગણી કરવી. ત્યાર બાદ પાકિસ્તાનની રચનાને મુસ્લિમ લીગે તેમનું મુખ્ય ધ્યેય બનાવ્યું.



**12.2 ખાન અબ્દુલ ગફારખાન - ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંતના નેતા - ગાંધીજી સાથે શાંતિયાત્રામાં જઈ રહ્યા છે.**

### માઉન્ટબેટન યોજના :

વાઈસરૉય માઉન્ટબેટન માર્ચ, 1947માં ભારત આવ્યા. તેમનો મત એવો હતો કે ભારતને સ્વતંત્ર થવું હોય તો ભાગલા કરવા અનિવાર્ય છે. જો એમ નહિ કરવામાં આવે, તો સમગ્ર દેશમાં કોમી હુલ્લડો ફાટી નીકળશે. લોકો પરેશાન થશે. સ્વતંત્રતા માટે થતા આંદોલનો એટલી હદે પહોંચી ગયાં હતાં કે હવે અંગ્રેજ સરકારને ભારત વહેલી તકે છોડવું પડે એમ જ હતું. આ સંજોગોમાં ભારતના કેટલાક વાસ્તવદર્શી નેતાઓએ ભારતના ભાગલા કરવાની વાત કમને સ્વીકારી લીધી. તેમણે બીજા નેતાઓને આ વાત સ્વીકારી લેવા આગ્રહ કર્યો. ત્રણેક મહિના લાંબી ચર્ચાઓ ચાલી. મુખ્ય નેતાઓ વચ્ચે બેઠકો થઈ અને અંતે માઉન્ટબેટને ભારતના બે ભાગ કરવાની આખરી યોજના રજૂ કરી, જે 'માઉન્ટબેટન યોજના' કહેવાય છે. આ યોજનાના અમલ માટે 'હિંદ સ્વાતંત્ર્યધારો' પસાર કરવામાં આવ્યો.




**12.3 સત્તાહસ્તાંતરણ બેઠક - માઉન્ટબેટન, જવાહરલાલ નેહરુ, મહંમદઅલી ઝીણા, વી.પી. મેનન**

## હિંદ સ્વાતંત્ર્યધારો (1947) :

માઉન્ટબેટનની યોજના અનુસાર બ્રિટિશ પાર્લામેન્ટે 'હિંદ સ્વાતંત્ર્યધારો' પસાર કર્યો. આ ધારાની જોગવાઈઓ અનુસાર -

- હિન્દુસ્તાનનું ભારતીય સંઘ અને પાકિસ્તાન સંઘ એમ બે ભાગમાં વિભાજન કરી સ્વતંત્ર કરવામાં આવે છે.
- દરેક એકમો પોતાનું બંધારણ ઘડીને અમલમાં મૂકશે.
- હિંદના રજવાડાં પોતાની ઈચ્છા અનુસાર ભારતીય સંઘ કે પાકિસ્તાન સંઘ સાથે જોડાઈ શકે છે અને જોડાવા ન ઈચ્છે, તો સંપૂર્ણ સ્વતંત્ર રહેવાની છૂટ આપવામાં આવે છે.

હિંદ સ્વાતંત્ર્યધારાની જોગવાઈ અનુસાર હિંદુસ્તાનના ભારત અને પાકિસ્તાન એમ બે ભાગ પડ્યા. ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટબેટન અને પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ તરીકે મહંમદઅલી ઝીણાની પસંદગી થઈ. આ ધારાથી હિંદની પરાધીનતાનો અંત આવ્યો. ઈ.સ. 1857થી સ્વતંત્રતા માટે લડનાર ભારતીયોને આઝાદી મળી. પાકિસ્તાનમાં સિંધ, બલૂચિસ્તાન, પશ્ચિમ પંજાબ, સરહદ પ્રાંત અને પૂર્વ બંગાળનો સમાવેશ થયો, જ્યારે બાકીના પ્રદેશો ભારતમાં રહ્યા.

## દેશભરમાં સ્વતંત્રતાનો આનંદ :

ભારત સ્વતંત્ર થયું અને સમગ્ર દેશમાં આનંદનો માહોલ છવાઈ ગયો. કેટલાંય વર્ષોની ગુલામીમાંથી આપણે સૌ આઝાદ થયા હતા. કેટલાય ક્રાંતિવીરો તેમજ લોકનેતાઓએ બલિદાન આપ્યાં. આ ઉપરાંત કેટલાય નામી-અનામી લોકોએ પોતાની શક્તિ કરતાં પણ વધુ યોગદાન સ્વતંત્રતા-ચળવળોમાં આપ્યું. ત્યારે છેક આપણને સ્વતંત્ર દેશના સ્વતંત્ર રહેવાસી તરીકેની ઓળખ મળી. ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે શ્રી જવાહરલાલ નહેરુએ દિલ્લીના લાલકિલ્લા પરથી બ્રિટનનો યુનિયન જેક ઉતારી તેને સ્થાને ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. આખો દેશ સ્વાતંત્ર્યપ્રાપ્તિની ઉજવણીમાં રંગાઈ ગયો.

**વિચારો**

15મી ઑગસ્ટ, 1947ના રોજ ભારત સ્વતંત્ર થયું. એ દિવસે તમારા ગામ કે શહેરમાં પણ તેની ઉજવણી કરવામાં આવી હશે. કઈ રીતે થઈ હતી ઉજવણી ?


## દેશી રાજ્યોની હિલચાલ :

હિંદ સ્વાતંત્ર્યધારો પસાર થતા કેટલાંક દેશી રાજ્યોએ સંપૂર્ણ સ્વતંત્ર થવાના પ્રયાસો કર્યા. જોકે ધારાની જોગવાઈ મુજબ દરેક રાજ્ય સ્વતંત્ર રહેવા ઇચ્છે તે સ્વાભાવિક છે. સર સી. પી. રામસ્વામી ઐયરે ત્રાવણકોર રાજ્યને સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય જાહેર કર્યું. હૈદરાબાદના નિઝામે, ભોપાળના નવાબે તથા ઇન્દોરના હોલ્કરે પણ એવી જ જાહેરાત કરી. જૂનાગઢના નવાબે જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડાયેલું જાહેર કર્યું.

આવી રીતે દરેક રજવાડાં જો સ્વતંત્ર થઈ જાય, તો ભારત નાનાં-નાનાં રાજ્યોમાં વિભાજિત થઈ જાય. એકબીજાં રાજ્યોને તેમની સરહદોના પ્રશ્નો ઊભા થાય. વિકાસ માટેનાં સંસાધનો મર્યાદિત બની જાય. રાજ્યોની વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય. તેનાથી આપણને મળેલી સ્વતંત્રતાનો કોઈ અર્થ રહે નહિ.

## દેશી રાજ્યોનું વિલીનીકરણ :

એ સમયે ભારતમાં 562 દેશી રાજ્યો હતાં. આ દરેક રાજ્ય ભારતસંઘ સાથે જોડાય, તો જ ભારત એક સંઘરાજ્ય બને. આ અતિ મહત્ત્વનું કામ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના સચિવ શ્રી વી. પી. મેનને પાર પાડ્યું. તેમણે રાજાઓમાં દેશભક્તિ જાગૃત કરી અને વ્યવહારુ બુદ્ધિથી 559 દેશી રાજ્યોનું ભારતસંઘ સાથે વિલિનીકરણ કર્યું. ભારતસંઘમાં સૌપ્રથમ જોડાવવાની પહેલ ભાવનગરના રાજા મહારાજ કૃષ્ણકુમારસિંહજીએ કરી હતી. જૂનાગઢ, હૈદ્રાબાદ અને કાશ્મીર આ ત્રણ રાજ્યોના પ્રશ્ન બાકી રહ્યા.



**12.4 શ્રી સરદાર પટેલ**

જૂનાગઢના નવાબ વિરુદ્ધ પ્રજાએ ક્રાંતિ કરી. રતુભાઈ અદાણી તેમજ અન્ય લોકોએ સાથે મળીને 'આરઝી હકૂમત'ની સ્થાપના કરી. સરદાર પટેલે જૂનાગઢમાં



12.5 શ્રી વી. પી. મેનન


લોકમત લેવડાવ્યો અને જૂનાગઢ ભારતસંઘ સાથે ભળી ગયું. હૈદ્રાબાદના નિઝામ સામે લશ્કરી પગલાં ભરવામાં આવ્યાં અને અંતે તેને પણ ભારતસંઘમાં સામેલ કરવામાં આવ્યું. પાકિસ્તાને ઈ.સ. 1948માં કાશ્મીર ઉપર હુમલો કર્યો તે દરમિયાન ત્યાંના રાજા હરિસિંહે વિધિસર ભારતસંઘ સાથે જોડી દીધું. ભૌગોલિક દૃષ્ટિએ આ ત્રણેય રાજ્યો ભારતસંઘ સાથે જોડાય એ અતિ મહત્ત્વનું હતું.

દેશી રાજ્યોના રાજાઓ તેમના લોકોને જવાબદાર સરકાર આપવા ઈચ્છતા હતા. ભારત સરકાર એ જવાબદાર સરકાર સાબિત થશે, તેવી ચોક્કસ ખાતરી હતી. બીજી વાત એ પણ હતી કે એ સમયમાં શિક્ષણનું પ્રમાણ એકંદરે વધ્યું હતું. લોકો સ્વતંત્રતાનો અર્થ સમજવા પ્રયત્નશીલ હતા. દરેક વ્યક્તિ સ્વતંત્ર થવા ઈચ્છતી હતી. આથી રાજાઓ અને તેમના લોકોના અનુભવોના આધારે તેઓ નક્કી કરી શક્યા કે ભારતસંઘ સાથે જોડાવાથી પ્રજાનો વિકાસ ચોક્કસ થશે. આ બાબતમાં રાજાઓની દેશભક્તિની ચોક્કસ પ્રશંસા કરવી જોઈએ, કારણકે પોતાને આવશ્યક એવી થોડી મિલકત રાખીને બાકીનું તમામ રાજ્ય ભારતસંઘને સોંપી દેવું એ બહુ મોટી વાત છે. આમ, દેશનાં બધાં દેશી રાજ્યો વિલીનીકરણ માટે તૈયાર થયાં. તે ભારતના જ નહિ, પરંતુ જગતના ઈતિહાસમાં એક અપૂર્વ ઘટના હતી.

વિલીનીકરણની પ્રક્રિયામાં સરદાર વલ્લભભાઈ પટેલ તથા તેમના માર્ગદર્શન મુજબ કામ કરનાર વી. પી. મેનનનો ફાળો સદા યાદ રહેશે. સમગ્ર ભારતની આ રીતે થયેલી એકતા અગાઉ ક્યારેય જોવા મળી ન હતી. સરદાર પટેલની આ અપ્રતિમ મહાન સેવા હતી એમ કહીએ તો અતિશયોક્તિ થતી નથી.

### ગાંધીજીની હત્યા :

હજુ ભારત સ્વતંત્ર થયું તેને છ મહિના પણ પૂરા નહોતા થયા અને આખો દેશ ઊંડા શોકમાં ગરકાવ થઈ ગયો. ભારતના ભાગલાના સંદર્ભમાં કેટલાક વિસ્તારોમાં ભીષણ કોમી રમખાણો ફાટી નીકળ્યાં. આ કોમી



12.6 ગાંધીજીની સ્મશાનયાત્રા

રમખાણોને રોકવા ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા. લોકોને શાંતિ રાખવા માટે અપીલ કરી. આ દરમિયાન 30મી જાન્યુઆરી, 1948ના રોજ ગાંધીજી બિરલાહાઉસમાં સાંજની પ્રાર્થના માટે જતા હતા, ત્યારે નથુરામ ગોડ્સે નામની વ્યક્તિએ તેમની હત્યા કરી નાખી.

એ જ સાંજે શોકગ્રસ્ત ભારતદેશે આકાશવાણી પરથી જવાહરલાલ નેહરુનો શોકસંદેશો સાંભળ્યો : ''દોસ્તો, સાથીઓ, આપણા જીવનની રોશની બુઝાઈ ગઈ અને હવે ચારે તરફ અંધકાર છે. આપણા પ્રિય નેતા રાષ્ટ્રપિતા હવે આપણી વચ્ચે નથી.'' સમગ્ર રાષ્ટ્ર સ્તબ્ધ બની ગયું.

ગાંધીજી ભારતના તમામ વર્ગના લોકો વચ્ચે એકતામાં માનતા હતા અને તેના માટે જ તેમણે પોતાના અમૂલ્ય જીવનનું બલિદાન આપી દીધું. દિલ્હીમાં બાપુની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. લાખો લોકો અશ્રુભરી આંખે તેમાં જોડાયાં.

### નિરાશ્રિતોનો પુનઃવસવાટ :

લાખો લોકો પાકિસ્તાનથી ભારત આવ્યા હતા. તેમના વસવાટ અને તેમની રોજગારી એ વિકટ જવાબદારી પણ ભારત સરકારે ખૂબ જ કુનેહથી નિભાવી. તમામ લોકોને શક્ય એટલી વધુ સગવડો આપવામાં આવી. વિશાળ શરણાર્થી શિબિરો ખોલવામાં આવી. તેમને માત્ર ખોરાક અને રહેઠાણ જ નહિ પરંતુ પ્રેમ અને લાગણીની પણ જરૂર હતી. લોકોએ અને સંસ્થાઓએ સૌને સહકાર આપ્યો. આમ, તમામ નિરાશ્રિતો બધા સાથે ભળી ગયા. તેમણે પોતાની નવી જિંદગીની શરૂઆત કરી.



12.7 ભાગલા સમયે લોકોની હિજરત

### ભારતનું બંધારણ અને તેનો અમલ :

ઈ.સ. 1946માં બંધારણસભાની રચના કરવામાં આવી હતી. તેનું કામ સ્વતંત્ર ભારત માટે બંધારણ ઘડવાનું હતું. બંધારણ ઘડવાની પ્રક્રિયા ડિસેમ્બર, 1949 સુધી ચાલી. આ સમય દરમિયાન તેના દરેક મુસદ્દાના એક-એક ભાગ ઉપર લાંબી ચર્ચાઓ થઈ. તે માટે 11 જેટલા સત્ર યોજાયાં; જેમાં 166 દિવસ બેઠકો થઈ. જુદી-જુદી સમિતિઓ તેમજ ઉપસમિતિઓએ મુસદ્દાને સુધારવાનું તેમજ મઠારવાનું કામ કર્યું. લગભગ 300 ભારતીયોએ આ પ્રક્રિયામાં ભાગ લીધો. બંધારણસભાની બેઠકો દિલ્હીમાં આયોજિત થતી હતી. તેમ છતાં તેના સદસ્યો સમગ્ર ભારતમાં ફેલાયેલા હતા.



12.8 ડૉ. આંબેડકર

બંધારણની મુસદ્દાસમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરને નીમવામાં આવ્યા. બંધારણસભાના પ્રમુખ તરીકે ડૉ. રાજેન્દ્રપ્રસાદને ચૂંટવામાં આવ્યા હતા.


બંધારણ તૈયાર થતા બંધારણસભાએ તેને પસાર કર્યું. 26મી જાન્યુઆરી, 1950ના રોજથી તેનો અમલ કરવામાં આવ્યો. આ દિવસથી દેશની સત્તા પ્રજાના હાથમાં આવી.



12.9 ચક્રવર્તી રાજગોપાલાચારી

તેથી 26મી જાન્યુઆરીનો દિવસ 'પ્રજાસત્તાક દિન' તરીકે ઊજવાય છે. જ્યારે 15મી ઑગસ્ટને આપણે સૌ 'સ્વાતંત્ર્યદિન' તરીકે ઊજવીએ છીએ. બંને દિવસ આપણા રાષ્ટ્રીય તહેવારો છે.

અંગ્રેજ ગવર્નર જનરલ માઉન્ટબેટન નિવૃત્ત થઈને સ્વદેશ પાછા જતા રહ્યા. ત્યાર બાદ ચક્રવર્તી રાજગોપાલાચારી ગવર્નર જનરલ બન્યા. તેઓ ભારતના છેલ્લા ભારતીય ગવર્નર જનરલ હતા. બંધારણ અમલમાં આવ્યું, ત્યાર પછી ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા.



12.10 ડૉ. રાજેન્દ્રપ્રસાદ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલાં જોડકાં જોડો :**

| (અ) | (બ) |
|---|---|
| (1) સ્વતંત્રતાદિવસ | (1) ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| (2) ભારતના પ્રથમ વડાપ્રધાન | (2) 15મી ઑગસ્ટ |
| (3) પ્રજાસત્તાક દિન | (3) જવાહરલાલ નેહરુ |
| (4) ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ | (4) ડૉ. આંબેડકર |
| (5) બંધારણ મુસદ્દાસમિતિના અધ્યક્ષ | (5) 26મી જાન્યુઆરી |

**2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ભારતની આઝાદી સમયે કઈ સમસ્યાઓ પડકારરૂપ હતી ?

(2) મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં કયો ઠરાવ પસાર કરવામાં આવ્યો ?

(3) હિન્દ સ્વાતંત્ર્યધારાની મુખ્ય જોગવાઈઓ કઈ-કઈ હતી ?

(4) દેશી રાજ્યોના વિલીનીકરણની જવાબદારી કોને સોંપાઈ ?

(5) જવાહરલાલ નહેરુએ ગાંધીજીની હત્યાના સમાચાર આકાશવાણી પર કયા શબ્દોમાં આપ્યા ?

**3. નીચેની ખાલી જગ્યાઓ પૂરો :**

(1) આઝાદી સમયે ભારતમાં .......... દેશી રાજ્યો હતાં.

(2) બંધારણસભાની રચના ઈ.સ. ..........માં કરવામાં આવી હતી.

(3) સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના સચિવશ્રી ..........ને વિલીનીકરણની જવાબદારી સોંપવામાં આવી.

(4) ભારતના ભાગલાની યોજના વાઈસરૉય .......... એ રજૂ કરી.

(5) સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ .......... બન્યા.

**4. આવો જાતે કરીએ :**

(1) 15મી ઑગસ્ટ અને 26મી જાન્યુઆરીના દિવસે છાપાંમાં કઈ ઐતિહાસિક વિગતોનો ઉલ્લેખ થાય છે, તેનાં કટિંગ્સ એકત્ર કરો.

(2) તમારી શાળામાં 15મી ઑગસ્ટ અને 26મી જાન્યુઆરીની ઉજવણી કેવી રીતે થાય છે, તે મુદ્દાસર લખી વર્ગ સમક્ષ રજૂ કરો.


(3) રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી સાથે તમે પોતે કોઈ પણ 1 રાષ્ટ્રીય કાર્યમાં કેવી રીતે મદદ કરશો, તેનો સંકલ્પ કરો.

**5. અહીં એક ફોટો આપેલો છે, તે ધ્યાનથી જુઓ.**

આ ફોટો ભારતના ભાગલા પછી પાકિસ્તાનથી ભારત આવેલા શરણાર્થીઓ માટે બનાવેલી શિબિરનો છે.

**કલ્પના કરો :**

તમે આ શરણાર્થીમાંના એક હો તો તમારે કઈ-કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે ? તમારા શબ્દોમાં વર્ણન કરો.



**12.11 શરણાર્થી શિબિર**

# 13

# સ્વતંત્ર ભારત

### રાજ્યોની રચના અને પુનર્રચના :

ભારત આઝાદ થયું અને દેશી રાજ્યોનું એકીકરણ થયું. આપણે એકતંત્રી નહિ પણ સંઘીય વ્યવસ્થા સ્વીકારી એટલે સંઘના ઘટકો એવાં રાજ્યોની રચના કરવાનો પ્રશ્ન ઊભો થયો. અગાઉનાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યોના એકીકરણ થકી ઊભા થયેલા એકમોનું શરૂઆતમાં અ, બ, ક અને ડ એમ ચાર વર્ગોમાં વિભાજન કરવામાં આવ્યું.

આ ચારેય પ્રકારનાં રાજ્યોનો દરજ્જો એકસરખો ન હતો. જો કે એ સૌ ભારતીય સંઘના અભિન્ન ભાગ હતાં. ઈ.સ. 1950માં જ્યારે બંધારણનો અમલ શરૂ થયો, ત્યારે ભારત આ ચાર પ્રકારનાં રાજ્યોનો બનેલો સંઘ હતો. આ એક કામચલાઉ વ્યવસ્થા હતી. 'અ' પ્રકારના મદ્રાસ રાજ્યમાંથી તેલુગુભાષી પ્રદેશનું અલગ રાજ્ય - આંધ્રપ્રદેશ રચવા તેલુગુભાષી લોકોએ ઉગ્ર આંદોલન કર્યું. આ ઉગ્ર આંદોલનના કારણે કેન્દ્ર સરકારને તેમની માંગણી સ્વીકારવી પડી. પહેલી ઑક્ટોબર, 1953ના રોજ અલગ રાજ્ય આંધ્રપ્રદેશની રચના કરવામાં આવી. ત્યાર પછી ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવાની માંગણી સમગ્ર દેશમાં ઊઠી.

**આટલું જાણો**

1920ના દસકામાં ભારતીય રાષ્ટ્રીય મહાસભાએ કહ્યું હતું કે ભારતદેશ આઝાદ થશે, એટલે દરેક મોટા ભાષાકીય વિસ્તારને પોતાનું અલગ રાજ્ય હશે. આઝાદી પછી મહાસભાએ આ કાર્ય પૂરું કરવા માટે કોઈ પગલાં ન લીધાં, કારણકે ભારત ધર્મના આધારે વિભાજિત થઈ ચૂક્યો હતો. આઝાદી એક રાષ્ટ્રને નહીં, પરંતુ બે રાષ્ટ્રોને મળી હતી. દેશના ભાગલાના ફળ સ્વરૂપે હિંદુ-મુસ્લિમ વચ્ચે થયેલી હિંસામાં 10 લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. એટલે એ ચિંતા સ્વાભાવિક હતી કે શું આપણો દેશ ભાષાના આધારે આ રીતના બીજા ભાગલા સહન કરી શકશે ?

કેન્દ્ર સરકારે રાજ્યોની પુનર્રચનાનો અભ્યાસ કરી, જરૂરી ભલામણો કરવા 'રાજ્ય પુનર્રચનાપંચ'ની નિમણૂક કરી ભારતની સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલીને અધ્યક્ષપદે નીમવામાં આવ્યા. આ પંચનો અહેવાલ મળ્યા પછી સંસદમાં રાજ્યોની પુનર્રચના કરતો ખરડો પસાર થયો. પહેલી નવેમ્બર, 1956થી તેનો અમલ કરવામાં આવ્યો.

**પ્રવૃત્તિ**

ભારતનાં હાલનાં રાજ્યો અને તેમની ભાષાઓની યાદી તૈયાર કરો.

ચાર પ્રકારનાં રાજ્યો રદ કરીને ચૌદ રાજ્યો અને છ જેટલા કેન્દ્રશાસિત વિસ્તારોમાં રાજ્યોની પુનર્રચના કરવામાં આવી. આ ચૌદ રાજ્યો પૈકી મોટા ભાગનાં રાજ્યોની રચના ભાષાના ધોરણે થઈ હતી. પણ એમાં પંજાબ અને બૉમ્બે અપવાદ હતો. બૉમ્બે પ્રાંતમાં મરાઠી અને ગુજરાતી એમ બેભાષી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એની સામે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ભાષાને ધોરણે રાજ્યોની રચના કરવા માટેનું ઉગ્ર આંદોલન શરૂ થયું.

### મહાગુજરાત ચળવળ :

સંસદમાં દ્વિભાષી રાજ્યનો ઠરાવ સ્વીકારાયો, તે જ દિવસે અમદાવાદના લૉ કૉલેજના વિદ્યાર્થીઓની સભામાં પગલાં સમિતિની રચના કરવામાં આવી. વિદ્યાર્થીઓએ સ્વયંભૂ દેખાવો શરૂ કર્યા, જે ઘટનાએ આંદોલનને ધીમે-ધીમે ઉગ્ર બનાવ્યું.

### મહાગુજરાત ચળવળના રાહબર ઈન્દુલાલ યાજ્ઞિક :

મહાગુજરાતની આ ચળવળ ધીમે-ધીમે હિંસક બની. તોફાનો તથા ગોળીબારોથી લોકમત વધુ ઉશ્કેરાયો. આ આંદોલનને ઈન્દુલાલ યાજ્ઞિક, જયંતી દલાલ, બ્રહ્મકુમાર ભટ્ટ વગેરે નેતાઓનું માર્ગદર્શન મળ્યું. આ આંદોલન લોકઆંદોલન બન્યું અને સમગ્ર ગુજરાતમાં પ્રસર્યું.

ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ મહાગુજરાત માટે ચળવળ કરનાર બધા રાજકીય પક્ષોએ સપ્ટેમ્બર, 1956માં 'મહાગુજરાત જનતા પરિષદ'ની સ્થાપના કરી. ગુજરાતના અલગ રાજ્ય માટેની ચળવળ આ પરિષદે ચાલુ રાખી. લોકો રાષ્ટ્રીય નેતાઓની સભા વખતે જાતે બંધ પાળીને તેનો બહિષ્કાર કરતા. ઈન્દુલાલ યાજ્ઞિકને સાંભળવા લોકો ઊમટી પડતા હતા. આ રીતે લડત ઉગ્ર બનતી ગઈ. ઈન્દુલાલ યાજ્ઞિક 'જનતાના ચાચા' બન્યા.



**13.1 ઈન્દુલાલ યાજ્ઞિક : ગુજરાતની અસ્મિતાના સ્વપ્નદૃષ્ટા**

### ગુજરાત રાજ્યની સ્થાપના :

ઉગ્ર ચળવળના પરિણામે સંસદે 1960ના મુંબઈના દ્વિભાષી રાજ્યનું વિભાજન કરીને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની અલગ રચના કરી. નવા ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે થયું. 1 મે, 1960ના

રોજ મહારાજે સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે નવા ગુજરાત રાજ્યનો મંગળ પ્રારંભ કરાવી આશીર્વચન પાઠવ્યાં. ગુજરાતના પ્રથમ રાજ્યપાલ તરીકે મહેદી નવાઝ જંગ તથા મુખ્યમંત્રી તરીકે ડૉ. જીવરાજ મહેતાએ કાર્યભાર સંભાળ્યો.

**પ્રવૃત્તિ**

(1) બૉમ્બે શહેરનું હાલનું નામ મુંબઈ છે. ભારતનાં આવાં અન્ય શહેરો પણ છે, જેનું બીજું નામ હોય તેની યાદી તૈયાર કરો.

(2) હાલનું ગુજરાત રાજ્ય અત્યારે પણ મુંબઈ રાજ્ય હેઠળ હોય તો ?


**આટલું જાણો**

ગુજરાત અને મહારાષ્ટ્ર ભલે અલગ-અલગ રાજ્ય બન્યાં, પણ છેવટે તો આપણે સૌ એક જ ભારતદેશના વાસીઓ છીએ. સર્વ પ્રાંતોના લોકો આપણા દેશબંધુઓ છે. સૌની ભાષાઓ એ આપણી જ ભાષાઓ છે.

આપણે ગાંધીજીના અને સરદારશ્રીના વારસદારો છીએ, એટલે એમણે આપેલા વારસાને શોભાવીએ.

પ્રભુ આપણને ગાંધીમાર્ગે રાજ્ય ચલાવવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારોથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શક્તિ અને સદ્‌બુદ્ધિ આપે એવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ.

- રવિશંકર મહારાજ, સાબરમતી આશ્રમ, અમદાવાદ (1-5-1960)



**રવિશંકર મહારાજ**

- ઈ.સ. 2010માં ગુજરાત રાજ્યની સ્થાપનાને 50 વર્ષ પૂર્ણ થતાં આ વર્ષને 'સ્વર્ણિમ ગુજરાત' તરીકે ઊજવવામાં આવ્યું.

### ફ્રેન્ચ અને પોર્ટુગીઝ સંસ્થાઓનું ભારતસંઘ સાથે જોડાણ :

26 જાન્યુઆરી, 1950ના રોજ એક સ્વતંત્ર, સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ભારતનો ઉદય થયો, ત્યારે હજુ કેટલાક પ્રદેશો ફ્રેન્ચો અને પોર્ટુગીઝોના કબજા હેઠળ હતા.

**1. પૉંડિચેરીનું જોડાણ :** પૉંડિચેરી, કરૈકલ (તમિળનાડુ), માહે (કેરળ), યનામ (આંધ્રપ્રદેશ) અને ચંદ્રનગર (પ.બંગાળ) પર ફ્રેન્ચોનો અંકુશ હતો. આ વિસ્તારના લોકોની ઇચ્છા ભારતીય સંઘમાં ભળવાની હતી. એ માટે તેમણે ઉગ્ર ચળવળો ચલાવી. આ સ્વાતંત્ર્ય-ચળવળોને કચડી નાખવાનો પ્રયાસ ફ્રેન્ચોએ કર્યો. 1948માં પૉંડિચેરીમાં એક વિરાટ સભામાં લોકોએ ફ્રેન્ચોને 'હિંદછોડો'નું એલાન આપ્યું. આ પ્રશ્નનું શાંતિમય સમાધાન કરવા ભારત સરકારે ફ્રેન્ચ સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. છેવટે ફ્રેન્ચ સરકાર સહમત થઈ. 31મી ઑક્ટોબર, 1954ના રોજ આ ફ્રેન્ચ વસાહતો ભારતને સુપરત કરવામાં આવી.

**2. ગોવા, દીવ, દમણનું જોડાણ :** ફ્રેન્ચો કરતાં પોર્ટુગીઝો વધુ જક્કી નીકળ્યા. તેઓ ગોવાને પોર્ટુગીઝ સામ્રાજ્યની પ્રતીષ્ઠાના પ્રતીક રૂપે ગણતા હતા. સમજાવટ અને વાટાઘાટો દ્વારા આ પ્રદેશો ભારતને સોંપી દેવા ભારત સરકારે ખૂબ પ્રયાસો કર્યા. પણ સફળતા ન મળી. આ બાજુ ગોવાને ભારતમાં ભેળવવા માટેનું લોકઆંદોલન જોર પકડવા લાગ્યું. 15 ઑગસ્ટ, 1955ના રોજ યોજાયેલ ગોવામુક્તિ આંદોલન દરમિયાન હજારો લોકોએ ગોવા, દમણ, દીવમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો. તેમાં અથડામણમાં બસો જેટલા સત્યાગ્રહીઓ શહીદ થયા.

સત્યાગ્રહ અને સમજાવટ જેવા ઉપાયો કારગત નહિ નીવડે, એમ માનીને ભારત સરકારે ગોવાને મુક્ત કરવા 'ઑપરેશન વિજય' શરૂ કરવાનો નિર્ણય કર્યો. 17,18 ડિસેમ્બર, 1961ની મધ્યરાત્રિએ જનરલ ચૌધરીના નેતૃત્વ હેઠળ લશ્કરી અભિયાન શરૂ થયું. બીજા દિવસે બપોરે તો અભિયાન પૂર્ણ થયું. ભારતીય દળોએ ગોવા, દીવ અને દમણ કબજે કરીને, ત્યાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આમ, પશ્ચિમી સામ્રાજ્યના રહ્યાસહ્યા અવશેષો પણ ભારતની ધરતી પરથી દૂર થયા.

**વિચારો**

પોર્ટુગીઝ સામ્રાજ્ય સામે ભારતને શા માટે લશ્કરી કાર્યવાહી કરવી પડી ?

**આટલું જાણો**

- ઈ.સ. 1961થી 1987 સુધી દીવ, દમણ અને ગોવા કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યા.
- 12-8-1987થી ગોવાને રાજ્યનો દરજ્જો મળ્યો.

**પ્રવૃત્તિ**

(1) ફ્રેન્ચ અને પોર્ટુગીઝ કબજા હેઠળના પ્રદેશોની નકશાપૂર્તિ કરો.
(2) ગોવા, દીવ અને દમણ વચ્ચેનું અંતર નકશાના આધારે પ્રમાણમાપ વડે માપો.

**ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો :**

ભારત સ્વતંત્ર બનતાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો તંગ બન્યા છે. બંને દેશોની સરહદોના સીમાંકન અંગે સમાધાન થયું ન હોવાથી ભારતની સરહદે પાકિસ્તાનની ઘૂસણખોરી ચાલ્યા જ કરે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીરના પ્રશ્ને ભારે તંગદિલી પ્રવર્તે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ઈ.સ. 1948, 1965 અને 1971 એમ ત્રણ વાર યુદ્ધો થયાં છે,

જેમાં દરેક વખતે પાકિસ્તાન હારી ગયું. બંને દેશો વચ્ચે તાશ્કંદ-કરાર અને સિમલા-કરાર થયા. છતાં પાકિસ્તાન એ કરારોનું પાલન કરતું નથી. ઈ.સ. 1999માં જ્યારે પાકિસ્તાની દળો કારગિલ વિસ્તારમાં ઘૂસી આવ્યા ત્યારે નછૂટકે ભારતને લશ્કરી બળનો ઉપયોગ કરવો પડ્યો.

ઈ.સ. 1998માં ભારતે પરમાણુ-પરીક્ષણો કર્યાં. ત્યાર બાદ પાકિસ્તાને પણ પરમાણુ-પરીક્ષણો કર્યાં. આમ, હવે બંને દેશો પરમાણુશસ્ત્રો ધરાવતા દેશો બન્યા છે. સારા સંબંધો બાંધવાની ભારતે જેટલા પ્રમાણમાં ઉત્સુક્તા બતાવી છે, એનો યોગ્ય પ્રતિભાવ પાકિસ્તાને આપ્યો નથી, એ ખેદજનક બાબત છે.

### આજનું ભારત :

આઝાદીનાં 64 વર્ષો પછી આપણા દેશની વિકાસયાત્રા કેવી રહી ? બંધારણમાં નક્કી કરેલા આદર્શો આપણે કેટલે અંશે સિદ્ધ કર્યા છે ?

પંચવર્ષીય યોજનાઓના અમલ પછી ભારતમાં ઔદ્યોગિક વિકાસનો સાચા અર્થમાં પ્રારંભ થયો. સુતરાઉ કાપડ, ખાંડ, લોખંડ-પોલાદનો ઉદ્યોગ, ઈજનેરી, રસાયણ, કોલસા ઉદ્યોગ વગેરેનો સારો એવો વિકાસ થયો છે. ઔદ્યોગિક ચીજવસ્તુઓની બાબતમાં આપણે સ્વાવલંબી બન્યા છીએ. આ ઉપરાંત ઇલેક્ટ્રૉનિક્સ તથા ઊર્જા, ખનિજતેલ, કમ્પ્યૂટર, માઇક્રોચિપ્સ, ટેલિકમ્યુનિકેશન, સ્ટીલ, ખાતર, સિમેન્ટ અને પેટ્રોકૅમિકલ્સ જેવા ઉદ્યોગોને પણ વેગ મળ્યો છે.

ઘણાબધા વિદેશી વિવેચકો માનતા હતા કે ભારત એક રાષ્ટ્ર તરીકે વધુ સમય નહિ ટકે. કેટલાક લોકો માનતા હતા કે ભારત લશ્કરી શાસન હેઠળ આવી જશે. પરંતુ આ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ છે. ભારત આજદિન સુધી પ્રજાસત્તાક રાહ પર છે, જે ગૌરવ કરવા લાયક સફળતા છે. અહીંના લોકોની ભાષા અને ધર્મની વિવિધતા રાષ્ટ્રની એકતામાં બાધક બની નથી. ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, આંતરમાળખાકીય સુવિધાઓ, કૃષિ અને શૈક્ષણિક વિકાસમાં રાષ્ટ્રે પ્રગતિ સાધી છે.



**13.2 મરીનડ્રાઇવ, મુંબઈ અમીરવર્ગનો વસવાટ**



**13.3 મુંબઈમાં આવેલી ધારાવી દુનિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીમાંની એક છે.**

પરંતુ બીજી બાજુએ તે પણ સાચું છે કે આજે પણ જ્ઞાતિના ભેદભાવ જોવા મળે છે. બંધારણમાં ધર્મનિરપેક્ષતાનો આદર્શ સ્વીકાર્યો હોવા છતાં જુદા-જુદા ધાર્મિક સમૂહો વચ્ચે અથડામણ થાય છે. સૌથી વધુ પરેશાન કરતી બાબત એ છે કે ધનિક અને ગરીબવર્ગ વચ્ચે અંતર સતત વધતું રહ્યું છે. ભારતના અમુક સમૂહને આર્થિક વિકાસનો ઘણો ફાયદો થયો છે. તેઓ આલિશાન મકાનમાં રહે છે. બીજી બાજુ ઘણાબધા લોકો આજે પણ ગરીબીરેખા નીચે જીવે છે. શહેરની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ઘણા લોકો પોતાનાં બાળકોને શાળામાં પણ મોકલી શકતાં નથી. મોંઘવારી અને ભ્રષ્ટાચાર અસહ્ય રીતે વધી રહ્યા છે.

આપણું બંધારણ કાયદાની દૃષ્ટિએ બધાને સરખા ગણે છે, પરંતુ વાસ્તવિક જીવનમાં અમુક ભારતીય બીજાની સરખામણીએ વધુ શક્તિશાળી છે. સ્વતંત્રતાના સમયે નક્કી કરેલા આદર્શોની દૃષ્ટિએ જોઈએ, તો ભારતીય લોકશાહી બહુ મોટી સફળતાનો દાવો ન કરી શકે. પરંતુ એ પણ હકીકત છે કે તે નિષ્ફળ પણ નથી.

**મહાત્મા ગાંધીજીનાં અનુયાયી મીરાંબહેન (મિસ સ્લેડ) :**

આર્થિક નીતિઓને કારણે પર્યાવરણ પર પડેલી ખરાબ અસરો પર યોગ્ય ધ્યાન નથી આપવામાં આવ્યું. મીરાંબહેને 1949માં લખ્યું છે કે વિજ્ઞાન અને યંત્રો દ્વારા તેને (માનવતાને) અમુક સમય સુધી ઘણો ફાયદો થઈ શકે છે, પરંતુ અંતે તબાહી જ મળશે. આપણે કુદરતના સંતુલનનો અભ્યાસ કરીને, તેના નિયમો પ્રમાણે જીવન ચલાવવું જોઈએ. ત્યારે જ આપણે સ્વસ્થ અને સભ્ય પ્રજાતિના રૂપમાં જીવતા રહી શકીશું.



**13.4 મીરાંબહેન**

**વિચારો**

શું મીરાંબહેનની આ માન્યતા યોગ્ય હતી કે વિજ્ઞાન અને યંત્રો માનવસભ્યતા માટે મુશ્કેલીઓ ઊભી કરી દેશે ? આ મુદ્દા પર વર્ગમાં ચર્ચા કરો. આ ચર્ચામાં તમે ઔદ્યોગિક પ્રદૂષણ અને જંગલોના વિનાશથી આપણી દુનિયા પર થયેલી અસરો પર પણ વિચારો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) કેન્દ્ર સરકારને રાજ્યોની પુનર્રચના શા માટે કરવી પડી ?

(2) મહાગુજરાત ચળવળ શા માટે શરૂ થઈ ?

(3) 1950માં ફ્રેન્ચ શાસન હેઠળ ભારતના કયા-કયા વિસ્તાર હતા ?

(4) 1961માં પોર્ટુગીઝો સામે ભારત સરકારને શા માટે લશ્કરી કાર્યવાહી કરવી પડી ?

(5) ભારતની હાલની મુખ્ય સમસ્યાઓ કઈ-કઈ છે ?

**2. યોગ્ય જોડકાં જોડો :**


| (અ) | (બ) |
|---|---|
| (1) રાજ્ય પુનર્રચના પંચના અધ્યક્ષ | (1) રવિશંકર મહારાજ |
| (2) જનતાના ચાચા | (2) ડૉ. જીવરાજ મહેતા |
| (3) ગુજરાત રાજ્યના ઉદ્ઘાટક | (3) મહેદી નવાઝ જંગ |
| (4) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી | (4) ઈન્દુલાલ યાજ્ઞિક |
| (5) ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ | (5) ફઝલઅલી |

**3. પ્રોજેક્ટ :**

- ભારતનાં વર્તમાન રાજ્યો અને તેમનાં પાટનગર, રાજ્યનો નકશો, તે રાજ્યનું લોકજીવન, તે રાજ્યની વિશેષતા વગેરે માહિતી મેળવી સચિત્ર અહેવાલ તૈયાર કરો.

# 14

# ખંડ-પરિચય : આફ્રિકા અને એશિયા



14.1 આફ્રિકાખંડનો પ્રાકૃતિક નકશો

**'આફ્રિકન સફારી'**

અમદાવાદ શહેરમાં વિશ્વપ્રવાસ-મેળાનું આયોજન થયું હતું. અહીં જુદા-જુદા દેશની પ્રવાસન સંસ્થાઓ અને પ્રવાસન વિભાગ દ્વારા પોતાના દેશનો ઇતિહાસ, ભૂગોળ તથા સંસ્કૃતિને અનુલક્ષીને જોવાલાયક સ્થાનોનાં ચિત્રો અને માહિતી લોકોને પ્રચાર-પ્રસારનાં માધ્યમો દ્વારા અપાય છે. રાજુ પણ મમ્મીપપ્પા સાથે જોવા ગયેલો. ત્યાં અમે આફ્રિકા વિભાગમાં ઘણું બધું અવનવું જાણ્યું. ચાલો, તમને એના વિશે કહું.

**વિશ્વનો બીજા નંબરનો મોટોમાં મોટો ખંડ :**

આફ્રિકાખંડની લંબાઈ અને પહોળાઈ લગભગ સરખી છે. 2/3 વિસ્તાર વિષુવવૃત્તથી ઉત્તરમાં આવેલો છે. એટલે કે મોટા ભાગનો પ્રદેશ ઉષ્ણ કટિબંધમાં આવેલો છે.

**વિચારીને કહો :**

(1) કયા ભૂમિખંડ પરથી ત્રણેય મુખ્ય વૃત્તો પસાર થાય છે ?

(2) આફ્રિકાખંડ અને યુરોપખંડ કઈ સામુદ્રધુનીથી જુદા પડે છે ? નકશામાં જોઈને કહો.

(3) એશિયા, આફ્રિકાને કયા પ્રદેશથી જુદો કરી શકાય ? નકશામાં જોઈને કહો.

(4) આફ્રિકાખંડની આસપાસ કયા-કયા સમુદ્રો અને મહાસાગરો આવેલા છે, તે નકશો જોઈને કહો.

18મી સદીના અંત સુધી આફ્રિકાખંડ દુનિયાના લોકો માટે અજાણ હતો, તેથી તેને 'અંધારિયા ખંડ' તરીકે પણ ઓળખવામાં આવતો હતો. વાનરમાંથી માનવની યાત્રાની ખૂટતી કડીરૂપ અવશેષો નાઈલ નદીનાં તટ પરથી મળી આવ્યા હતા.

**જાણીને કહો**

બાર્થોલોમ્યુ ડાયેઝે ઈ.સ. 1493 માં 'કેપ ઑફ ગુડહોપ'ની ભૂશિર શોધી હતી. આ શોધનો ઉપયોગ વાસ્કો-દ-ગામાએ ઈ.સ. 1498માં ભારતમાં આવવાનો જળમાર્ગ શોધવા કર્યો હતો. તમે નકશો જુઓ અને શોધો, ક્યાં છે કેપ ઑફ ગુડ હોપની ભૂશિર ?

આફ્રિકાખંડનો મોટો ભાગ પૂર્વ ગોળાર્ધમાં આવેલો છે. તેનો વિસ્તાર વિશ્વના કુલ જમીનવિસ્તારના 20 ટકા જેટલો થાય છે. ત્રીસ હજાર કિમી જેટલો દરિયાકિનારો એ ખંડને મળ્યો છે.

**આફ્રિકાખંડના ભૂપૃષ્ઠીય ભાગોની વિશેષતાઓ :**



**1 કિલીમાન્ઝારો**



**2 સહરા રણ**

**14.2 આફ્રિકાખંડની વિશેષતાઓ**

આફ્રિકાખંડનું ભૂપૃષ્ઠ મોટા ભાગે ઉચ્ચપ્રદેશોનું બનેલું છે. જેમાં આફ્રિકાના વાયવ્ય ભાગમાં **ઍટલાસ પર્વત**ની હારમાળા આવેલી છે, જેમાં સૌથી ઊંચો પર્વત ઍટલાસ છે. એની ઊંચાઈ 3,965 મી છે. પૂર્વઆફ્રિકાની ગિરિમાળામાં આફ્રિકાનો સૌથી ઊંચો **પર્વત કિલિમાન્ઝારો** છે, જેની ઊંચાઈ 5,895 મી છે. આ પર્વત વિષુવવૃત્ત નજીક આવેલો હોવા છતાં, વધુ ઊંચાઈને લીધે તેના શિખરો હંમેશાં બરફથી છવાયેલા રહે છે. આ પર્વતો સિવાય દક્ષિણમાં સરેરાશ 915 મીથી વધુ ઊંચાઈ ધરાવતા ઉચ્ચપ્રદેશો આવેલા છે. જેમાં **ઈથોપિયાનો ઉચ્ચપ્રદેશ** 3050 મીટરની ઊંચાઈ ધરાવે છે.

ખંડના ઉત્તર ભાગમાં **સહરાનો વિશાળ રણપ્રદેશ** આવેલો છે, જે 90,65,000 ચોકિમી જેટલો વિસ્તાર ધરાવે છે. આ વિસ્તાર ખડકાળ ઉચ્ચપ્રદેશોથી સભર છે. પૂર્વ આફ્રિકામાં પૃથ્વીની આંતરિક હિલચાલને લીધે લગભગ 128 કિમી લાંબી ફાટખીણની રચના થઈ છે. આ ફાટખીણ વિશ્વની **સૌથી લાંબી ફાટખીણ** છે. તેમાં પાણી ભરાવાથી વિક્ટોરિયા, ચાડ, ટાંગાનિકા **સરોવરો**ની રચના થઈ છે.

### નદીઓ અને સરોવરો :

આફ્રિકામાં મોટા ભાગની નદીઓ મધ્યના ઉચ્ચપ્રદેશમાંથી નીકળીને સમુદ્રને મળે છે અને ઘણી બધી નદીઓ અંતસ્થઃ પણ છે. ખડકાળ પ્રદેશને લીધે જળમાર્ગ માટે બહુ ઉપયોગી નથી, પરંતુ જળધોધને લીધે જળવિદ્યુત માટે ઉપયોગી છે. આફ્રિકાની મુખ્ય નદીઓ નાઈલ, કૉંગો, નાઇઝર અને ઝાંબેઝી છે. સરોવરોમાં ન્યાસા, વિક્ટોરિયા, રુડોલ્ફ, ચાડ વગેરે છે.

**નાઈલ નદી :** **નાઈલ દુનિયાની સૌથી લાંબી નદી છે.** તેની લંબાઈ 6,436 કિમી છે. ઈથોપિયાના ઉચ્ચપ્રદેશોમાંથી નીકળી સુદાન અને ઇજિપ્તમાંથી વહીને ભૂમધ્ય સમુદ્રને મળે છે.



નાઈલ નદી



વિક્ટોરિયા સરોવર

**14.3 આફ્રિકાખંડની વિશેષતાઓ**

### આબોહવા અને વનસ્પતિ :

આફ્રિકામાં આબોહવા અને વરસાદની વિવિધતા છે. તે પ્રમાણે વનસ્પતિજીવનમાં પણ વિવિધતા જોવા મળે છે. ખંડમાં મુખ્યત્વે **વિષુવવૃત્તીય જંગલો** છે. અહીં અતિશય ગરમ, ભેજવાળી અને રોગિષ્ટ આબોહવા હોવાથી મૅહોગની (અબનૂસ), લૉગવૂડ, રૉઝવૂડ, આયર્નવૂડ ઉપરાંત રબર, સિંકોના તથા વાંસનાં વૃક્ષો પણ જોવા મળે છે.

ઉત્તરના ભાગોમાં વરસાદની માત્રા ઘટતા સવાના પ્રકારના ઘાસનાં મેદાનો જોવા મળે છે. તો સહરાના રણપ્રદેશમાં છૂટીછવાઈ કાંટાળી વનસ્પતિ થોર, બોરડી, ખજૂરી જોવા મળે છે. ભૂમધ્ય સમુદ્રકિનારાના વિસ્તારોમાં શિયાળામાં પણ વરસાદ અનુભવાય છે. અહીં ખાટાં-મીઠાં રસવાળા ફળોની ખેતી થાય છે, જેમાં નારંગી, લીંબું, પીચ, દ્રાક્ષ વગેરેનો સમાવેશ થાય છે.



વિષુવવૃત્તીય ગીચ જંગલોની વનસ્પતિ



મૅહોગની (અબનૂસ)



કાંટાળી વનસ્પતિ

**14.4 આફ્રિકાખંડની વનસ્પતિઓ**




14.5 આફ્રિકાખંડનો રાજકીય નકશો

**વિચારો**

નકશો જુઓ, અભ્યાસ કરો અને ખંડમાં આવેલા દેશોની યાદી બનાવો.



ઊંટ



હિપોપોટેમસ



સિંહ



સાબર

14.6 આફ્રિકાખંડનાં પ્રાણીઓ

**ચાલો જાણીએ**

આફ્રિકાખંડના વિષુવવૃત્તીય પ્રદેશોના ભાગોમાં ત્સે-ત્સે માખીનો ઉપદ્રવ છે, જે કરડતાં હાથીપગાનો રોગ થાય છે અને છેવટે તે મૃત્યુ પામે છે. અલબત્ત, વિજ્ઞાન અને ટેક્નોલૉજીની મદદથી માખી નાશ કરવાના પ્રયત્નો થયા છે.

**કૃષિ, ખનિજસંપત્તિ અને લોકો :** આફ્રિકાખંડમાં 70 ટકા ખેતી થાય છે. સામાન્ય પાક સાથે ચા, કૉફી, કોકો, રબર, તમાકુ વગેરે પાકો લેવાય છે. પૂર્વ આફ્રિકામાં માલાગાસી (માડાગાસ્કર) અને ઝાંઝીબાર ટાપુઓમાં લવિંગ, કૉફી, ડાંગર વગેરે પાકો થાય છે. ઝાંઝીબારને 'લવિંગનો ટાપુ' પણ કહેવાય છે.

આફ્રિકાખંડમાં સોનું, હીરા, તાંબું, યુરેનિયમ, મૅંગેનીઝ જેવી ખનિજો દ. આફ્રિકાના જોહાનિસબર્ગ, ટ્રાન્સવાલમાંથી તથા ખનિજતેલ ઈજિપ્ત અને લિબિયામાંથી મળી આવે છે.

આફ્રિકાનાં જંગલોમાં ઝૈર અને કૉંગો નદીકિનારે પિગ્મી તથા કલહરીના રણમાં બુશમેન સુદાનમાં સુદાનીઝ લોકો તથા કેન્યામાં બાન્ટુ અને ઈજિપ્તમાં ફેલ્લા જાતિના લોકો વસે છે.

## દેશ-પરિચય

**ઈજિપ્ત :** આરબ પ્રજાસત્તાક, વિશ્વના ઈતિહાસમાં ઈજિપ્ત એક અતિ પ્રાચીન દેશ તરીકે જાણીતો છે. નાઈલ નદીના કિનારે ઈજિપ્ત(મિસર)ની મહાન સંસ્કૃતિ વિકાસ પામી હતી. આ દેશ પિરામિડ અને સ્ફિંક્સ માટે જગવિખ્યાત છે. કર્કવૃત્ત તેના દક્ષિણ ભાગમાંથી પસાર થાય છે. ખજૂરી અને કપાસનું ઉત્પાદન વધુ થાય છે. 'કેરો' દેશનું પાટનગર તથા ઔદ્યોગિક શહેર છે. સુએઝ નહેરે એશિયા અને યુરોપને ખૂબ જ નજીક લાવી દીધા છે.

**દક્ષિણ આફ્રિકા :**

આફ્રિકાખંડની છેક દક્ષિણે મોટા ભાગે દક્ષિણ ગોળાર્ધનાં સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો દેશ છે. મુખ્યત્વે આ દેશ ખેતીપ્રધાન હતો, પરંતુ 1867માં વાલ નદી વિસ્તારમાં હીરા અને સોનાની ખાણો મળી આવતાં અર્થતંત્રમાં ઝડપી પરિવર્તનો થયાં. સમગ્ર વિશ્વમાં તે વિકસિત રાષ્ટ્ર તરીકે વિકસી આવ્યો. પ્રિટોરિયા તેની રાજધાની છે, પરંતુ ધારાગૃહો કેપટાઉનમાં બેસે છે. તે ઉપરાંત ડર્બન, જોહાનિસબર્ગ વગેરે મુખ્ય શહેરો છે.

પ્રવાસન-મેળામાં આપણા એશિયાખંડની માહિતી આપતું પ્રદર્શન છે. ચાલો, આપણે ત્યાં જઈને નિહાળીએ અને શીખીએ કેવો છે, આપણો આ એશિયાખંડ !

**એશિયાની અજાયબીઓ**



તાજમહાલ



ચીનની દીવાલ



બુર્ઝ ખલીફા

**14.7 એશિયાની અજાયબીઓ**

**સ્થાન :** $01^{\circ}$-16' થી $77^{\circ}$-43' ઉ.અ. અને $26^{\circ}$-04' પૂ.રે., $169^{\circ}$-40' પ.રે.

**સીમાઓ :** દક્ષિણે હિંદી મહાસાગર, પૂર્વમાં પૅસિફિક મહાસાગર, ઉત્તરમાં ભૂમધ્ય સમુદ્ર, વાયવ્યમાં યુરોપ અને નૈર્ઋત્યમાં આફ્રિકાખંડ.

**વિસ્તાર : 4,38,10,000 ચોકિમી**

એશિયાખંડના ભૂપૃષ્ઠમાં ઘણી વિવિધતાઓ જોવા મળે છે. ક્યાંક પર્વતો, વિશાળ ઉચ્ચપ્રદેશો, રણપ્રદેશો અને મેદાનો આવેલાં છે. નીચેનાં ચિત્રો જુઓ અને નકશામાં શોધો.



માઉન્ટ એવરેસ્ટ
વિશ્વનું સૌથી ઊંચું શિખર
(8848 મીટર)



દુનિયાનું છાપરું તિબ્બત
વિશ્વનો સૌથી ઊંચો ઉચ્ચપ્રદેશ




વિશ્વના વધુ વરસાદી ભાગો
મોનસીનરમ અને ચેરાપુંજી



સાઈબિરિયા : બરફ-આચ્છાદિત
વર્ખોયાન્સ્ક

**14.8 એશિયાની વિશેષતાઓ**

નીચે આપેલા એશિયાના પ્રાકૃતિક નકશાનો ઉપયોગ કરીને જરૂર જણાય, તો ઍટલાસનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો :




**14.9 એશિયાનો પ્રાકૃતિક નકશો**


| ક્રમ | ઉચ્ચપ્રદેશો | ક્રમ | મેદાનો | ક્રમ | દ્વીપસમૂહો |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**રણપ્રદેશો :**

એશિયામાં રણપ્રદેશો આવેલા છે. તેમાં ગોબીનું રણ, અરેબિયાનું રણ, થરનું રણ વગેરે આવેલાં છે.



કચ્છનું રણ



ગોબીનું રણ

**14.10 રણપ્રદેશો**



મૃતસમુદ્ર




દલસરોવર

**14.11 સરોવરો**

*મૃતસમુદ્રમાં શાથી ડૂબી જવાતું નથી ? વિચારો અને નોંધો.*

| |
|---|
| |
| |
| |
| |

નીચે એશિયાની આબોહવા દર્શાવતો નકશો આપેલ છે, તેને જુઓ અને વિચારીને અર્થઘટન કરો :






**14.12 એશિયા : આબોહવા**

**એશિયા : આબોહવા**

વિચારીને કહો એશિયામાં સૌથી વધુ વરસાદ અને સૌથી ઓછો વરસાદ ક્યાં પડે છે ? સૌથી વધારે ઠંડી અને ગરમી ક્યાં પડે છે ? તે શોધો.

## એશિયામાં વનસ્પતિ અને પ્રાણીજીવન :





**14.13 એશિયાનો વનસ્પતિ અને પ્રાણીજીવનનો નકશો**

## એશિયાની નદીઓ :

એશિયામાં મુખ્યત્વે ઓબ, યેનેસી, લીના, આમૂર, હ્વાંગહો, યાંગત્સેક્યાંગ, સિક્યાંગ અને મેકોંગ, ઇરાવદી, બ્રહ્મપુત્ર, ગંગા, યમુના, સિંધુ વગેરે નદીઓ આવેલી છે. તે ઉપરાંત કેટલીક નદીઓ નકશામાં છે. નકશામાં જોઈને નીચેનું કોષ્ટક પૂરો. કઈ નદી ક્યાંથી નીકળી, કયા સમુદ્રને મળે છે ?




14.14 એશિયાની નદીઓ

### નીચે આપેલા કોષ્ટકમાં નકશાની મદદથી ખાલી જગ્યા પૂરો.

| ક્રમ | નદી | કયા સમુદ્રને મળે છે ? |
|---|---|---|
| 1 | ગંગા | |
| 2 | લીના | |
| 3 | મેંકોંગ | |
| 4 | સિંધુ | |

| ક્રમ | ખારાં પાણીનાં સરોવરો | ક્રમ | મીઠાં પાણીનાં સરોવરો |
|---|---|---|---|
| 1 | કાસ્પિયન | 1 | બૈકલ (કઝાકિસ્તાન) |
| 2 | મૃત (જૉર્ડન) | 2 | વુલર |
| 3 | ચિલ્કા (ભારત) | 3 | દલ |
| 4 | પુલિકટ (ભારત) | 4 | ઢેબર |
| | | 5 | તોનલેસેપ (કંબોડિયા) |
| | | 6 | ટોંગકિંગ (ચીન) |

એશિયાના નકશામાં દર્શાવેલ વનસ્પતિ વિભાગો પ્રમાણે કેટલાક વનસ્પતિનાં ચિત્રો અને નામ આપેલાં છે તે ચિત્ર નીચે પ્રદેશનું નામ લખો.










**14.15 એશિયાની વનસ્પતિઓ**


## પ્રાણીજીવન

| ક્રમ | ઠંડા પ્રદેશનાં પ્રાણીઓ | પાલતુ પ્રાણીઓ | ગરમ રણપ્રદેશનાં પ્રાણીઓ | જળચર પ્રાણીઓ |
|---|---|---|---|---|
| 1 | સફેદ રીંછ, વરુ | ગાય | ઊંટ, ઘોડા, ગધેડાં | સીલ |
| 2 | મસ્કરેટ, સેબલ | ભેંસ | ખચ્ચર | વૉલરસ |
| 3 | રેકુન, બીવર | બળદ | ઘુડખર | બુમલા |
| 4 | રેન્ડિયર | ઊંટ | બે ખૂંધવાળું ઊંટ | હેરિંગ |
| 5 | કેરિબુ, કૂતરા | ઘેટાંબકરાં | | સાલમન |
| 6 | યાક | | | |

## એશિયાના લોકો :

દુનિયાની કુલ વસતિની અડધી વસતિ એશિયાખંડમાં વસે છે. ઉત્તરના ઠંડા પ્રદેશના લોકો માંસાહાર, દરિયાકિનારે વસતા લોકો સમુદ્રી ખોરાક (સીફૂડ) અને મોસમી આબોહવા ધરાવતા લોકો ઘઉં અને દૂધનો ઉપયોગ કરે છે.

નીચેના નકશામાં એશિયાના લોકોનાં ચિત્રો આપેલાં છે. તે મુજબ ત્યાંના લોકોના પહેરવેશનાં ચિત્રો આપેલાં છે. તેની નીચેના બૉક્ષમાં જે-તે પ્રદેશનું નામ લખો.




**14.16 એશિયાનું લોકજીવન**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| | | | |

## રહેઠાણ







ઉપરનાં ચિત્ર મુજબનાં રહેઠાણો એશિયામાં ક્યાં હોઈ શકે, તે નકશામાં શોધો અને તમારી નોટબુકમાં નોંધ તૈયાર કરો.

### ભારતના પડોશી દેશો :

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, મ્યાનમાર, શ્રીલંકા વગેરે દેશોના સમૂહને ભારતીય ઉપમહાદ્વીપ કે ઉપખંડ (Indian Subcontinent) તરીકે ઓળખવામાં આવે છે. તેનું ભૌગોલિક અને વ્યૂહાત્મક સ્થાન એક આગવી ઓળખ ઊભી કરે છે.

**(1) પાકિસ્તાન :** ભારતની સાથે જ સ્વતંત્ર થયેલો પડોશી દેશ 'ઈસ્લામિક રાષ્ટ્ર' તરીકે જાહેર થયું છે. ઈસ્લામાબાદ તેની રાજધાની છે. હિંદુકુશમાં આવેલો ખૈબરઘાટનો પર્વતીય માર્ગ અહીં આવેલો છે. બારેમાસ વહેતી સિંધુ નદીના પાણીએ પાકિસ્તાનમાં કૃષિક્રાંતિ સર્જી છે. કપાસ પાકિસ્તાનનો સૌથી મહત્ત્વનો પાક છે.

**(2) બાંગ્લાદેશ :** એશિયાના ગીચ વસતિ ધરાવતા દેશો પૈકી બાંગ્લાદેશ એક છે. બાંગ્લાદેશનું ભૂપૃષ્ઠ નદીઓનાં નીચા કાંપનાં મેદાનો અને મુખત્રિકોણપ્રદેશનું બનેલું છે. પદ્મા (ગંગા), મેઘના (બ્રહ્મપુત્ર) તેની મુખ્ય નદીઓ છે અને પરિવહનમાં જળમાર્ગોનો વિકાસ વધુ થયો છે. બાંગ્લાદેશમાં ડાંગર અને શણની ખેતી વધુ થાય છે. રાજધાની ઢાકા શણના ઉદ્યોગ માટે વિખ્યાત છે.

**(3) નેપાળ :** હિમાલયની ગિરિમાળાઓ વચ્ચે આવેલો ચારે બાજુથી ભૂમિભાગથી ઘેરાયેલો દેશ. કાઠમંડુ, જેની રાજધાની છે. 40 % વિસ્તારમાં જંગલોને લીધે માત્ર 16 ટકા ખેતીલાયક જમીનમાં ડાંગર, ચા, કપાસ, ઈલાયચીની ખેતી કરવામાં આવે છે.

**(4) ભૂતાન :** (The Land of Thunder Dragon) અંગ્રેજો તેને 'વ્રજદાનવોની વિહારભૂમિ' તરીકે ઓળખાવતા, કારણકે ચારે બાજુનું પહાડી ભૂપૃષ્ઠ આ દેશના વિકાસ માટે અંતરાયરૂપ બનેલ છે. તેમ છતાં ભારત દેશના સહયોગથી ભૂતાન વિકાસ કરી રહ્યું છે. અહીંના લોકો મુખ્યત્વે બૌદ્ધધર્મ પાળે છે. યાક અહીંનું વિશિષ્ટ પ્રાણી છે. થીમ્પુ તેની રાજધાની છે.

**(5) શ્રીલંકા :** સિલોન કે સિંહલદ્વીપ તરીકે ભૂતકાળમાં ઓળખાતો ટાપુમય દેશ ભારતની મુખ્ય ભૂમિથી ઉત્તરમાં પાલ્કની સામુદ્રધુની અને પશ્ચિમમાં મનારના અખાતથી જુદો પડે છે. કોલંબો તેની રાજધાની છે. આટલા નાના ટાપુમાં 104 કરતાં વધુ નદીઓ આવેલી છે, જેમાં મહાવેલી ગંગા સૌથી મોટી છે. વિષુવવૃત્તથી નજીક

આવેલો હોવાથી અહીં ઉષ્ણકટિબંધીય આબોહવા અનુભવાય છે. ખેતીમાં ચોખા અને ચાનું ઉત્પાદન વધુ થાય છે. તેને આઈલૅન્ડ ઑફ જેમ્સ (રત્નદ્વીપ) અથવા ‘પૂર્વનાં મોતી’ તરીકે ઓળખવામાં આવે છે. અહીં સિંહાલી અને તમિળ બે ભાષાજૂથો જોવા મળે છે.

**(6) મ્યાનમાર :** આરાકાન યોમા પર્વતમાળા અને ઈરાવદી નદીનો તે પ્રદેશ છે. મ્યાનમાર ખનિજતેલનો ઉત્પાદક અને ભારત તેનો ગ્રાહક દેશ છે. તેમ છતાં વિષમ આબોહવાને લીધે મોટા પાયા પર ઉદ્યોગોનો વિકાસ થયો નથી. રંગૂન તેની રાજધાની છે. અહીં જળમાર્ગોનું મહત્ત્વ વધારે છે. ડાંગરનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો ટૂંકમાં આપો :**

(1) એશિયાખંડની ઉત્તર-દક્ષિણ તથા પૂર્વમાં કયા-કયા મહાસાગરો આવેલા છે ?

(2) આર્કટિક મહાસાગરને મળતી નદીઓ જળમાર્ગ માટે ઉપયોગી કેમ નથી ? જણાવો.

**2. એશિયાખંડના ભૂપૃષ્ઠને આધારે નીચે દર્શાવેલ લંબચોરસમાં ‘ક’, ‘ખ’ અને ‘ગ’ની માહિતી તૈયાર કરો.**

| રણપ્રદેશો ‘ક’ | મેદાનપ્રદેશો ‘ખ’ | ઉચ્ચપ્રદેશો ‘ગ’ |
|---|---|---|
| ______ | ______ | ______ |
| ______ | ______ | ______ |
| ______ | ______ | ______ |
| ______ | ______ | ______ |
| ______ | ______ | ______ |

**3. દુનિયાના રાજકીય નકશાનો અભ્યાસ કરી નીચેની વિગત ભરો :**

**દુનિયાના કયા-કયા ખંડો દરિયાઈ સીમા ધરાવે છે, તે નકશાને આધારે લખો.**

______

______

______

______

**નીચે લખેલ ભૂમિખંડ એશિયાથી કઈ દિશામાં આવેલ છે તે લખો.**

| ખંડનું નામ | એશિયાથી કઈ દિશામાં ? |
|---|---|
| (1) યુરોપ | ______ |
| (2) આફ્રિકા | ______ |
| (3) ઑસ્ટ્રેલિયા | ______ |

**4.** એશિયામાં આવેલા મીઠાં પાણીનાં સરોવરોનાં નામ જણાવો.

**5.** એશિયાના દેશોનો રાજકીય નકશો જોઈ યાદી બનાવો.

**6. નીચે આપેલાં વિધાનોમાં સાચાં વિધાનની સામે આપેલ ☐ માં √નું તથા ખોટા વિધાનની સામે આપેલ ☐ માં ✕ નું ચિહ્ન કરો.**

(1) એશિયાખંડ પૃથ્વીના દક્ષિણગોળાર્ધમાં આવેલો છે. ☐

(2) ઉનાળામાં મધ્ય એશિયામાં તાપમાન ઊંચું રહે છે. ☐

(3) શિયાળામાં અરબ સાગર પરથી વાતા પવનો વરસાદ લાવે છે. ☐

(4) ચેરાપુંજી ભારતના અસમ રાજ્યમાં આવેલું છે. ☐

(5) જાપાની લોકો ચામડાના તંબૂમાં રહે છે. ☐

(6) હિમાલયના પ્રદેશમાં ઊંટનો ઉપયોગ માલવહન માટે થાય છે. ☐

(7) આરબ લોકો ઉનાળામાં ગરમ કપડાં પહેરે છે. ☐

**7. મને ઓળખો :**

(1) હું આફ્રિકા અને ગીરનાં જંગલમાં રહું છું. ....................................

(2) હું દરિયાકિનારાનું વૃક્ષ છું. ....................................

(3) હું ખેતી માટે ઉપયોગી પશુ છું. ....................................

(4) હું વિષુવવૃત્તીય પ્રદેશમાં થતું મુખ્ય વૃક્ષ છું. ....................................

**8. નીચે આપેલા ટૂંકા પ્રશ્નોના જવાબ આપો :**

(1) એશિયામાં ગરમ અને ઠંડા પ્રદેશોને ‘રણપ્રદેશો’ પણ કહેવામાં આવે છેડ તેનાં નામો જણાવો.

(2) ભારતના પડોશી દેશોનાં નામ જણાવો.

(3) એશિયાના લોકોનાં વિવિધ રહેઠાણોમાં તમને સૌથી વધારે ગમતાં હોય તેવાં રહેઠાણોનાં નામ જણાવો.

(4) એશિયામાં જોવા મળતાં પ્રાણીઓનાં નામ જણાવો.

# પુનરાવર્તન 2 (એકમ-1થી 14)

## ચાલો, ફરીથી યાદ કરી લઈએ :

- ભારતના ધાર્મિક-સામાજિક ક્રાન્તિના પ્રણેતાઓ જેમકે, દયાનંદ સરસ્વતી
- પ્રદૂષણ અને તેનાં કારણો
- પ્રદૂષણ કેવી રીતે ફેલાય છે ?
- આપણે પ્રદૂષણ કેવી રીતે રોકી શકીશું ?
- રાષ્ટ્રવાદનો ઉદય અને વિકાસ
- સર્વોચ્ચ અદાલત એટલે સુપ્રીમ કોર્ટ
- ભારતના ક્રાન્તિવીરો
- વસતિવિસ્ફોટઃ સમસ્યા અને શક્તિનો સ્રોત
- ગાંધીજી અને તેમનાં આંદોલનો
- ભારતની સમસ્યા અને ઉપાયો
- 'અર્થવ્યવસ્થા' એટલે શું ?
- આઝાદી કેવી રીતે મળી ?
- વિશ્વની સંસ્થાઓ : સંયુક્ત રાષ્ટ્ર
- હિન્દુસ્તાનનું વિભાજન અને રજવાડાઓનું વિલિનીકરણ
- આપણો ખંડ એશિયા અને આફ્રિકન સફારી

## ચાલો સમજીએ :

- ધાર્મિક સામાજિક રૂઢિચુસ્તતાનાં કારણો
- પર્યાવરણીય પ્રદૂષણ
- પર્યાવરણીય પ્રદૂષણનાં કારણો
- રાષ્ટ્રવાદ
- રાષ્ટ્રવાદ અને ભારતનો ભવ્ય વારસો
- ભારતની સુપ્રીમ કોર્ટ અને ન્યાયવ્યવસ્થા
- ક્રાન્તિવીરોનું યોગદાન
- માનવ-એક સંસાધન સ્વરૂપે

- ગાંધીજી અને સત્યાગ્રહ
- ભ્રષ્ટાચાર, મોંઘવારી, ગરીબી, આતંકવાદ - સંકલ્પનાઓની સ્પષ્ટતા
- રૂપિયાની યાત્રા
- સ્વતંત્રતા
- સંયુક્ત રાષ્ટ્ર અને તેની સંસ્થાઓ
- ભારત : આઝાદી પહેલાં અને પછી
- એશિયા અને આફ્રિકાની પ્રાકૃતિક અને માનવીય વિશેષતાઓ

**ચાલો વિચારીએ :**

- આપણા સમાજના કુરિવાજો અને અંધશ્રદ્ધા કેવી રીતે દૂર કરી શકાય ?
- શું તમને લાગે છે કે ફટાકડા ફોડવાથી અને લાઉડસ્પીકરો વગાડવાથી કયા પ્રકારનું પ્રદૂષણ થતું હોય ?
- સુભાષચંદ્ર બોઝની જગ્યાએ તમે હોત તો શું કરત ?
- ફાંસીનો કાયદો ચાલુ રાખવો જોઈએ કે બંધ કરવો જોઈએ ? શા માટે ?
- આઝાદ હિંદ ફોજ માટે તમે કેવો ધ્વજ પસંદ કરશો ?
- 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' (સાચું કે ખોટું ?) શા માટે ?
- ગાંધીજીનો સત્યાગ્રહનો માર્ગ તમને કેવો લાગ્યો ?
- તમે આતંકવાદીઓ વચ્ચે ફસાઈ જાઓ, તો શું કરશો ?
- તમને સંયુક્ત રાષ્ટ્રોના વડા બનાવવામાં આવે તો ?

**ચાલો જાતે કરીએ :**

- શાળાના જળસ્રોતની તપાસ કરવી.
- એશિયા અને આફ્રિકાખંડનો નકશો મેળવી તેનાં મોટાં શહેરોની યાદી બનાવો.
- વસતિગણતરી કરવા કેવા-કેવા પ્રશ્નો પૂછશો તેની યાદી કરો.
- રાષ્ટ્રિય એકતા માટે તમે કયા-કયા પ્રયત્નો કરશો, તેની યાદી તૈયાર કરો.

• • •